
# ખોજ

## જીવન એક અવિરત ખોજ

સપ્ટેમ્બર-ઑક્ટોબર ૨૦૧૦
વર્ષ ૪ અંક ૫



# અયોધ્યા ચુકાદો :

## ઊંડો હાશકારો... એક મોકો

आ नो भद्रा क्रतवः यन्तु विश्वतः।

-ऋग्वेद

*Whence this creation has come*
*He who is its surveyor in heaven*
*he alone knoweth*
*And yet doth he know?*

*- Rig Ved*

*The gods did not reveal, from the beginning*
*All things to us; but in the course of time,*
*Through seeking we may learn, and know things better.*
*But as for certain truth, no man has known it,*
*Nor will he know it; neither of the gods,*
*Nor yet of all the things of which I speak.*
*And even if by chance he were to utter*
*The perfect truth, he would himself not know it,*
*for all is but a woven web of guesses.*

*-Xenophanes*

*A Greek bard, 570-475 B.C.*

# ખોજ

## જીવન એક અવિરત ખોજ

સપ્ટેમ્બર - ઑક્ટોબર ૨૦૧૦
વર્ષ ૪, અંક ૫


| | | |
|---|---|---|
| સંપાદકીય | તૃપ્તિ પારેખ | ૪ |
| ખોજ : એક વિશિષ્ટ સામયિક | શિરીષ પંચાલ | |
| સુરતના ‘નકસલ’ કેસમાં હાઈકોર્ટના જામીન | અંબરીષ મહેતા | ૬ |
| જીવંત સ્વનિર્ભર સમુદાયોની શાળાઓ. . . | નંદન નિલકણી | ૭ |
| ગરીબોની શાળાઓ બંધ કરવી ગુનાઇત છે | ગુરુચરન દાસ | ૮ |
| ‘ઓનર કિલીંગ’ - કાયદાના આટાપાટામાં | અશ્વિનકુમાર કારીઆ | ૧૦ |
| અયોધ્યા ચુકાદો : ઊંડો હાશકારો . . . | રાજેશ મિશ્રા | ૧૧ |
| અયોધ્યા પૂછે છે, આ શોરબકોર શાનો? | | ૧૯ |
| અયોધ્યા સમસ્યા- ઇસ્તંબુલનો અનુકરણીય દાખલો | જસવંત બી. મહેતા | ૨૦ |
| કાશ્મીર સમસ્યા : અંત કે હિંસક પુનર્જન્મ ? | વજાહત હબીબુલ્લાહ | ૨૪ |
| મુઠ્ઠીઓ ખુલ્લી કરી દો . . . | સઇદા હમીદ | ૨૬ |
| કાશ્મિરી યુવાવર્ગ અને શાંતિની સંભાવના | અસગર અલી એન્જિનીયર | ૨૭ |
| વિદેશનીતિ : સરદારનો અભિગમ અને અભિપ્રાય | ગજેન્દ્રસિંહ પી. જાડેજા | ૩૦ |
| સર્વેષામ્ અવિરોધન | ગોવિંદભાઈ રાવલ | ૩૬ |
| લેબલવિહોણા | ગુલાબ ભેડા | ૩૮ |
| ઇશ્વર ક્યાં છે? | | ૪૦ |
| મુક્તિની ખોજ | બકુલા ઘાસવાલા | ૪૨ |


**સંપાદક**
અંબરીષ મહેતા

**સંપાદક મંડળ**
તૃપ્તિ પારેખ
અનિલ પટેલ
રાજેશ મિશ્રા

**પરામર્શ સમિતિ**
રશ્મિ કાપડિયા
દક્ષા પટેલ
મહેન્દ્ર ચોટલિયા
સુદર્શન આયંગાર
કિરીટ પાનવાલા
અપર્ણા કડીકર
નિમિષા શુકલ
પાર્થ શાહ
ચ.અ. પ્રિયદર્શી

**આલેખન-સજાવટ**
જરીન જોષી

કવર પેજ પરનો
સરયુ નદીના કાંઠે અયોધ્યાનો
ફોટોગ્રાફ લખનૌના
ફોટો-જર્નાલીસ્ટ નિરાલા ત્રિપાઠી
પાસેથી સાભાર

લવાજમ :
વાર્ષિક રૂા. ૧૫૦/-
દ્વિવાર્ષિક રૂા. ૨૫૦/-
પાંચ વર્ષ રૂા. ૬૫૦/-
સહયોગ રાશિના ચેક / ડી.ડી.
એકશન રિસર્ચ ઈન કોમ્યુનિટી હેલ્થ એન્ડ ડેવલપમેન્ટના નામે મોકલવા વિનંતી છે.
બહારગામના ચેકો પર બેંક કમિશનના ૪૦ રૂપિયા ઉમેરવા. પત્રવ્યવહાર/લવાજમ મોકલતી વખતે પોતાના સરનામા સાથે ફોન નંબર અચૂક લખવા.

સંપર્ક :
આર્ચ, ઈ-૭૦૨, સામ્રાજ્ય કોમ્પ્લેક્ષ,
ફતેગંજ પોસ્ટ ઓફિસ પાસે, ફતેગંજ,
વડોદરા - ૩૯૦૦૦૨, ગુજરાત.
ફોન : ૦૨૬૫ ૨૭૮૨૦૫૩
ઈ-મેઈલ : m_ambrish@hotmail.com
truptiparekh1@hotmail.com

‘ખોજ’માં પ્રસિદ્ધ થતાં મંતવ્યો સાથે સંપાદક મંડળ સહમત હોય એ જરૂરી નથી.

## સંપાદકીય


સપ્ટેમ્બરનો અંત નજીક આવતો જતો હતો અને દેશ આખો ઊભડક જીવે અને ધડકતા દિલે રાહ જોઈ રહ્યો હતો- બાબરી મસ્જિદ - રામ જન્મભૂમિ વિવાદના ચુકાદાની. ચુકાદો શું આવશે અને એના શા પ્રત્યાઘાત પડશે એ અંગેની અટકળો ચાલી રહી હતી. વાર-તહેવારે 'લીક' થતા દિલધડક સમાચારોની જેમ ચુકાદો છેલ્લી ઘડી સુધી 'લીક' ના થયો એ તાજ્જુબની વાત હતી. અગત્યની વાત એ હતી કે બન્ને પક્ષ તરફથી 'કોર્ટનો ચુકાદો શિરોમાન્ય'ની દુહાઈ દેવાતી હતી. છેવટે ૩૦ સપ્ટેમ્બરે ચુકાદો આવ્યો, ત્યારે સૌનો પહેલો પ્રતિભાવ રાહતનો દમ ખેંચવાનો હતો.

આ કેસ આમ તો હતો માલિકી હક્કના દાવાનો. છેલ્લા ૬ દાયકામાં કરવામાં આવેલા કુલ ૪ દાવાઓમાં ૧૦૦થી વધુ મુદ્દાઓ સંકળાયેલા હતા. પણ મુખ્ય મુદ્દા હતા : ૧૫૨૮માં જ્યારે બાબરી મસ્જિદ બાંધવામાં આવી, ત્યારે ત્યાં કોઈ મંદિર હતું અને એને તોડીને મસ્જિદ બાંધવામાં આવેલી?; શું વિવાદાસ્પદ જગ્યા રામની અસલ જન્મભૂમિ હતી?; શું ૨૨-૨૩ ડિસેમ્બર ૧૯૪૯ની રાત્રે મસ્જિદના ગર્ભદ્વારમાં મૂર્તિઓ ચોરીછૂપીથી મૂકવામાં આવેલી? શું વિવાદાસ્પદ જગ્યા બાબરી મસ્જિદની માલિકીની હતી અને આસપાસની જગ્યા જાહેર મુસ્લિમ કબ્રસ્તાનની હતી? વગેરે. અલ્હાબાદ હાઈકોર્ટના ત્રણે ન્યાયમૂર્તિઓએ અઢળક સાહિત્ય, અભ્યાસો, અસંખ્ય દસ્તાવેજો, પુરાતત્ત્વ વિભાગના અભ્યાસો વગેરે પુષ્કળ પુરાવાઓનો અભ્યાસ કર્યા બાદ, કારણો સાથે, પોતપોતાની અલગ અલગ વિસ્તૃત નોંધ અને તારણો લખ્યાં છે, જે હુકમના ભાગરૂપ છે. ત્રણે ન્યાયમૂર્તિઓનાં મંતવ્યો અમુક અંશે અલગ છે, પરંતુ મુખ્ય તારણોમાં સહમતી છે, જેમ કે મસ્જિદના સ્થળે પહેલા કોઈ દેવસ્થાન હતું એ અંગે સહમતી છે; પરંતુ એ તોડીને મસ્જિદ બાંધવામાં આવેલ કે એના અવશેષોની ઉપર મસ્જિદ બાંધવામાં આવેલી એ બાબતે મતભેદ છે. એ બાબતે સહમતી છે કે ૨૨/૨૩ ડિસેમ્બર ૧૯૪૯ની રાત્રે મૂર્તિઓ મસ્જિદના ગર્ભદ્વારમાં મૂકવામાં આવેલી. પરંતુ મસ્જિદનું ગર્ભદ્વાર રામનું અસલ જન્મસ્થળ હતું કે નહીં એના પર પુરાવાના અભાવે સહમતી નથી; તેમ છતાં એ બાબતે સહમતી છે કે ૧૯૪૯ પહેલા દાયકાઓથી હિન્દુઓમાં એ માન્યતા/આસ્થા પ્રવર્તતી હતી કે એ જ સ્થળ રામજન્મ સ્થળ હતું. ઉપરાંત, ૧૮૫૫ પહેલાંથી રામ ચબૂતરા અને સીતા રસોઈ બાંધવામાં આવેલાં અને ત્યાં હિન્દુઓ પુજા કરતા, એ જ પ્રમાણે બાબરી મસ્જિદમાં મુસ્લિમો ધાર્મિક વિધિ કરતા એ બાબતે સહમતી છે. બે ન્યાયમૂર્તિઓએ બહુમતીથી આપેલા આખરી હુકમમાં એ સ્પષ્ટ રીતે સ્વીકારવામાં આવ્યું છે કે બાબરી મસ્જિદના અલગ અલગ ભાગમાં હિન્દુઓ અને મુસ્લિમો બન્ને કબજો ધરાવતા અને પોતપોતાની ધાર્મિક ક્રિયા કરતા, ઉપરાંત નિર્મોહી અખાડાનો પણ કબજો હોવાનું સ્વીકારાયું. તેથી ત્રણેને સંયુકત ખાતેદાર (joint title holders) તરીકે જાહેર કરવામાં આવ્યા, અને આખા પરિસરને ત્રણ સરખા ભાગમાં (જેમાં મૂર્તિઓ ધરાવતો મસ્જિદનો ગર્ભભાગ હિન્દુઓને મળે એ રીતે) વહેંચીને ત્રણે પક્ષોને ફાળવવાનો આખરી હુકમ કરવામાં આવ્યો. ૧૮૮૫થી ચાલતા વિવાદનો આમ આ ચુકાદો અંત લાવે છે. જોકે મુખ્ય બન્ને પક્ષ સુપ્રીમમાં અપીલ કરવાના છે. તેથી હવે સુપ્રીમ કોર્ટના આંગણમાં આ સવાલ પરનો છેવટનો નિર્ણય થશે. પણ એક વાત નક્કી કે આપણે આટલા સંવેદનશીલ પ્રશ્નનો નિવેડો કાયદાકીય પ્રક્રિયાથી લાવી શકીશું એ આપણા દેશની, જનતાની બહુ મોટી જીત હશે.

અલબત્ત, કેટલાકના મતે આ ચુકાદો પુરાવા આધારિત ન હોઈ, ન્યાયિક નથી, પરંતુ આસ્થા પર આધારિત, પંચાયતી ચુકાદો છે. બીજી બાજુ, આમ જનતા તેમજ મોટાભાગના મુસ્લિમો, બૌદ્ધિકો સહિત, ઘણાએ આ ચુકાદાને આવકાર્યો છે અને રાહતનો દમ ખેંચ્યો છે. રાજેશે એના લેખમાં ચુકાદા અંગેનાં દેશવ્યાપી મંતવ્યો તેમજ તળના પ્રતિભાવોને પોતાની આગવી શૈલીમાં આલેખીને આ ચુકાદાને એક મોકો બનાવી આગળ વધવાનો માર્ગ ચર્ચ્યો છે. મુંબઈના શ્રી જસવંત મહેતાએ પોતાની નાની પુસ્તિકા (૧૯૯૬)માં સોફિયા મસ્જિદને મ્યુઝિયમ જેવા બિન-સાંપ્રદાયિક જાહેર સ્થળમાં ફેરવીને તુર્કસ્તાન જેવા દેશે કેવી રીતે ધર્મ-ધર્મ વચ્ચેની કટુતા અને વૈમનસ્યને સ્થાને સામંજસ્ય સ્થાપ્યું એનું બહુ સરસ ઉદાહરણ ચર્ચેલું, એને સારવીને અહીં આપીએ છીએ. ધાર્મિક કટુતાને સ્થાને ધાર્મિક સામંજસ્યના આવા ઘણા પ્રયોગો થઈ શકે. એમ કરવું એ સમયનો તકાજો છે. ■

**- સંપાદક**

# પત્રો / પ્રતિભાવો




આપના પત્રો / પ્રતિભાવો આવકાર્ય છે.
પત્ર વ્યવહારનાં સરનામાં :

આર્ચ, ઈ-૭૦૨, સામ્રાજ્ય કોમ્પ્લેક્ષ,
ફતેગંજ પોસ્ટ ઓફિસ પાસે, ફતેગંજ,
વડોદરા - ૩૯૦ ૦૦૨, ગુજરાત.
ફોન : ૦૨૬૫ ૨૭૮૨૦૫૩
ઈ-મેઈલ : m_ambrish@hotmail.com

આર્ચ, મુ. પો. માંગરોલ,
તા. રાજપીપળા, જિ. નર્મદા,
ગુજરાત. પીનઃ ૩૯૩ ૧૫૦
ફોન : ૦૨૬૪૦-૨૫૦૧૨૫

## ખોજ : એક વિશિષ્ટ સામયિક

**ડૉ. શિરીષ પંચાલ**

ગુજરાતી ભાષામાં કેટલાંક સારાં વિચારપત્રો ચાલે છે, ‘નિરીક્ષક’ની જાણ તો ઘણા બધાને છે. આવાં સામયિકો પ્રજાને ઉત્તમ પ્રકારનું વૈચારિક ભાથું પૂરું પાડે છે. એક રીતે અન્ય માધ્યમો જે કામગીરી બજાવી શકતાં નથી તે કામગીરી તેઓ બજાવે છે. વિચાર સ્વાતંત્ર્યનો જે અધિકાર આપણને મળ્યો છે તેને કારણે આ શક્ય બને છે. અહીં જાણી કરીને કોઈ રાજકીય વિચારધારાની પ્રશંસા કે નિન્દા કરવામાં આવતી નથી. હા, મોટે ભાગે એવું બને છે કે સમાજમાં જે વધુ વર્ચસ્વ ધરાવે છે, જેઓ વધુ વાચાળ છે, સાધન-સમ્પન્ન છે તેમનાં કાર્યોની તટસ્થ ચર્ચા અહીં થતી હોવાથી તેમને રાજ્ય વિરોધી, વિકાસ વિરોધી ગણી લેવામાં આવે છે. પણ આપણે કેટલીક સાચી અને કડવી વાતો ન જાણીએ તો સમાજમાં, રાજ્યમાં શું ચાલી રહ્યું છે એનો ખ્યાલ આવવો બહુ મુશ્કેલ છે.

‘ખોજ’ના મે-જૂન, ૨૦૧૦ના અંકમાં અશ્વિનકુમાર કારીઆના લેખમાંથી જાણવા મળે છે કે ઓમપ્રકાશ નામના માણસને કોર્ટમાં તેની સામે કામ ચલાવ્યા વિના ૩૭ વર્ષ રાખવામાં આવ્યો હતો. બીજી એક વ્યક્તિએ ૩૫ વર્ષ ગુના વિના જેલમાં અને ગાંડાની હોસ્પિટલમાં વીતાવ્યાં હતાં.

અંબરીષ મહેતા અને તૃપ્તિ પારેખે સુરતના નક્સલ કેસની વિગતવાર સમીક્ષા કરી છે. તેમાં કિરીટ પાનવાલાએ કેવી રીતે સરકારી આરોપોનું ખંડન કર્યું તે દર્શાવ્યું છે. ભૂતકાળનો કોઈ ચુકાદો આપતી વખતે જસ્ટિસ ભગવતીએ જે કહ્યું તે આપણા સૌ માટે મહત્ત્વપૂર્ણ છે : ‘મુક્ત રાજકીય ચર્ચા વગર લોકોનું રાજકીય શિક્ષણ શક્ય જ નથી, અને એના વગર લોકતાંત્રિક રાજ્યવ્યવસ્થા બરાબર ચાલી જ ન શકે.’ રાજ્ય તંત્ર કેવી રીતે નિર્દોષ વ્યક્તિઓ સામે નક્સલવાદી કહીને આરોપો મૂકે છે એ જાણવા માટે આ આખો લેખ વાંચવા જેવો છે.

એવી જ રીતે અંબરીષ મહેતાએ સોહરાબુદ્દીન નકલી એન્કાઉન્ટર કેસની વિગતો આપી છે; તૃપ્તિ પારેખે ભોપાલ ગેસ દુર્ઘટના દરમિયાન વાસ્તવમાં જે અસરગ્રસ્તો હતા તેમની સાથે કેવો અન્યાય થયો છે અને એમને વળતર ચૂકવવામાં જે ભ્રષ્ટાચાર થયો તેની વિગતો આપી છે.

સંજય ભાવેએ મણિપુર રાજ્યમાં ઈરોમ શર્મિલાના ઉપવાસની વિગતો આપી છે. ભારતીય લશ્કરના દમન સામે આ ઉપવાસ છે. ડંકેશ ઓઝા આપણી અખબારી પ્રવૃત્તિઓ સામેનો અસંતોષ ઠાલવે છે. બકુલા ઘાસવાલાએ ૧૮૪૦માં જન્મેલાં બીબી અશરફની વાચનલેખન માટેની સંઘર્ષગાથાનો પરિચય કરાવ્યો છે.

આપણા મોટા ભાગના લોકો સુખશાંતિપૂર્વક સલામતીભર્યું જીવન જીવવાનું પસંદ કરતા હોય છે. એટલે તેઓ મધુર રસ સિવાયની દુનિયાથી દૂર રહેવા માગે છે - પણ એક જવાબદાર નાગરિક તરીકે આપણા સમાજમાં બીજાઓને થતા અન્યાયમાં ક્યાંય આપણે પણ જવાબદાર નથી ને એવો પ્રશ્ન આપણી જાતને પૂછવો જોઈએ. આવા પ્રશ્નો થવા માટે ‘ખોજ’ જેવું સામયિક આપણને ઉપયોગી નીવડશે. ■

*(ગુજરાત મિત્ર, તા. ૧૮ ઓક્ટોબર ૨૦૧૦માંથી સાભાર)*

*(૨૩૩, રાજલક્ષ્મી સોસાયટી, ઓલ્ડ પાદરા રોડ, વડોદરા - ૩૯૦૦૧૮)*

# સુરતના 'નક્સલ' કેસમાં ગુજરાત હાઇકોર્ટના જામીન

**અંબરીષ મહેતા**

આ અંક પ્રેસમાં જઇ રહ્યો હતો ને જ સુરતના 'નક્સલ' કેસમાં ગુજરાત હાઇકોર્ટે ૭ વ્યક્તિઓ (માકાભાઇ ચૌધરી, જયરામ ગોસ્વામી, કે. એન. સિંગ, વિશ્વનાથ ઐયર, રામુ પુવાર, સત્યમરાવ તેમજ નિરંજન મહાપાત્ર)ની જામીન અરજીઓ મંજૂર કરી દીધી હોવાના ખૂબ ખુશીના સમાચાર આવ્યા. દક્ષિણ ગુજરાતના આદિવાસી વિસ્તારોમાં 'હિંસક ક્રાંતિ'નો બેઇઝ બનાવવાના કહેવાતા 'માઓવાદી ષડયંત્ર'ના નામે સુરતની પોલીસે આ કેસમાં વરસોથી આદિવાસીઓ અને શ્રમિકોના હક્કો માટે કામ કરતા કાર્યકરોને સાવ ખોટી રીતે ફસાવી દીધા છે, એનાથી 'ખોજ'ના વાચકો તો પરિચિત છે જ (જુઓ 'ખોજ' માર્ચ-એપ્રિલ તેમજ મે-ઓગસ્ટ, ૨૦૧૦). ચાર્જશીટ મુકાઇ ગયા પછી એ પૈકીની પહેલી દસ વ્યક્તિઓને જામીન ઉપર છોડાવવાની કાર્યવાહી કિરીટભાઇ પાનવાલાની રાહબરી નીચે શરૂ કરવામાં આવેલી. અને એમની સુંદર રજૂઆતના પગલે એ પૈકી ત્રણ વ્યક્તિઓ (અવિનાશ કુલકર્ણી, ભરત પવાર તેમજ સુલત પવાર)ને તો સુરતની સેશન્સ કોર્ટે જ જામીન ઉપર છોડી દીધેલા. પરંતુ આ ૭ વ્યક્તિઓને એ કારણ આપીને જામીન ઉપર નહોતા છોડ્યા કે એમના ઘરેથી 'નક્સલી' સાહિત્ય મળી આવ્યું હતું. એટલે ત્યાર પછી એમની જામીન અરજીઓ ગુજરાત હાઇકોર્ટમાં એડવોકેટ ભૂષણ ઓઝા, કૃતિબેન શાહ તેમજ ઇ શૈલજાએ દાખલ કરેલી, જે દિવાળી વેકેશન પૂરું થયા બાદ તા. ૧૬ નવેંબરે જસ્ટિસ શ્રી અનંત દવે સમક્ષ મુકાઇ.

તે દિવસની સુનાવણીમાં કોર્ટે 'આવું સાહિત્ય તો કોઇને પણ ત્યાંથી મળે, એમાં વળી ગુન્હો ક્યાંથી બને?' અને ગુજરાતમાં જ્યારે નક્સલી હિંસાનો એક બનાવ સુદ્ધા નથી બન્યો, ત્યારે આવો કેસ કરીને તો નક્સલવાદ જે ગુજરાતમાં દાખલ જ નથી થયો તેને લાવવાનું જ કામ થશે', વગેરે ટકોર કરીને પોતાનો અભિગમ સ્પષ્ટ કરી દીધો હતો. ત્યાર પછી ૧૮મી તારીખે પોલીસે કબજે કરેલ દસ્તાવેજો, એજેન્ડા બુક્સ, વિગેરે રજૂ કરીને જામીન ન આપવા અંગે ભારપૂર્વક રજૂઆત કરી. એના જવાબમાં અરજદારો તરફે ભૂષણભાઇ વગેરેએ જસ્ટિસ ભગવતીનો ચુકાદો રજૂ કરીને તેમજ જનશક્તિ એ પ્રતિબંધિત સંગઠન જ નથી અને અરજદારો એના સભ્યો હોવાનો પણ કોઇ પુરાવો નથી એવી રજૂઆત કરી. બન્ને પક્ષની રજૂઆતે સાંભળ્યા બાદ નામદાર કોર્ટે બધાને કેટલીક શરતો સાથે જામીન પર મુક્ત કરવાનો હુકમ કર્યો. સામાન્ય રીતે જામીનના સ્ટેજ પરના આવા હુકમમાં આરોપીઓ સામેના પુરાવાઓ અંગે વિગતે ટિપ્પણી કરવામાં નથી આવતી. તેમ છતાં આ જામીન આપતી વખતે કોર્ટે ઉપર પ્રાઇમા ફેસી કઇ બાબતોનું વજન પડ્યું છે તેની નોંધ જસ્ટિસ દવેએ તેમના હુકમમાં લીધી છે :

''૧) ફક્ત સાહિત્ય મળી આવ્યાથી આરોપીઓ કાયદા વિરોધી પ્રવૃત્તિ કરી રહ્યા હતા એમ માની નહીં શકાય, ખાસ કરીને પ્રતિબંધિત આતંકવાદી સંગઠન CPI (ML) PWG સાથેના એમના સંપર્ક કે સંબંધના અભાવમાં.

૨) યુનિયન ચલાવવું કે શ્રમિકો અને આદિવાસીઓના કાનૂની તેમજ બંધારણીય હક્કોના રક્ષણ માટે પ્રભાવશાળી અને પ્રસ્થાપિત જૂથો સામે આંદોલન ચલાવવું કે એમ કરતી વખતે ક્યારેક ગુસ્સાની અભિવ્યક્તિ કરવી કે કોઇ સામગ્રી, લેખ કે પુસ્તક લખવાની કામગીરી કરવી એને કોઇ રીતે દેશવિરોધી પ્રવૃત્તિ કે દેશ સામેના યુદ્ધ તરીકે જોઇ નહીં શકાય.

૩) એજેન્ડા બુકમાં જે સામગ્રી મળી છે તેમાં પણ ઓરિસ્સામાં પોલીસ એન્કાઉન્ટરમાં મૃત્યુ પામેલા એક માઓવાદીને માત્ર શ્રદ્ધાંજલિ આપવામાં આવી હોવાનું જ જોવા મળ્યું છે. એ ઉપરાંત સંગઠનના કેટલાક સભ્યોને કમિટીઓ બનાવીને કામગીરી કરવાની કે વિચારોનો પ્રસાર કરવાની અને સમાજમાં શોષક તત્ત્વો દ્વારા થતા શોષણ સામે અવાજ ઉઠાવવાની જવાબદારી સોંપવામાં આવી હોય એવું જણાય છે. બીજું, જે સાહિત્ય કબજે કરવામાં આવ્યું છે તે ક્રાંતિ કે CPI (ML) જનશક્તિ, આન્ધ્રપદેશની કામગીરીમાંથી શીખવાના પદાર્થપાઠો, વગેરેને લગતું છે જેમાં ગેરીલા યુદ્ધની કેટલીક લાક્ષણિકતાઓ અને જમીનદારો સામેના એગ્રેરિયન કમિશન તેમજ પોલીસ એન્કાઉન્ટર કે પોલીસ ઓપરેશનો સામેનાં લોકોનાં વિરોધ પ્રદર્શનો, વગેરેને લગતું છે. અને કોર્ટના માનવા મુજબ જ્યારે આ વિચારોને અમલમાં મૂકવાના કોઇ પ્રયત્નો જોવા ન મળ્યા હોય કે એવો કોઇ બનાવ પણ ન બન્યો હોય ત્યારે માત્ર આવું સાહિત્ય મળી આવવાથી કોઇ ગુન્હો નથી બનતો નથી...અને એટલે અરજદારોને ટ્રાયલ સુધી જેલમાં સબડવા દઇ શકાય નહીં અને એમને જામીન ઉપર મુક્ત કરવામાં આવે એ યોગ્ય ગણાશે.''

સ્પષ્ટ છે કે કોર્ટે નોંધેલાં આ કારણો બહુ અગત્યનાં તેમજ આગળ માટે પણ ઘણાં સૂચક છે. આટલા બધા સમય પછી અને બધાની આટલી મહેનત પછી આ કાર્યકરો જેલમાંથી છૂટીને બહાર આવશે એનો આનંદ માણવાનો જ સમય છે. ■

# આ જીવંત, સ્વનિર્ભર સમુદાયોએ ઊભી કરેલ શાળાઓ. . .

**નંદન નિલકણી**

(અંગ્રેજ લેખક જેમ્સ ટૂલીના પુસ્તક 'ધ બ્યુટીફૂલ ટ્રી'નાં બે પ્રકરણોનો ભાવાનુવાદ (ખોજ મે-જૂન ૨૦૦૯) અને એના છેલ્લા પ્રકરણમાંથી ૧૯મી સદીના ભારતની શિક્ષણ વ્યવસ્થાનો પરિચય (ખોજ જુલાઇ-ઓગસ્ટ ૨૦૦૯) આ પહેલાં આપ્યો હતો. એ પુસ્તક ૨૦૦૯ના અંતમાં ભારતમાં પ્રસિદ્ધ થયું. એની પ્રસ્તાવના, ઈન્ફોસિસ કંપનીના એક સમયના સીઇઓ અને હાલના યુનિક આઇડેન્ટીફિકેશન ઓથોરિટી ઓફ ઇન્ડિયાના ચેરમેન નંદન નિલકણીએ લખી છે. એ પ્રસ્તાવનામાંથી થોડાક અંશો અહીં આપી રહ્યા છીએ. - સં.)

''. . .ગરીબ લત્તાઓમાં કામ કરતા શાળા-સાહસિકો, સાર્વત્રિક શિક્ષણ સાકાર કરવામાં અત્યંત મોટું યોગદાન આપી શકે એમ છે. જેમ્સ (ટૂલી)એ કહ્યું છે તેમ આ બાબત એવી છે જેની આપણને નવાઇ ન લાગવી જોઇએ કારણ કે ગરીબો માટેની ખાનગી શાળાઓ ૧૯૯૦ની શરૂઆતથી વિકસી રહી છે. તેમ છતાં, એનો અભ્યાસ કરવામાં કોઇને જ કોઇ દિલચસ્પી નહોતી. સરકાર અને વિકાસ તથા શિક્ષણના નિષ્ણાતો સહુનો ભાર સરકારી શાળાઓને સુધારવા પર જ રહ્યો. જ્યારે જેમ્સે પોતાનાં તારણો રજૂ કર્યાં, ત્યારે કાં તો એનાથી કૌતુક થયું અથવા એની સામે મોટો વિરોધ ઊભો થયો. શિક્ષણવિદો, શિક્ષણ અધિકારીઓ અને દાન કરતી સંસ્થાઓએ એની સામે શરૂઆતમાં આપેલો પ્રતિભાવ મને બહુ વિચિત્ર લાગ્યો છે. દુનિયા આખીમાં ઝૂંપડપટ્ટીઓ અને ગામડાંઓનાં ગરીબ બાળકોની જિંદગીઓને બદલી રહેલા આ વિચાર સામે આટલો વિરોધ શાને છે? સરકારે પોતાના નાગરિકોના શિક્ષણ, આરોગ્ય, ન્યૂનતમ જરૂરી રોજગારી કે કલ્યાણ માટે જરૂરી સેવાઓ પૂરી પાડવી જોઇએ એ નકારી ન શકાય. ગરીબો માટેની રાજ્યની ભૂમિકા અનિવાર્ય છે, કારણ કે ગરીબોને ખાનગી આરોગ્યસેવા કે કોલેજશિક્ષણ આપતી બજાર વ્યવસ્થા ઘણી ખામીયુક્ત છે. પરંતુ એમાંથી એકમાત્ર સરકાર જ ગરીબોને આ સેવાઓ 'સારી રીતે' પૂરી પાડી શકે એ વાત ધીમે ધીમે જડબેસલાક માન્યતા બની ગઇ છે. મોટાભાગના લોકો એમ જે માને છે કે ખાનગી ક્ષેત્ર ક્યારેય ગરીબોને સારી રીતે આવી સેવા પૂરી ના પાડી શકે અને એ તો માત્ર ગરીબોનું શોષણ જ કરે, એને જેમ્સ 'સર્વસ્વીકૃત ડહાપણ' ગણે છે. આ મંતવ્ય એવું ધારીને ચાલે છે કે ગરીબો જાતે કોઇ પસંદગી કરી જ ના શકે, એમને માટે તો સરકાર સિવાય અન્ય કોઇ વિકલ્પ છે જ નહીં, હોઇ જ ન શકે.

વિકાસશીલ દેશોના ગરીબોએ એ મંતવ્યને ખોટું પુરવાર કર્યું છે. જેમ્સ લખે છે તેમ,''ગરીબો પોતાની મદદ પોતે જ કરી રહ્યા છે અને પોતાના પગ વડે મત આપી રહ્યા છે,'' એટલે કે સરકારી શાળાઓ છોડીને પોતાના પૈસે અને પોતાની મહેનતે ચાલતા પર્યાયો પસંદ કરી રહ્યા છે.

જેમ્સના આ આખા કાર્યમાં મને જે સૌથી વધુ પ્રભાવિત કરી ગયું છે તે એ કે એ કોઇ ઉપદેશક નથી. એણે તો સંશયાત્મક તરીકે શરૂઆત કરેલી. એણે જ્યારે સ્કુલ ચલાવનારા સાહસિકોનો અભ્યાસ ચાલુ કર્યો ત્યારે એ પણ એમ જ માનતો કે શિક્ષણની સમસ્યાનો ઉકેલ તો સરકાર જ લાવી શકશે. શિક્ષણમાં જાહેર ક્ષેત્રની ભૂમિકા અનિવાર્ય છે, પરંતુ શિક્ષણની જાહેર નીતિ ઘણી ખામીભરેલી છે. દાખલા તરીકે, ભારતમાં સાર્વત્રિક શિક્ષણ અંગેની મથામણો હંમેશા સરકારી બજેટોની ચર્ચામાં જ સરી પડે છે કે કેન્દ્ર-રાજ્ય વચ્ચેની લડાઇ વચ્ચે ગોથા ખાધા કરે છે. દેશમાં જ્યારે અંગ્રેજી જ મુખ્ય વ્યાવસાયિક ભાષા બની ગઇ છે, ત્યારે સરકારી શાળાઓમાં અંગ્રેજી શીખવવું એ સ્થાનિક રાજકારણનો મુદ્દો બની ગયો છે. કેટલાંક રાજ્યોમાં સરકારે સરકારી શાળાઓમાં અંગ્રેજી શીખવવા પર પ્રતિબંધ મૂકી દીધો છે, જેણે વિદ્યાર્થીઓની આખી ને આખી પેઢી માટેની તકો કુંઠિત કરી નાખી છે.

એક બાજુ સરકારી યોગદાન દ્વારા ચાલતું શિક્ષણ રાજકારણ કે ખરાબ નીતિઓ દ્વારા ખરડાઇ ગયું છે, ત્યારે બીજી બાજુ આપણે જોઇ રહ્યા છીએ કે મધ્યમ વર્ગ કે ઉપલા વર્ગ માટે ખાનગી વિકલ્પોનો રાફડો ફાટયો છે. જે રાજ્યોમાં સરકારી શાળાઓમાં અંગ્રેજી શીખવવા પર પ્રતિબંધ મૂક્યો છે, ત્યાં મધ્યમ વર્ગીય કે ઉપલા વર્ગનાં વાલીઓ સાગમટે સરકારી શાળાઓ છોડીને પોતાનાં બાળકોને અંગ્રેજીનો વિકલ્પ આપતી ખાનગી સંસ્થાઓમાં મૂકવા માંડ્યાં છે.

આવી જ પસંદગીઓ હવે જ્યારે ગરીબો પણ કરી રહ્યા છે ત્યારે એ હકીકતથી આપણને નવાઇ ન લાગવી જોઇએ, અને હકીકતમાં તો સમાનતામાં માનતા સૌ વિકાસ-નિષ્ણાતો માટે એ આવકારદાયક બાબત હોવી જોઇએ. આપણા સૌથી વધુ ગરીબ નાગરિકો જ જાહેર સેવાઓના ભ્રષ્ટાચારનો સૌથી વધુ ભોગ બનતા હોય છે, જેમાં તેમણે ડગલે ને પગલે પાયાની આરોગ્ય સેવાઓ, પાણીનાં કે લાઇટનાં કનેકશન માટે પૈસા ખવડાવવા પડતા હોય છે. ગરીબો મોટાભાગની

આરોગ્ય શિક્ષણ કે સવલતોની જે ખાનગી સેવાઓ તરફ વળે છે એ ન કેવળ એમને વધુ પસંદગી આપે છે, પરંતુ વધુ શક્તિ-સત્તા પણ આપે છે.

શહેરોમાં ગરીબોએ રહેઠાણની અન્ય કોઇ જ સુવિધાના અભાવમાં જે ઝૂંપડપટ્ટીઓ બાંધી છે એને જો ધ્યાનથી જોઇએ તો ખ્યાલ આવે છે કે એ કેટલા બધા જીવંત, સ્વ-નિર્ભર સમુદાયો છે. આ ઝૂંપડપટ્ટીઓ નાના-નાના ઉદ્યોગો અને સાહસિકોથી ધમધમી રહી છે, જેઓ એમના જેવા કેટલાય રહેવાસીઓને લાઇટ અને પાણીની સગવડો, બ્યુટી પાર્લરો, છાપાં અને જેમ્સે જોયેલી એવી કેટલીય શાળાઓની સેવાઓ પૂરી પાડી રહ્યા છે. ગરીબોએ જાતે મહામહેનતે ઊભા કરેલા અનૌપચારિક અર્થતંત્રને ધમરોળી નાખવાના સરકારના પ્રયત્નોમાં પણ એ જ સમસ્યાઓ આવી છે, જે સમસ્યાઓને કારણે જ ગરીબો સરકારી સેવાઓથી દૂર ગયા છે. દાખલા તરીકે, મુંબઇ જેવાં શહેરોમાં સરકારે ઝૂંપડપટ્ટીઓ તોડી પાડીને ત્યાંના ગરીબોને સરકારી પૈસાથી ઊભા કરાયેલા આવાસોમાં ખસેડવાના જે પ્રયત્નો કરેલા તે ભૂતકાળમાં નિષ્ફળ ગયા છે. માર્ક જેકોબસન જેવા લેખકે વર્ણવ્યું છે તેમ ધારાવીની નજીકના ઝૂંપડાંવાસીઓએ સરકારી આવાસો માટે થઇને એમનાં ઘરો જતાં કરેલાં, તેઓ આઠ વર્ષ પછી હજી પણ અડધા બંધાયેલાં, લાઇટ-પાણીની સગવડ વગરનાં એપાર્ટમેન્ટોમાં રહે છે, અને ગુંડાઓ દ્વારા હેરાનગતિ ભોગવે છે.

આમ, આ દેશોમાં જાહેર સેવાઓ દ્વારા ગરીબોને જે મળી રહ્યું છે એના કરતાં તો કેટલાય ગણું વધુ સારું તેઓ જાતે ઊભું કરી રહ્યા છે. આ દેશોમાં મદદ કરતી સંસ્થાઓએ હકીકતમાં આવાં સાહસો અને મથામણોને કોરાણે મૂકી દેવાને બદલે ઊલટી એમને મદદ કરવી જોઇએ. જેમ્સે એ દર્શાવ્યું છે કે જો સરકારો એમની શિક્ષણ વ્યવસ્થામાં આવા ખાનગી સાહસિકોને પણ સામેલ નહીં કરે તો ૨૦૧૫ સુધીમાં સાર્વત્રિક શિક્ષણના ધ્યેયને હાંસિલ કરવું બહુ અઘરું થઇ પડશે. આ પ્રયત્ન માત્ર વિકાસશીલ દેશો પૂરતો જ સીમિત નથી. વિકસિત દેશો હજુ આજે પણ ત્યાંના ગરીબોને અસરકારક શિક્ષણ પૂરું પાડવા મથી રહ્યા છે. દુનિયાના આ ધનાઢ્ય દેશો, અમેરિકા - યુરોપ - ની શહેરી વિસ્તારની શાળાઓ સામે જે પડકારો ઊભા થયેલા છે એ જ બતાવે છે કે ત્યાંની હાલની નીતિઓ કેટલી ભૂલભરેલી છે. જેમ્સ એના કેટલાક ઉપાયો સૂચવે છે કે શિક્ષણમાં નોકરશાહી બને એટલી ઓછી રાખવી જોઇએ, જેથી એ ક્ષેત્ર વધુ સ્પર્ધાત્મક બની શકે અને વધારે રોકાણકારો એના તરફ આકર્ષાઇ શકે. સરકારોએ તેમના પ્રયત્નો મુખ્યત્વે આ પ્રક્રિયાને શાળા સંચાલકો અને રોકાણકારો માટે નાની બચત યોજનાને પ્રોત્સાહન આપીને કે શિક્ષણ વાઉચરો દ્વારા શિક્ષણ માટેનું ફંડ સીધું વિદ્યાર્થીઓને મળે એવી વ્યવસ્થા ગોઠવીનેવેગવંતી બનાવવા પર જ ધ્યાન કેન્દ્રિત કરવું જોઇએ.

છેલ્લા થોડા દાયકાઓની શિક્ષણક્ષેત્રે આપણી પ્રગતિ જોતાં હવેનાં થોડાં જ વર્ષોમાં ‘સહુને શિક્ષણ’ના આપણા ધ્યેયને આંબવો ખૂબ મુશ્કેલ છે. સાર્વત્રિક શિક્ષણના ધ્યેયને આંબવું હશે તો ઉપરથી લદાયેલો સરકારી કાર્યક્રમ પૂરતો નથી, પણ ઝૂંપડપટ્ટીઓમાં શાળા-સાહસિકોની ધગશ અને સર્જનાત્મકતા દ્વારા ચલાવાતી, ઓછી કિંમતની ખાનગી શાળાઓ દ્વારા જ એ ધ્યેય સુધી પહોંચી શકાશે. ■

---

# ગરીબોને ભણાવતી શાળાઓને બંધ કરી દેવી ગુનાઇત છે

**ગુરુચરન દાસ**

૨૦૧૦ નો ઉનાળો આંધ્રપ્રદેશના ઘણા શિક્ષણ અધિકારીઓ માટે બહુ ફાયદાકારક ગાળા તરીકે યાદગાર બની રહેશે. નવા શિક્ષણ અધિકાર કાયદાનું શસ્ત્ર ઉગામીને તેઓ આંધ્રપ્રદેશનાં ગામડાંઓની અને ઝૂંપડપટ્ટીઓની બાપડી શાળાઓને બંધ કરાવવા માટે તૂટી પડ્યા. જૂનના અંત સુધીમાં તો તેમણે ગરીબ વાલીઓનાં મનમાં એટલાં તો ભય અને આતંક ભરી દીધાં કે રાજ્યના શિક્ષણ સચિવે સ્પષ્ટતા કરવી પડી કે આ કાયદા નીચે ૩ વર્ષનો ગાળો આ શાળાઓને મળે છે, ત્યાં સુધીમાં તેમણે માન્યતા મેળવી લેવી પડશે, એટલે તાત્કાલિક એમને બંધ નહીં કરી દેવામાં આવે! પણ ત્યાં સુધીમાં રાજ્યના ભ્રષ્ટ અધિકારીઓએ પોતાનો હેતુ બર લાવી દીધો હતો. લાંચની રકમ ત્રેવડી થઇ ગઇ હતી! એક અધિકારી તો એવી બડાશ પણ મારતા હતા કે એમને કોમનવેલ્થ ગેઇમ જેટલું કદાચ નહીં મળ્યું હોય, છતાં એ એમનો જિંદગીનો શ્રેષ્ઠ મહિનો બની રહ્યો.

ભારત જ કદાચ દુનિયાનો એકમાત્ર દેશ હશે, જે ગરીબો માટેની શાળાઓ બંધ કરાવવા ઇચ્છતો હોય! બીજી કોઇપણ જગ્યાએ જેને

સાહસિક પહેલ તરીકે બિરદાવવામાં આવે, એને આપણે ત્યાં ગેરકાયદેસર ઠેરવી દેવામાં આવેલ છે. આ શાળાઓની ફી સામાન્ય રીતે રૂ. ૧૦૦ થી ૨૫૦ પ્રતિ માસ હોય છે, પરંતુ નિયમો અનુસારનાં ધોરણો જાળવતી ન હોવાથી તેમને સરકારી માન્યતા મળી નથી હોતી. દાખલા તરીકે, તેમની પાસે કાં તો પૂરતું મોટું રમતનું મેદાન નથી હોતું, કાં તો સરકારી પગારધોરણ મુજબ રૂ.૨૦,૦૦૦ પ્રતિ માસનો પગાર શિક્ષકોને ચૂકવી નથી શકતી. પરંતુ નિયમો મુજબનાં ધોરણો જાળવવા માટે તો તેમણે એમની ફી વધારીને રૂ. ૧૨૦૦ પ્રતિ માસ કરવી પડે, જે ગરીબોને ના પોસાય.

હવે જ્યારે સરકારી શાળાઓમાં મફત શિક્ષણ મળતું હોય અને ઉપરાંત મધ્યાહ્ન ભોજન પણ મળતું હોય તો ભલા મા-બાપોએ શા માટે એમની મહામહેનતની કમાઇ શાળાની ફી ભરવામાં ખર્ચવી જોઇએ? એનું કારણ છે – ચોથાભાગના સરકારી શિક્ષકો ગેરકાયદેસર રીતે ગેરહાજર રહેતા હોય છે. અને હાજરમાંના ચોથા ભાગના કશું શીખવતા જ નથી. આ ખુલ્લેઆમ બેજવાબદારપણું ગરીબ મા-બાપોને પણ દેખાય છે. સાવ સસ્તી ખાનગી સ્કુલ ભલે ગમે એવી હોય પણ શિક્ષકો હાજર તો રહેતા હોય છે અને ભણાવતા પણ હોય છે. એટલે શહેરોમાં અડધાથી વધુ અને ગામડાંઓમાં ચોથા ભાગનાં બાળકો ખાનગી સ્કુલોમાં જાય છે. સરકારી શાળામાંથી ખાનગી શાળાઓમાં જવાનું એટલી ઝડપથી વધી રહ્યું છે કે જ્યાં ડ્રેઝે એવું ભાખ્યું છે કે સરકારી શાળાઓ એકદમ જલદી ભૂતિયા શાળાઓ બની જવાની છે.

ગરીબોની જરૂરિયાતોને ખરા અર્થમાં સંતોષતી આ સંસ્થાઓને બંધ કરી દેવાનું ઇચ્છવું કેટલું બિહામણું અને અનૈતિક છે! આ શાળાઓના ટીકાકારો એમની ખરાબ સ્થિતિનું કારણ આપીને એમને ભાંડે છે કે મૂલ્યવિહોણાં તત્ત્વો દ્વારા ગરીબો છેતરાય છે. પણ એનાથી પણ બદતર સ્થિતિ ધરાવતી સરકારી શાળાઓનું શું?

ભારતમાં આવી બિન-માન્યતાપ્રાપ્ત કેટલી શાળાઓ હશે એનો કોઇને કાંઇ ખ્યાલ નથી, પરંતુ આવી લાખો શાળાઓ હોવાનો અંદાજ છે. ત્યારે એમ કઇ રીતે માની લઇ શકાય કે લાખો વાલીઓ વરસોવરસ છેતરાયા કરતા હશે? આ ટીકાકારો જોતે તો પોતાનાં બાળકોને ખાનગી શાળાઓમાં મોકલતા હોય છે છતાં ગરીબો માટે આવી પસંદગીનો બહુ આક્રોશ સાથે વિરોધ કરે છે. રાજ્યના આશરે ૨ કરોડ જેટલા કર્મચારીઓમાંથી ભાગ્યે જ કોઇ પોતાનાં બાળકોને સરકારી શાળાઓ (સિવાય કે ભદ્ર એવી કેન્દ્રીય કે નવોદય વિદ્યાલયો)માં મોકલતા હશે.

શિક્ષણનો અધિકાર કાયદો આમ તો હિતેચ્છુ લોકો દ્વારા બનાવવામાં આવેલો શકવર્તી કાયદો છે. એમાં ઘણાં સારાં પાસાંઓ પણ છે, પરંતુ એની એક ખૂબ મોટી નબળાઇ છે - પરિણામ શું આવશે એના તરફની સંપૂર્ણ ઉદાસીનતા. પાંચમા ધોરણમાં ભણતાં બાળકોમાંથી અડધાંથી વધુ વાંચી નથી શકતાં કે ગણિતના બીજા ધોરણના સાવ સાદા દાખલા પણ કરી નથી શકતાં. કાયદાના ઘડવૈયાઓનું ધ્યાન બધાં જ બાળકો શાળાએ જાય એના પર જ હતું. જોવા જેવી વાત એ છે કે પ્રાથમિક શાળાએ જવાની ઉંમરનાં ૯૫ ટકાથી વધુ બાળકો તો હકીકતમાં શાળામાં દાખલ થઇ જ રહ્યાં છે! ખરો પ્રશ્ન તો વચ્ચેથી ઊઠી જવાના પ્રમાણ (drop out rate)નો છે અને એનું કારણ શિક્ષકો ગેરહાજર રહે છે તે છે. આ કાયદાએ જે ૪૩,૫૦૦ કરોડ રૂપિયાની જરૂર ઊભી કરી છે તે હકીકતમાં તો સરકારી શાળાના શિક્ષકોના પગારમાં જ જશે, જેમના પગારો ભારતની માથાદીઠ આવકથી સાતગણા (જે દુનિયામાં બે ગણા વધારે છે) વધારે છે. શિક્ષકોને વધુ પગાર આપવો એ સારી વાત છે, પણ એ ત્યારે જ કે જ્યારે આટલા પગારની સામે તેઓ ખરેખર શું output આપે છે એ ધ્યાને લેવું જ પડે.

કોઇપણ લોકતંત્ર હજારો-લાખો શાળાઓ બંધ કરવાનું ચલાવી જ ના શકે. આ નવો કાયદો, ઇન્સપેક્ટરોને આપવામાં આવતી લાંચ વધારી દેશે. એટલે શાળાઓ ફી વધારવા મજબૂર બનશે, જેનો બોજો ગરીબો પર જ પડશે. કલ્પના કરો, એવો કોઇ કાયદો હોઇ શકે જે લોકોને અપ્રામાણિક બનાવે અને ગરીબોને હાનિ પહોંચાડે? આ એવો કાયદો છે!

આપણી લોકશાહી તો નિરંતર ચાલી રહેલા કાર્ય જેવી છે, એટલે હકીકતમાં જરૂર છે આ શાળાઓ બંધ કરવાને બદલે પરિસ્થિતિ સમજીને, કાયદામાં એ પ્રમાણે સુધારા કરવાની. આ શાળાઓ ઓછી ફી લે છે એ ધ્યાનમાં રાખીને માન્યતા આપવામાં પણ રેલવેની ફર્સ્ટ કે સેકન્ડ કલાસ ટિકિટ જેવી ગ્રેડ સિસ્ટમ રાખી શકાય. આ શાળાઓને શિક્ષકોનાં પગારધોરણો બજારકિંમત મુજબ રાખવાની અને રમતનાં નાનાં મેદાન રાખવાની છૂટ આપવામાં આવે, જેથી ગરીબોને પરવડી શકે એટલી ફી જ આ શાળાઓ રાખે. આ શાળાઓને ગેરકાયદેસર ગણવાને બદલે લોકો પોતાના પ્રશ્નો ખુદ ઉકેલી રહ્યા હોવાના સાહસિક ઉદાહરણ તરીકે લેવામાં આવે. તેઓ તો દેશના વિરલ આર્થિક મોડલના પ્રતીક સમાન છે - રાજ્યની હસ્તી હોવા છતાં જેઓ આગળ વધી રહ્યા છે! ■

***(સન્ડે ટાઇમ્સ (૧૯/૯/૨૦૧૦) માંથી સાભાર)***

# કાયદાના આટાપાટામાં
# અટવાતો 'ઓનર કિલીંગ'નો મામલો

**અશ્વિનકુમાર ન.કારીઆ**

બંધારણ, કાયદાઓનો ઉદ્‌ગમ બહુ દૂરની વાત નથી. ૧૮૬૦ થી બ્રિટીશ સરકારે ભારત પ્રદેશ માટે કાયદાઓ ઘડવાના શરૂ કર્યા. બ્રિટીશ શાસન દરમ્યાન, ભારતમાં આશરે ૬૦૦ જેટલાં રજવાડાંઓ હતાં. જ્યારથી રાજ્યની સમજ વિકસી ત્યારથી સર્વસ્વીકૃત રીતે એ મનાતું આવ્યું છે કે દરેક રાજ્યની પ્રથમ ફરજ પ્રજાજનનું રક્ષણ કરવાની છે. આમાં ક્યાંય બાંધછોડ કે બચાવ હોઇ ન શકે. દેશમાં છેલ્લાં ૩ વર્ષથી પંજાબ, ઉત્તર પ્રદેશ, દિલ્હી, હરિયાણા, વ. રાજ્યોમાં પ્રેમલગ્ન કે સગોત્ર લગ્ન કરનાર દંપતી (ખાસ કરીને સ્ત્રીઓ) ની હત્યાનો મામલો ઊકળી રહ્યો છે. બે વર્ષ પૂર્વે પંજાબમાં આંતરજ્ઞાતીય લગ્ન કરનાર દંપતીએ અદાલતમાં પોતાના રક્ષણ માટે અરજી કરી હતી. પંજાબ અને હરિયાણા હાઇકોર્ટે આક્રોશપૂર્વક જણાવ્યું કે ''છેલ્લાં ૫ વર્ષમાં આવી હજારો અરજીઓ અદાલતમાં દાખલ કરવામાં આવી છે. અદાલતમાં આવતાં યુગલો રક્ષણ માટે છુપાઇને ફરે છે. કારણ કે હથિયારો સાથે લઇને ફરતાં તેમનાં સગાઓ તેમને મારી નાખવા તત્પર છે. રાજ્ય મૂક પ્રેક્ષક બનીને બેસી રહ્યું છે. રાજ્યની લાંબી ઊંઘ ક્યારે પૂરી થશે અને ક્યારે આ સમસ્યાનો કાયમી ઉકેલ આવશે તેની ખબર પડતી નથી.''

પંજાબ અને હરિયાણા હાઇકોર્ટનાં આ મંતવ્યો, કેન્દ્ર સરકારે આ સમસ્યાનો કાનૂની ઉકેલ શોધવા માટે પ્રધાનોનું જૂથ રચવા માટે કરેલ નિર્ણયના પ્રકાશમાં વધુ વાજબી ઠરે છે. આ પ્રશ્નની સૌથી મોટી કઠણાઇ એ છે કે તેને માત્ર કાયદો અને વ્યવસ્થાનો પ્રશ્ન જ લેખવામાં આવે છે. કેબિનેટે ભારતીય ફોજદારી ધારો, પુરાવાનો કાયદો, તેમજ ખાસ લગ્નધારામાં સૂચિત કરેલ સુધારાઓ પરત્વે સર્વસંમતિ સાધી શકાઇ નથી. તેથી આ સુધારાઓ રાજ્યોની સંમતિ માટે મોકલાઇ રહ્યા છે. રાષ્ટ્રિય માનવ અધિકાર પંચના અધ્યક્ષ જસ્ટીસ કે.જી. બાલક્રિશ્નને સાચું જ કહ્યું છે કે આ હત્યાના મામલાને ભારતીય ફોજદારી ધારાની ક.૩૦૦ લાગુ પડે છે. તેમાં કાંઇ જ ગૂંચવણ નથી. જ્યારે રાષ્ટ્રિય મહિલા પંચના મતે આ ગુનાઓ નિપટાવવા માટે ખાસ કાયદો હોવો જોઇએ. કારણ કે મહિલા પંચના અભિપ્રાય મુજબ સમસ્યા માત્ર ''ઓનર કિલીંગ''ની નહીં, ''ઓનર ક્રાઇમ''ની પણ છે. કેમ કે ખાપ પંચાયત દરેક વખતે હત્યાનો હુકમ કરતી નથી. તેમાં આર્થિક-સામાજિક બહિષ્કાર, બળજબરીથી લગ્ન વિચ્છેદ, લગ્નના કોઇપણ પક્ષકારને દંડ, ગામમાંથી હકાલપટ્ટી, જાહેર અપમાન, ધમકી અને હેરાનગતિ પણ થતી હોય છે. છોકરીની હત્યા થઇ જાય તો પણ છોકરીનાં કુટુંબીજનો ફરિયાદ માટે આગળ આવવાની આનાકાની કરતાં હોય છે, તેનું મુખ્ય કારણ હેરાનગતિનો ભય છે.

એક વાસ્તવિક ઉદાહરણ જ લઇએ. તાજેતરમાં દિલ્હીની નજીકમાં એક ગામમાં દલિત કોમનો ૨૩ વર્ષનો યુવાન અને કોલેજમાં સાથે ભણતી ઉચ્ચ વર્ણની યુવતી નાસી ગયાં. છોકરીના પક્ષે જ્ઞાતિજનોનું ટોળું છોકરાના ગામે પહોચ્યું. દલિત પંચાયતને તેણે ધમકી આપી કે જો બન્નેને અમુક દિવસોમાં હાજર કરવામાં નહીં આવે, તો બદલામાં તેમના ગામમાંથી દલિત કન્યાને ઉઠાવી લઇ જવામાં આવશે. પોતે જે કરે છે તે કરી બતાવે છે તેમ દર્શાવવા એક દલિત છોકરાનું અપહરણ કરવામાં આવ્યું. ઉચ્ચ વર્ણના જૂથની ફરિયાદ પરથી પ્રેમલગ્ન માટે ભાગી જનાર છોકરાના પિતાને પોલીસે ૬ દિવસ પૂરી રાખ્યા. ભયભીત થયેલા દલિતોએ ભાગેડુને શોધવા ચારે-બાજુ પોતાના માણસો મોકલ્યા હતા. તે તમામ ખર્ચ છોકરાના પિતાએ ઉઠાવવો પડયો હતો. તે સામાન્ય બાંધકામ કારીગર હતો. રૂા. દોઢ લાખના ખર્ચનું કરજ ઉતારવા તેણે પોતાની બે વીઘા જમીન વેચી નાખવી પડી હતી. આમ છતાં ધમકીઓ ચાલુ રહી. કોઇની યે ધરપકડ કરવામાં આવી નહીં. રાજ્યસભામાં આ વિશે અલગ કાયદાની થયેલ માગને કેન્દ્રીય ગૃહમંત્રીએ સાફ નકારી કાઢી.

દેશની ટોચની નેતાગીરી અને શાસક પક્ષ આ વિશે મૌન કેમ સેવે છે તે આશ્ચર્યનો વિષય છે. આ માત્ર કાયદાકીય વ્યવસ્થાનો પ્રશ્ન નથી. સામાજિક, આર્થિક અને કાનૂની સમસ્યા પણ છે. ખાપ-પંચાયતોના વોટ-બેંકનો પ્રશ્ન બહુ અગત્યનો છે. તેથી જ સુધારો કરવા કે રોકવા કોઇ હિંમત કરતું નથી. આપણી પાસે કાયદાઓ પૂરતા છે. હા, બહિષ્કાર, જાહેર અપમાન, ધમકી વ. રોકવા કાયદો થોડો નબળો પુરવાર થયો છે. પરંતુ ખાટલે મોટી ખોટ કે આમાં રાજકીય ઇચ્છાશક્તિનો પૂર્ણ અભાવ છે. તેથી જ લગ્નોત્સુક યુવા-યુવતીઓ ગમે તેટલા મરે, તો પણ અમારી સત્તાને કોઇ આંચ આવવી ન જોઇએ તેવો સંદેશ આ આટાપાટાની રમત રમીને કેન્દ્ર સરકાર આપણને પાઠવે છે. ■

***(૧, શ્રીઆંગણ એપાર્ટમેન્ટ્સ, એલ.જે. કોલેજ પાસે, વસ્ત્રાપુર, અમદાવાદ)***

# અયોધ્યા ચુકાદો : સર્વત્ર ઊંડો હાશકારો.. .. .. એક મોકો

**રાજેશ મિશ્રા**

બાબરી મસ્જિદ- રામજન્મભૂમિ જમીન વિવાદનો શરૂઆતમાં ચુકાદો ૨૪/૯/૨૦૧૨ ના રોજ આવવાનો હતો. તેના થોડા દિવસ પહેલાં બહેન શીતલનો અમદાવાદથી ફોન હતો કે વટવા અને અન્ય ઝૂંપડપટ્ટીના મુસ્લિમ અને ચુનારા પરિવારો ઘરે તાળાં મારી સલામત જગાએ જઇ રહ્યા છે અને ઘરે નાના મોટા ગૃહઉદ્યોગ કરતી બહેનોને તેમના વેપારીઓએ કાચા માલ સામાન આપવાના બંધ કરી દીધા છે, રખેને ધમાલ થાય અને તેમનો માલ લૂંટાઇ જાય, બળી જાય. શહેરથી લઇ ગામડાં સુધી મુસ્લિમ સમુદાયોમાં અને તે રહેતા હોય તે વસ્તીઓમાં દહેશત ભીતિ છવાયેલાં હતાં. રાજ્ય તરફથી ભારે બંદોબસ્ત ગોઠવાયેલ. તેનાથી એક બાજુ તો રાહત થયેલ પણ આટલો બધો બંદોબસ્ત છે એટલે ફરી કંઇક ચોક્કસ જ થશે તેવી આશંકા પણ દૃઢ થતી જતી હતી. મુસ્લિમ સમાજના અગ્રણીઓ દ્વારા 'ન્યાયતંત્રમાં શ્રદ્ધા છે અને ન્યાયતંત્રનો ચુકાદો હોઇ કોઇ ખુશી કોઇ ગમ ના ઊભા થવા દેવાની' અપીલો પણ બહાર પડવા માંડી હતી. સુપ્રીમ કોર્ટ સુધ્ધાં દહેશતમાં આવી ગયેલ. અયોધ્યા ચુકાદો મુલતવી રાખવાની એક પક્ષકારની માંગણી અલાહાબાદ હાઇકોર્ટે પ્રથમદર્શી રીતે જ ટકી શકે તેવી નથી તે કારણે પહેલી જ સુનાવણીમાં કાઢી નાંખી હતી પણ આ પક્ષકાર સુપ્રીમ કોર્ટમાં ગયા. સુપ્રીમ કોર્ટમાં તમામ પક્ષકારોએ સમાધાનની કોઇ જ શક્યતા નથી તેવો વાંધો લીધો છતાં કોર્ટે એક અઠવાડિયું ચુકાદો મુલત્વી રાખવાનો આદેશ આપી દીધો! ચુકાદા પહેલાં કેટલાય મુસ્લિમ પરિવારો અયોધ્યા છોડી ગયા હતા. ૬૫ વરસનાં સદીકન બી કહે છે, '૧૯૯૨માં શું થયું તે અમે જોયું છે. અમે ભયભીત છીએ. સરકારે અમને ખાતરી આપી છે કે કંઇ નહીં થાય પણ અમે જોખમ ઉઠાવવા માંગતા નથી.' અયોધ્યા-ફૈજાબાદની શેરીઓમાં સૂનકાર છવાઇ ગયેલો, લોખંડી પોલીસ બંદોબસ્ત વચ્ચે બપોર સુધીમાં તો દુકાનોનાં બારણાં બંધ થઇ ગયાં હતાં. લોકોને ઘરની અંદર જ રહેવાની ચેતવણી અપાઇ હતી. સડકો ઉજ્જડ ભાસતી હતી. આવા વાતાવરણમાં છેવટે તા.૩૦/૯/૨૦૧૦ ના રોજ ચુકાદો જાહેર થયો.

અયોધ્યા ચુકાદાના બીજા દિવસે બેન્ક ઓફ બરોડામાં કામ કરતા મિત્ર અક્ષયભાઇ સાથે વાત થઇ. હજુ અયોધ્યા ચુકાદો કેવો લાગ્યો તે પૂછું તે પહેલાં જ બોલી ઊઠયા, 'બહુ સરસ ચુકાદો .. ત્રણ ભાગમાં વહેંચી આપ્યું.. .. બધાંને સંતોષ...આને જજ કહેવાય અને આનું નામ જજમેન્ટ.'

આગલા દિવસે ચુકાદો આવતો હતો તે સમયે આઇબીએન ૨૪ x ૭ લાઇવ પર કાયદાવિદ્ સોલી સોરાબજીએ ચુકાદા પર પ્રતિભાવ આપતાં કહ્યું, 'ન્યાયિક હિંમતવાળો ચુકાદો, ન્યાયિક રાજનીતિજ્ઞતા ( જ્યુડીશીયલ સ્ટેટમેન્ટશીપ). કોઇપણ જજ માટે પૂરતા પુરાવા નથી, નિર્ણાયક પુરાવા નથી તેમ કહી દાવાને અભરાઇ પર ચઢાવી દેવો આસાન છે પરંતુ જેમ એક જજે (જસ્ટીસ ખાને) સાચું જ કહ્યું છે તેમ સુરંગોથી ભરપૂર જમીન પર તેઓએ પ્રવેશ કર્યો, હયાત પુરાવા અને હકીકતોની સમજના આધારે ચુકાદો આપ્યો છે. સમાજમાં પ્રત્યાઘાતો તો સર્જાય જ પણ જજની તો ફરજ છે કે તે ન્યાય ફરમાવે.' અક્ષયભાઇના ઉદ્ગારો સાંભળ્યા ત્યારે જ સોરાબજીના શબ્દો સમજાયા, ઘૂંટાયા. સોરાબજીની સાથે જાવેદ અખ્તર પણ હતા. તેઓ વારંવાર એક વાત કહેતા હતા, 'કોઇપણ એક પક્ષે ચુકાદો આવ્યો હોત તો તેવા ચુકાદાથી સમાજમાં સદ્ભાવના, સારું વાતાવરણ સર્જાયું હોત? કોઇ એક જ પક્ષને તમામ જમીન મળી ગઇ હોત તો તેનાથી સમાજમાં એકરાગતા સદ્ભાવ, સમન્વય જળવાયાં હોત ખરાં? તેનાથી સમાજના દરેક સમુદાયનાં માન સન્માન જળવાયાં હોત? તેવા ચુકાદાથી સારા રાષ્ટ્રનું, સારા નાગરિકનું નિર્માણ થયું હોત? હું કહું છું, બિલ્કુલ નહીં. ઉપલબ્ધ વિકલ્પોમાં આ સૌથી સારો ઉકેલ છે. છેવટે જમીન, ધર્મ, કોમ, વિવાદો એ તમામથી ઉપર તો રાષ્ટ્ર જ છે'.

હાશીમ અન્સારી - જેઓ ૯૦ વર્ષના છે અને રામજન્મભૂમિ - બાબરી મસ્જિદ વિવાદી જમીન પર માલિકી હક્કનો દાવો કરનાર એકમાત્ર જીવિત દાવેદાર છે - તેઓ ચુકાદા બાદ થોડા સમય સુધી તો સુન્ન થઇ ગયા હતા પરંતુ થોડા સમયમાં જ ચુકાદાનું મહત્ત્વ તેમણે પારખ્યું તે પછી તેમનો પ્રતિભાવ હતો કે 'બાબરી મસ્જિદ અને રામજન્મભૂમિ બન્ને ઈબાદત (પ્રાર્થના)ની જગાઓ છે પણ રાજકીય પક્ષોએ તેને સિયાસત(રાજકારણ)નો અખાડો બનાવી દીધી

છે. મુસ્લિમોએ આ ચુકાદાથી હતાશ થવા જેવું નથી બલ્કે ચુકાદા પર ઉજવણી (જો કે બંધ બારણે જ) કરવી જોઇએ કેમ કે નામદાર કોર્ટે તેમના દાવાને માન્ય રાખ્યો છે, છેવટે ન્યાય થયો જ છે.'

'આ તક ઝડપી લો' એ શીર્ષકથી જાવેદ આનંદે તા. ૪/૧૦/૨૦૧૦ ના ઇન્ડિયન એક્ષપ્રેસમાં એક લેખ લખ્યો છે. તેમાં તેઓને સાંભળવા મળેલ પ્રતિભાવો અને પોતાનો અભિગમ સ્પષ્ટ કર્યો છે.

'અલ્લાહને બડા કરમ કિયા હમ મુસલમાનોં પર, બડા અચ્છા ફૈંસલા સુનાયા કોર્ટને.' ચુકાદો સાંભળ્યા બાદ મુંબઇના મુસ્લિમ સમુદાયમાંથી ઘણાંના આ ઉદ્‌ગારો હતા. મુંબઇના મુસ્લિમો ચુકાદાથી ખુશ થયા બલ્કે, તેમણે રાહતનો શ્વાસ લીધો! એક સૂર એવો પણ હતો કે જો ચુકાદો આપણી (મુસ્લિમો) તરફેણમાં આવ્યો હોત તો પણ શું આપણે ત્યાં જઇને મસ્જિદ બનાવી શકવાના હતા? હવે જ્યારે તે જગા પર રામનો જન્મ સાબિત જ થયો છે તો શા માટે તમામ જમીન હિંદુ સમુદાયને ના સોંપી દેવી જોઇએ ? આ કોઇ એકલ દોકલ પ્રતિભાવ ના હતા. અનેક લોકોએ આવા જ પ્રતિભાવો આપ્યા. ચુકાદાથી ખુશ થવા માટેનાં બે કારણો; એક તો દહેશત અને ભય દૂર થયા છે, બીજું વિવાદી વિસ્તારની અમુક જમીન પર મુસ્લિમ સમુદાયને પણ હક્ક મળે છે અને તે રીતે મુસ્લિમ સમુદાયનું પણ વજૂદ સચવાયું છે. સાજીદખાન એક કર્મશીલ અને વેપારી છે. ૧૯૯૨નાં રમખાણો વખતે જોગેશ્વરીની ઝૂંપડપટ્ટીમાં તેમણે કામ કર્યું છે. સાજીદ પોતે માને છે કે આ 'કાયદાકીય' નહીં પણ 'રાજકીય' ચુકાદો છે પણ તેઓ આ ચુકાદાને આવકારે છે કેમ કે આ ચુકાદો મડાગાંઠ વાળી સ્થિતિમાંથી રસ્તો કાઢે છે. તેઓ તો ઉમેરે છે કે આપણા જેવા બિનસાંપ્રદાયિકો આ ચુકાદા પર સવાલો ઊભા કરે છે પણ આમ મુસ્લિમ તો જુદી રીતે જ જુએ છે. વિદેશી પત્રકારોને લઇ સાજીદખાન ૧૯૯૨નાં કોમી રમખાણોના ભોગ બનેલ વિસ્તારોમાં ગયા ત્યારે ત્યાં બધાં ચુકાદાથી ખુશ જ હતાં કેમ કે કોર્ટે વિવાદી જમીન પર બન્ને સમુદાયોના હક્કો માન્ય કર્યા છે. અને બધાંની એક જ વાત હતી કે, 'ભૂતકાળની વાત જવા દો, અમારા ભવિષ્યની વાત કરો, શિક્ષણ અને કામની વાત કરો'
અનિલભાઇ ચુકાદાના દિવસે ફ્લોરિડા હતા. ચુકાદાની ખબર સાંભળી એક એન.આર.જી. મિત્રે ગળગળા સાદે ઊંડી હાશકારાની લાગણી વ્યકત કરી અને ચુકાદાને આવકાર્યો. 'આપણા રામનું જન્મસ્થાન સચવાઇ ગયું, હવે ભગવાનને પ્રાર્થના કરીએ કે આ વાત અહીં જ અટકી જાય. ચુકાદાનો અમલ થાય, ભાજપા અને કોંગ્રેસ એક થઇ જાય, હવે વાત આગળ ના વધવી જોઇએ.'

દરેક ધર્મના કટ્ટરવાદી સમૂહો તેના અનુયાયીઓને સતત એકપક્ષી, પરિપ્રેક્ષ્ય વિનાની અડધીપડધી વાતો પિરસ્યા કરે છે. આવી વાતોની પૃષ્ઠભૂમિ હોવા છતાં બંન્ને સમુદાયના નાગરીકોએ ચુકાદાને નિઃસંકોચ આવકાર્યો છે.

ચુકાદા બાદ અયોધ્યા ખાતે તે જ દિવસે જોતજોતાંમાં ઉજ્જડ સડકો પર મેદની ઊભરાવા માંડી હતી, દુકાનો ખૂલવા માંડી હતી. હિંદુ સમુદાયના ઠેર ઠેર ઉજવણી કરતા હતા. ઈફકલાક અન્સારી કહે છે, 'અમે ચુકાદો સ્વીકારીએ છીએ, કમ સે કમ ભય અને તંગદિલી તો હવે જશે. અયોધ્યાના વિકાસના રસ્તા હવે ખુલ્લા થશે. ખરાબ દિવસો હવે ગયા. અમારા વેપારધંધા સમૃદ્ધ થશે, રાજકારણીઓની રમત બની રહેતી જિંદગીઓ હવે નહીં હોય.' ચુકાદા બાદની શુક્રવારની નમાઝમાં વડોદરા ખાતે મૌલવીઓએ ચુકાદાનો કોઇ જિક્ર જ નહોતો કર્યો, ત્યારે અમદાવાદમાં નમાઝ પતી ગયા બાદ પત્રકારોએ સવાલ કરતાં મૌલવીએ કહ્યું કે કોર્ટના ચુકાદાનો તેઓ આદર કરે છે અને વાંધો હોય તે સુપ્રીમમાં જઇ શકે છે. સુરતની ખ્વાજા દન મસ્જિદના મૌલવીનો પ્રતિભાવ હતો કે 'નામદાર હાઇકોર્ટે સમાજમાં શાંતિના મુદ્દાને ધ્યાનમાં રાખ્યો છે અને હું તેનો આદર કરું છું.' તડકેશ્વર, સુરતના કારી અમદાલી કહે છે કે 'અયોધ્યા મુદ્દે કોઇએ ઉગ્ર થવું ના જોઇએ અને આ ચુકાદાનો આદર કરવો જોઇએ.' મુસ્લિમ સમાજમાં ગામડાંથી લઇ શહેર સુધી અને વૃદ્ધથી લઇ નવયુવાન સુધી તમામ જૂથોમાંથી એક ઊંડી હાશકારાની લાગણી વ્યકત કરાઇ છે. જસ્ટીસ એસ. યુ. ખાનની ભાવનાને આમ મુસ્લિમ સમાજ આવકારે છે એટલું જ નહીં, તેમની વાત આગળ વધે તેમ ઇચ્છે છે. ચુકાદા બાદ સકારાત્મક પ્રતિભાવોથી જાવેદ અખ્તર, જાવેદ આનંદ, ચુકાદાના એક માત્ર જીવિત દાવેદાર અન્સારીજી વિગેરેએ શુભ ભાવનાની ખાણ -ગુડ વીલ- ઊભી કરી છે.

મુસ્લિમ સમાજ વતી નિવેદનો કરનારા કે મુસ્લિમ સમાજ વતી દાવાઓ લડનારા તમામે આમ મુસ્લિમોના જનમતની અવગણના કરવી ના જોઇએ. બલ્કે આગળની રણનીતિ ઘડતી વખતે આ પરિમાણની ગંભીર વિચારણા થવી જોઇએ. એક મહત્ત્વનો સવાલ એ પણ છે કે આમ મુસ્લિમ આજે ચારે બાજુથી બચાવાત્મક -defensive- ખૂણે ધકેલાઇ રહ્યો છે. આવી સ્થિતિમાં આમ મુસ્લિમને બાબરી મસ્જિદ જેવા મુદ્દે કેટલો વધુ ધકેલવો છે તે વિચારણાનો સવાલ છે.

વળી, વાત રણનીતિ કે કાયદાકીય ચાલોની પણ નથી. જે રીતે આમ

મુસ્લિમો તરફથી ચુકાદા બાદ આવકાર અને હાશકારાના ઉદ્‌ગારો સંભળાયા છે તે જ રીતે આમ હિન્દુ સમુદાયના પણ તમામ જૂથોમાંથી તે જ પ્રકારની લાગણી દર્શાવાઇ છે. ચુકાદામાંથી જાણે *ભૂતકાળ જવા દો અને આગળ વધો* તેવો સંદેશો ઊઠતો હોય તેમ હિન્દુ અને મુસ્લિમ બન્ને સમુદાયના આમ આદમીઓના મોઢે આવા જ પ્રતિભાવો ઊઠયાં છે. અયોધ્યા મુદ્દે, આવા ભાવનાત્મક મુદ્દે પહેલીવાર આમ સમાજના સર્વે વર્ગોમાં એક સમાધાન, એક નિકાલ આવી ગયાનો ઊંડો હાશકારો સાંભળવા મળ્યો છે. બન્ને સમુદાયના નાગરિકોએ બેધડકપણે, વિના સંકોચે, દિમાગથી નહીં પણ દિલથી આ ચુકાદાને આવકાર્યો છે. ભારતીય ચેતનામાનસ પર ઉઠેલા આ ભાવનાત્મક પડઘા એક વિભાજક રેખા - વોટરશેડ - બની રહે તેમ છે. તેનું ઓછું મૂલ્યાંકન ના થવું જોઇએ. આ પ્રતિભાવો થકી બન્ને સમાજના આમ નાગરિકોએ પોતપોતાના કટ્ટરવાદી સમૂહોથી પોતાની જાતને અલગ તારવી છે. આ નાનીસૂની વાત નથી. આમ મુસ્લિમ સમાજના નામે કારભાર કરનારાઓ આ વાત સમજે અને તે રીતે આગળ વધે તો બન્ને સમુદાયના આમ નાગરિકોની ભાવના એકરૂપ થશે. તેનાથી વિપરીત પગલાંઓ મુસ્લિમો વતી લેવાય તે માટે હિંદુ સમાજના કટ્ટરવાદી સમૂહો ટાંપીને જ બેઠાં છે. તેમના તો વન લાઇનરસ્ પણ તૈયાર જ છે. 'જોયુંને, એ લોકો કંઇ માને.. કોર્ટે ભાગ પાડી આપ્યાં છતાં અવળાં ફાટે છે'. સવાલો ગિલાની સાહેબ કે શહાબુદ્દીન સાહેબને કોઇ પૂછવાનું નથી, પણ અયોધ્યાની સદીકનબી કે કવાંટના ઝહીરને કે વટવાની બહેનોને પુછાશે અને કદાચ હિંસક રીતે. તેઓ શું જવાબ આપી શકશે?

ચુકાદો સુપ્રીમમાં પડકારાશે એટલે કદાચ વિશ્લેષણનું કોઇ ખાસ મહત્ત્વ નથી રહેતું પણ રામ જન્મભૂમિ આંદોલન અને આ ચુકાદો ભારતીય લોકતંત્રની એક મહત્ત્વની વિભાજક -વોટરશેડ - ઘટના છે તે કારણે તેનાં વિવિધ પાસાં સમજવા જરૂરી છે.

જસ્ટીસ ખાને તેમના ચુકાદામાં લખ્યું છે કે સુરંગો -લેન્ડ માઇન- બિછાયેલી જમીન પર પગ મૂકીને આ ચુકાદો આપ્યો છે. તેમના શબ્દોમાં :-

'૧૫૦૦ ચો.ફુટના નાનકડા જમીનના ટુકડા પર દેવદૂતો પણ પગ માંડતા ગભરાય છે, અગણિત સુરંગો અહીં ધરબાયેલ છે. અમારે તે દૂર કરવી રહી. કેટલાક શાણા સજ્જનોએ અમોને તેમ કરતા વાર્યા પણ છે, અમે પણ મૂરખની જેમ ધસી જઇ ફુંકાઇ જવા માંગતા નથી. તેમ છતાં અમારે જોખમ ઉઠાવવું જ રહ્યું. જ્યારે જોખમ ઉઠાવવાની ઘડી આવી હોય તે સમયે જોખમ ના ખેડવું તે સૌથી મોટું જોખમ છે. માણસ આગળ એક સમયે દેવદૂતો ઝૂકયા છે, ક્યારેક માણસે તે સન્માનને સાચું પુરવાર કરવું પડે છે. આ એવો જ એક પ્રસંગ છે. અમે સફળ થયા છીએ કે નિષ્ફળ; અમે તો (ચુકાદો આપનાર પોતે) અમારા જજ ના બની શકીએ.'

જસ્ટીસ શ્રી ખાનની માફક સૌને અપેક્ષિત જ હોય કે આ ચુકાદાથી ઠેકઠેકાણેથી, સામસામા છેડાના પ્રતિભાવ ઊઠશે. આ ચુકાદાનાં સકારાત્મક નકારાત્મક પાસાં ધીરે ધીરે છતાં થશે અને સમય/ભવિષ્ય જ તેની સફળતા-નિષ્ફળતા નક્કી કરશે.

ડિસેમ્બર ૧૯૯૨માં બાબરી મસ્જિદ ધ્વંસના પાંચ મહિના પહેલાં જાવેદ આનંદે એક લેખમાં બાબરી મસ્જિદ વિવાદી જમીન પૂરેપૂરી હિંદુ સમુદાયને સોંપી દેવાની વાત કરી હતી. તેઓ આ વાત આજે તો વધારે જુસ્સાથી કરે છે. હાઇકોર્ટના ચુકાદા સામે અપીલ ના કરવી જોઇએ એટલું જ નહીં, રાષ્ટ્રનાં હિતોને, મુસ્લિમ સમુદાયનાં હિતોને ધ્યાનમાં લઇ નામદાર હાઇકોર્ટે જે ત્રીજા ભાગની જમીન આપી છે તે પણ સામેથી બહુમતી હિન્દુ સમુદાયને સોંપી દેવી જોઇએ. ભારત બિનસાંપ્રદાયિક કે બહુમતીવાદી એવા કોઇ પણ મુદ્દાની રણભૂમિ, હિન્દુઓ જેને રામલલ્લાની જન્મભૂમિ માને છે તે જમીન ના બનવી જોઇએ. જાવેદ આનંદની ભાવના સારી છે પણ તે સાથે સંમત થઇ શકાતું નથી. બીજી બાજુ ફ્રીલાન્સ મૌલવી તરીકે પોતાને ઓળખાવતા મુંબઇના શોયેબ કોટી જેવા મુસ્લિમો એમ પણ કહે છે કે આ તો પંચાયતનો ચુકાદો છે, બિનસાંપ્રદાયિક કોર્ટનો ચુકાદો નથી. જો કોર્ટે કાનૂની ચુકાદો આપ્યો હોત અને વિવાદી જમીન પર મુસ્લિમોનો કોઇ હક્ક બનતો નથી તેમ ફરમાવ્યું હોત તો *સમગ્ર મુસ્લિમ સમુદાયને* વાંધો ન આવત. જો કે તેમના નિવેદન બાબતે મુખ્ય વાંધો તો એ જ છે કે મૌલવી સાહેબો સમગ્ર મુસ્લિમ સમાજ વતી વાત કરવાનો અધિકાર ક્યાંથી મેળવી લે છે તે જ સમજાતું નથી અને કમનસીબે મિડીયા, રાજકીય પક્ષો અને સમાજના અન્યો તેમની વાતો, દાવાઓ, નિવેદનોને મુસ્લિમ અવાજ તરીકે ગણી લે છે. આ કારણે આમ મુસ્લિમનો અવાજ શું છે તે દબાઇ જાય છે અને પીટાવાનું તો તેના ભાગે જ આવે છે. આર્ચ-વાહિની કવાંટમાં અગાઉ કોમપ્યુટર સંભાળતા મિત્ર ઝહીર સાથેની વાતમાં વકફ બોર્ડવાળા સુપ્રીમ કોર્ટમાં અપીલમાં જશે તે વાત પણ નીકળી. તેનો પ્રતિભાવ હતો કે વકફ બોર્ડવાળાને કોર્ટે સાંભળવા જ શા માટે જોઇએ?

એક દલીલ એવી થઇ રહી છે કે આ ચુકાદો બહુમતીવાદની આળપંપાળ કરતો ચુકાદો છે અને લઘુમતી હિતોને સાવ હડસેલી દેવાયાં છે. આ બાબતની ચર્ચા લાંબી ચાલશે. પરંતુ પ્રાથમિક દૃષ્ટિએ જોઇએ તો વિવાદી જમીનમાં ૧૫૯૨ થી છેક ૧૯૪૮ સુધી બન્ને સમુદાયના લોકો એક સાથે લગોલગ ધાર્મિક કાર્યો કરતા હતા. ૧૮૯૫માં આ બાબતે હિંદુ સમુદાયના અમુક લોકો તે સમયના શાસકોને જઇને મળેલા અને આ સ્થળ રાજા રામના બાળપણનું સ્થળ છે તેવો દાવો કરેલો. નાનામોટા વિવાદ છતાં બન્ને સમુદાયના લોકો સાથે પૂજા/નમાઝ કરતાં હતાં.

કટ્ટરવાદી સમૂહો નબળી ક્ષણોની રાહ જોઇને જ બેસેલા હોય છે. સ્વતંત્રતાની પરોઢે હજુ ભાગલા બાદની અંધાધૂંધી શમી ન હતી, કાયદો અને વ્યવસ્થા પર આપણા શાસકોની પકડ મજબૂત નહોતી થઇ, બંધારણ ઘડતરની પ્રક્રિયા ચાલી રહી હતી. આવા નબળા સમયે તા. ૨૨ -૧૧-૧૯૪૯ ના રોજ મસ્જિદના આંતરિક ભાગમાં રામની પ્રતિમા સ્થાપી દેવામાં આવી અને જાહેરાત એવી કરવામાં આવી કે ભગવાન રામ પ્રગટ થયા છે! જો કે તે સમયે પણ રાજ્ય શાસન તરફથી તો સ્થાનિક અધિકારીઓને પ્રતિમાઓ હટાવી દેવાની જ સૂચના આપવામાં આવેલી પરંતુ રામ પ્રગટ થયાના પ્રચારે ધારી અસર કરી હતી અને એકાએક કાબૂ બહારની જનમેદની એકત્ર થઇ જતાં તેમ કરવું શક્ય બન્યું ન હતું. આમ જોવા જઇએ તો તરકટ કરીને મસ્જિદના આંતરિક ભાગમાં કબજો જમાવી દેવાયો હતો.

પણ હવે ચુકાદા પછી બન્ને સમુદાયોના નાગરિકોને તે જ વિવાદી જમીનમાં ધાર્મિક થાનકો ઊભાં કરવાની અને ધાર્મિક ક્રિયાકર્મો કરવા દેવાના વિધિવત્ કાયદેસરના હક્કો મળે છે અને એ રીતે જોવા જઇએ તો ૧૯૪૯માં થયેલ ઘટનાના કારણે સદીઓ સુધી બન્ને સમુદાયોના લોકો એક સાથે એક સ્થળે જે ધાર્મિક કાર્યક્રમો કરતા તે પ્રણાલી આ ચુકાદો પુનઃ સ્થાપિત કરે છે, તેને કાયદાનું બળ મળે છે. આ રીતે જોવા જઇએ તો એકદમ ચુસ્ત રીતે ૧૯૪૯ના બળજબરીના કૃત્ય અંગે લઘુમતી સમુદાયને ન્યાય નથી મળતો પણ સાવ જ અન્યાય થાય છે તેવી વાત પણ ફલિત થતી નથી.

કવાંટના ઝહીરને આ ચુકાદો ગમવાનું એક કારણ એ પણ છે કે આ ચુકાદાથી બધાને સમાધાન થઇ જાય છે અને જો કોઇ એક પક્ષે ચુકાદો આવ્યો હોત તો રાજકારણીઓને મોકળું મેદાન મળી જાત અને એકબીજાને લડાવી મારત. ઝહીરની આ વાત સાચી છે. રામ મંદિર - બાબરી મસ્જિદ જેવા સંવેદનશીલ મુદ્દા પર રાજકારણીઓના પ્રવેશથી જ વાતાવરણ ખરડાયું અને લોહીયાળ બન્યું છે. આ ચુકાદાને જે રીતનું બન્ને સમુદાયના સામાન્ય લોકોનું સમર્થન મળી રહ્યું છે તે જોતાં આ ચુકાદાથી નામદાર કોર્ટ રાજકારણીઓને આ સવાલ પર અળગા પાડી દે છે તે રીતે પણ આ ચુકાદો આગવો છે.

રામજન્મભૂમિ આસપાસ થયેલા રાજકીય ઘટનાચક્રના એક અગત્યના રાજકીય પાસાને સમજીએ. રામ મંદિર - બાબરી મસ્જિદ મામલાને ભારતીય જનતા પક્ષે કલુષિત કર્યો તેના અધ્યક્ષ શ્રી નિતીન ગડકરી ચુકાદાના દસેક દિવસ પહેલાં ગુજરાત આવેલા. તે સમયે તેમણે જાહેર વક્તવ્ય આપેલ કે રામમંદિર ભાજપાનો ચૂંટણી મુદ્દો રહેશે નહીં. ભાજપા આ મુદ્દે ઠંડો પડી ગયાનો સૌથી વધુ સબળ પુરાવો તો એ જ છે કે ૧૯૯૨ પછીની ચૂંટણીઓમાં રામમંદિરને ચૂંટણી મુદ્દો બનાવવાનું તે ક્રમશઃ ઘટાડતો ગયો છે. તેના શાસન દરમિયાન રામમંદિર મુદ્દે કંઇ જ ન કરી શકવાની તેની અસર્મથતા સ્પષ્ટ દેખાતી હતી, આ કારણે તેની વગોવણી પણ ખાસ્સી થઇ હતી. આપણા રાજકારણમાં ગઠબંધન(કોએલીશન) સરકારોનો દૌર કેટલો ચાલશે તેનો તો કોઇને અણસાર નથી. તેની મર્યાદાઓ અનેક છે પણ તેની એક સારી આડઅસર પણ છે. ગઠબંધનમાં જુદાં જુદાં રાજકીય રુઝાન ધરાવતાં ઘટકોને સાથે લઇને ચાલવાનું હોવાથી તે મુખ્ય શાસક પક્ષને સંયમિત ચાલ પર રાખે છે, આત્યંતિક થતાં અટકાવે છે. તે કારણે ભાજપાને ઘણા સમયથી સમજાઇ ગયેલું કે રામ મંદિર મુદ્દો કોઇ ખાસ વળતર આપતો નથી બલ્કે, ગળે ઘંટ જેવો છે અને ભાજપાને રાજકીય રીતે અસ્પૃશ્ય બનાવી દે છે. રામ મંદિર આંદોલન બાદ ભાજપાના મતોની ટકાવારી ઘટતી ગઇ અને આંદોલનના ગઢ સમાન ઉત્તરપ્રદેશ તો હાથથી ગયું. આ કારણે ભાજપા પણ કોઇ મોકો મળી જાય તો ખસી જવાની પેરવીમાં જ હતો અને આ ચુકાદો તેના માટે મોકો બની રહ્યો છે. ભાજપાના રામ મંદિર આંદોલનનો કેન્દ્રીય એજન્ડા તો વિવાદી જમીનમાં માત્ર ને માત્ર રામ મંદિર, તેનાથી ઓછું કાંઇ ના ખપે તે હતો. ચુકાદાના દિવસો અગાઉથી જ ભાજપાએ તેનો કેવો અભિગમ હશે તેના અણસાર આપી દીધેલા. ન્યાયતંત્ર-કાયદામાં વિશ્વાસ વિગેરે વાતો કરવા માંડી હતી. ભાજપાએ ચુકાદાનો ઉમળકાભેર આવકાર કર્યો એટલું જ નહીં, ભાજપાના ખમતીધર અને વિચક્ષણ રાજપુરુષ અરુણ જેટલીને એનડીટીવીના બરખા દત્તે ફેરવી ફેરવીને પૂછયું કે માત્ર ને માત્ર રામમંદિરની તમારી મૂળ માંગણીનું શું? આ સવાલને તેમણે સતત ટાળવાની કોશિશ કરી અને આ મુદ્દે કોઇ પહેલ કરશે તેવા અણસાર આપવાનું પણ ટાળ્યું. રામમંદિર

આંદોલનના મહારથી લાલકૃષ્ણ અડવાણી ચુકાદા પૂર્વે અવઢવમાં હતા કે રામમંદિર આંદોલન તેમનો ભવ્ય વારસો છે કે મોટો પશ્ચાતાપ !

ચુકાદા વિષે સાશંક રહીએ તો પણ ભાજપનું આ વલણ સમજવું જરૂરી છે. રામજન્મભૂમિ આંદોલનના સમાધાનકારી ઉકેલ સામે અને તે રીતે આ ચુકાદા સામે એક દલીલ છે કે માની લો કે સમગ્ર વિવાદી વિસ્તાર બહુમતી હિન્દુ સમાજને સોંપી દેવાય, પણ ખાતરી શી કે તે પછી કૃષ્ણ જન્મભૂમિ અને હિંદુ કટ્ટરવાદી સમૂહોના લીસ્ટની પચીસ જેટલા દેવી - દેવતાઓની જન્મભૂમિનાં આંદોલનો નહીં થાય. આ શંકા સબળ છે જ. પણ રામ મંદિર આંદોલન અને ચુકાદાનો પદાર્થપાઠ છે કે ભાજપાએ રામમંદિર મૂદ્દે જે વલણ અપનાવ્યું છે તે જોતાં હવે ભવિષ્યમાં આવા કોઇ સંકુચિત એજન્ડા માટે ભાજપ કે અન્ય કોઇ પક્ષો તૈયાર ના થાય અને રાજકીય વાહન મળ્યા વિના કટ્ટર ધાર્મિક સમુદાયો એક લેવલથી આગળ તેમના સંકુચિત એજન્ડા લઇ જઇ ના શકે. *આઊટલૂક મેગેઝિન*નું મંતવ્ય મહત્ત્વનું છે. તેના મતે ભાજપાને આ ચુકાદાથી ભારે રાહત થઇ છે; કેમ કે કાયદાની લડાઈ તેઓ હારી જશે તેવી તેમને ધાસ્તી હતી. તેવામાં આ ચુકાદાએ તેમને લાભ કરાવી આપ્યો છે અને હવે તે પાર્ટીને વ્યાપક સન્માન મળે તે પ્રયાસમાં હશે. ભાજપ વિશાળ હૃદય બતાવે અને ભવ્ય મંદિરની લગોલગ મસ્જિદ પણ બને તે માટે મુસ્લિમોને સમજાવવાના પ્રયાસો કરે. તેમને અપેક્ષિત છે તેમ, મુસ્લિમ અરજદારો ટેકો ના આપે અને તેમ કરીને મુસ્લિમો આડા અને આછકલાં છે તેમ સાબિત કરવાની ભાજપા અને કટ્ટર હિંદુ સંસ્થાઓ કોશિશ કરે તેમ બને.

વળી આ ચુકાદો જે એંધાણી આપે છે તે પણ મહત્ત્વની છે કે આવા કોઇ પણ સવાલ બંધારણ, કાયદો અને કોર્ટની હકૂમતમાં જ ઉકેલાશે અને છેક સુપ્રીમ કોર્ટ સુધી તેની છણાવટ થશે. ચુકાદો જે રીતે અપાયો છે તે રીતે તેનો અમલ થાય તો ભવિષ્યમાં જ્યારે પણ કટ્ટરવાદી સમૂહો અને રાજકીય પક્ષો આત્યંતિક ધાર્મિક એજન્ડા લઇને લોકો પાસે જશે તો લોકો સવાલ જરૂર કરશે કે સમાધાન કરો, ના થતું હોય તો કોર્ટે જાવ, નાહકના દંગાફસાદ, બંધ કરાવી અર્થકારણ અને વાતાવરણ કેમ બગાડો છો?

ઇન્ડિયન એક્ષપ્રેસના તંત્રી શ્રી શેખર ગુપ્તા ભારતીય મતદારોના બદલાયેલા મિજાજ--આશા-અપેક્ષાઓ, અને તેને કારણે રાજકીય પક્ષો પર તિરસ્કાર અને ફરિયાદોના નકારાત્મક રાજકારણને ત્યજી, વિકાસ અને સોનેરી ભવિષ્યના રાજકીય એજન્ડા ઘડવાનું દબાણ ઊભું થયું છે, તે પરિપ્રેક્ષ્ય ૨૦૦૯થી રજૂ કરી રહ્યા છે. તેઓ આ ચુકાદો અને તત્કાલિન રાજકારણને આ પરિપ્રેક્ષ્યમાં જોઇ રહ્યા છે. તેમના મતે અયોધ્યા ચુકાદા પર આપણા રાજકારણે ડહાપણ અને વ્યવહારુપણું દાખવ્યું છે અને રાજકીય પક્ષોએ ચુકાદાનો ક્ષુલ્લક રાજકીય હિતો માટે ઉપયોગ કરવાનું ટાળ્યું છે. ચુકાદા પરના ભાજપના અને કોંગ્રેસના વલણના સંકેત શું છે? વોટબેન્કના રાજકારણનું સ્વરૂપ અને વોટબેન્ક શેની બનેલી છે તે મહત્ત્વના મુદ્દે રાજકીય પક્ષોની સમજમાં ધરમૂળથી ફેરફાર આવેલા છે તે આ ચુકાદાનો એક અર્થ છે. ગુજરાત ૨૦૦૨નાં કોમી રમખાણો બાદ કોંગ્રેસે તેની રાજકીય રણનીતિ આક્રમક બિનસાંપ્રદાયિકતાની આસપાસ રચી છે. અયોધ્યા ચુકાદાના મુદ્દે મુસ્લિમ લાગણીઓ અંકે કરવાનું કોંગ્રેસે ટાળ્યું છે. આમ તો કોંગ્રેસ માટે, ૧૯૮૯માં જન્મભૂમિ સ્થળે શીલાન્યાસ અને તે બાદ ૧૯૯૨માં નરસિંહરાવના શાસન દરમિયાન બાબરી મસ્જિદ ધ્વંસ, આ બે ઘટનાઓને કારણે ગુમાવેલ, મુસ્લિમ વોટબેન્ક પાછી મેળવવાનો મોકો હતો પણ કોંગ્રેસે સામે ને સામે બિહારની ચૂંટણીઓ તથા પાછળને પાછળ આસામ, ઉત્તરપ્રદેશની ચૂંટણીઓ હોવા છતાં આ વિકલ્પ જતો કર્યો છે. બલ્કે ચુકાદાથી રાહત થઇ હોવાના અણસાર આપતા પ્રતિભાવો કોંગ્રેસના જણાયા છે. કોંગ્રેસની નેતાગીરીએ બદલાયેલા ભારતીય મતદાતાના મિજાજને પારખ્યો છે તો ભાજપાએ તો તે બાબત અનેક ગણી વધુ અનુભવી છે. ચુકાદા બાદ ઇન્ડિયન એક્ષપ્રેસનાં વંદિતા મિશ્રાને આપેલી એક મુલાકાતમાં શ્રીઅડવાણીએ, ચુકાદો સંતોષજનક છે પણ તેથી બાબરી ધ્વંસ ઉચિત ઠરતો નથી તેમ, પણ ભારપૂર્વક ઉમેર્યું. ૧૯૯૨ના ગુનાહિત કૃત્યને ભાજપના અગ્રણી અને રામજન્મભૂમિ આંદોલનના પિતામહ આ રીતે વખોડી કાઢે તે બદલાયેલા વોટબેન્કના સ્વરૂપની સાબિતી છે. તે અગાઉ ઇન્ડિયન એક્ષપ્રેસના જ સૌભિક ચક્રવર્તી અને વંદિતા મિશ્રાને આપેલ મુલાકાતમાં અયોધ્યા આંદોલન અને પાકિસ્તાન -ઝીણાની મજાર પર ચાદર વિધિ બાદ ઊભા થયેલા પ્રત્યાઘાતો (તેમને ભાજપા પ્રમુખપદું છોડવું પડયું વિગેરે)ની સમીક્ષા કરતાં કહ્યું કે આ બન્ને કાર્યક્રમો બાદના ઘટનાક્રમનો જરા સરખો પણ અંદેશો હોત તો હું અયોધ્યા ગયો જ ન હોત પણ પાકિસ્તાન અને ઝીણાની મજાર પર ચોક્કસ જ ગયો હોત. કોંગ્રેસની માફક ભાજપાએ પણ બદલાયેલા રાજકીય માહૌલ અને તેને સંબોધવાના બદલાયેલા અભિગમને પારખ્યો છે.

૧૯૯૦ના દાયકાની સામાજિક અસલામતી, કટુતા અને હતાશાના માહૌલમાં ભાજપાને હિન્દુત્વની આગ ભડકાવી રાજકારણ રમવાનું ફાવ્યું પણ હવે તે દિવસો રહ્યા નથી તે સમજાયું છે. બદલાયેલો

ભારતીય માહૌલ - નવા ભારતમાં સુધારેલા રાજકીય હથિયારો જ કામ લાગશે  તે મુખ્ય પક્ષોને સમજાયું છે. તેની સાબિતી એ છે કે હાલમાં રાજકારણના કિનારે મુકાઇ ગયેલા મુલામય અને લાલુ સિવાય અયોધ્યા ચુકાદાનો તકવાદી રાજકીય ઉપયોગ કરવાનું અન્ય કોઇ પક્ષોએ યોગ્ય માન્યું નથી અને મુસ્લિમ આગેવાનોએ તેમનાં તકવાદી નિવેદનો વખોડી પણ કાઢયાં હતાં. માયાવતીએ પણ કાયદો અને વ્યવસ્થા પર જ ધ્યાન સીમિત રાખ્યું અને ચુકાદા બાબતે *આમ પણ નહીં અને તેમ પણ નહીં* તેવી વચેટ-તટસ્થ ભૂમિકા લીધી છે. હાલના મહત્ત્વના રાજકીય પક્ષોનું આ વલણ સાબિતી પૂરે છે કે નકરી ફરિયાદો અને તિરસ્કારના રાજકારણના દિવસો પૂરા થયા છે; ભારતના મતદારો- નાગરિકોની અપેક્ષાઓ બદલાઇ છે અને આ બાબત પારખી આજના પ્રમુખ રાજકીય પક્ષો ભારતના નવા મતદારની નવી અપેક્ષાઓ અને નવા મિજાજને પારખી તેને અનુરૂપ રાજકીય રણનીતિ વિકસાવી રહ્યા છે. તિરસ્કાર અને અસલામતીના મુદ્દે રાજકારણ રમતા મુલાયમ, લાલુ અને શિવસેના તળિયે ધકેલાઇ રહ્યા છે.

જસ્ટીસ એસ. યુ. ખાને બાબરી- રામ જન્મભૂમિ ચુકાદો આપવો એટલે સુરંગો - લેન્ડ માઇન્સ- બિછાવેલી જમીન પર પગ મૂકવો તેવી ભાવના વ્યકત કરી છે અને તે સાચી જ છે. પણ જસ્ટીસ એસ. યુ. ખાનને જણાતી સુરંગો હવાઇ જાય છે. કેમ કે ચુકાદાને વ્યાપક જન સમર્થન છે અને તે કાયદાની વ્યાપક વિભાવનામાં જોવાઇ રહ્યો છે. શેખર ગુપ્તા લખે છે કે 'ચુકાદા બાદ કોઇએ ન્યાયતંત્ર પર વેચાઇ ગયા હોવાનો કે સરકારની સાથે સાંઠગાંઠમાં ચુકાદો હોવાનો આક્ષેપ નથી કર્યો. કોઇએ એવો હતાશ સૂર પણ નથી છેડયો કે આ તંત્રમાં હવે વિશ્વાસ જ નથી રહ્યો.' આમ આ રીતે નામદાર એસ.યુ.ખાને અંદેશેલ સુરંગો ધરબાયેલી હોવા છતાં આક્રમક બની શકે તેમ નથી. આ સુરંગો શી છે તેનો એક મુદ્દો - શું આ ચુકાદો બહુમતીની આળપંપાળ છે તે - તો આપણે ઉપર જોઇ ગયા.

ઇન્ડિયન એક્ષપ્રેસમાં પ્રતાપ ભાનુ મહેતા આ સુરંગોનું બહોળી ક્ષિતિજે આકલન કરી રહ્યા છે. તેઓ લખે છે "લખનૌ હાઇકોર્ટની ત્રણ જજની બેંચે ભારતની વિભાવનાને અનુરૂપ ચુકાદો આપ્યો છે :-

૧ ભગવાનના મુદ્દે - કોઇ વિવાદ ના હોવા જોઇએ,
૨ મિલ્કતના મુદ્દે - સમાધાન કરો, અને
૩ ઇતિહાસની દ્રષ્ટિએ - આગળ વધો.

સૂક્ષ્મ પૃથક્કરણો અને સંકુલ ઐતિહાસિક ન્યાય આ ચુકાદાને કલાત્મક બનાવે છે. જેમ કે જસ્ટીસ ખાન તેમના ચુકાદામાં રામમંદિર સ્થળે ધરબાયેલા જૂના અવશેષો મંદિરના હોવાનું ઠેરવે છે પણ બાબરે મંદિર તોડીને મસ્જિદ બનાવી હોવાની વાતનો ઇન્કાર કરે છે કેમ કે કોઇ ઈમારત તોડીને નવું નિર્માણ કરાયેલ હોય તો તોડી પડાયેલ અવશેષો જમીનમાં દટાયેલા ના હોય પણ જમીનની ઉપર વેરવિખેર પડેલ હોય. ત્રણેય જજ એ વાત પર સંમત છે કે વિવાદી જમીનનો બન્ને સમુદાયોનો સહિયારો ભોગવટો/વપરાશ છે અને લાંબા સમયનો ભોગવટો/વપરાશ કોનો અધિકાર છે તે સ્થાપિત કરવામાં નિર્ણયકર્તા પરિબળ બની શકે. આ પાયા પર તેઓ વિવાદી જમીન/મિલ્કતનો વિવાદી પક્ષો વચ્ચે ભાગ પાડી આપે છે. આમ કરતાં ૧૯૪૯માં બળજબરીથી મૂર્તિઓ સ્થાપી કબજો જમાવી દેવાના એક વિવાદી પક્ષના કૃત્યને કાયદેસર ઠેરવે છે તેમ પ્રથમ નજરે જણાય છે. આ ચુકાદાની ત્રણ મુદ્દે ટીકા કરી શકાય તેમ છે પણ બરાબર વિચાર્યા વગર તેમ કરવાની લાલચ  રોકવા જેવી છે.

**૧. ઐતિહાસિક મુદ્દે :-** હતાશા થઇ શકે કે ૧૯૪૯થી ક્રમશઃ બળજબરીથી વિવાદી જમીનનો કબજો ગેરકાનૂની રીતે જમાવવામાં આવ્યો તે ગુનાહિત કૃત્યોને આ ચુકાદો વાજબી અને કાયદેસરનો ઠેરવે છે. પણ ચુકાદાનું આવું અર્થઘટન ભૂલભરેલું હશે. કેમ કે એક તો આ ચુકાદામાં કોઇ ઠેકાણે ૧૯૯૨ના બાબરી મસ્જિદ ધ્વંસના ગેરકાયદે કૃત્યને નિર્દોષ કૃત્ય કે ગુનેગારોને બેકસૂરવાર ઠેરવતા કોઇ ઉલ્લેખો નથી. હકીકતમાં ૧૯૯૨ના ગુનાનો મુકદ્દમો ચલાવવા માટે હવે કોર્ટને આસાની ઊભી થઇ છે. ચુકાદો અદાલતોને કોમવાદી રાજકારણના વમળમાં ફસાઇ જતા ઉગારી લે છે. એક લોકતાંત્રિક સંસ્થા તરીકે હવે કોઇ શરમ વિના અદાલત ૧૯૯૨માં કાયદો હાથમાં લેનાર તત્ત્વો સામે કાનૂની કાર્યવાહી હાથ ધરી શકશે. ૧૯૪૯માં બાબરી મસ્જિદ ગર્ભગૃહમાં જબરદસ્તીથી ઘૂસી જઇ રામ પ્રતિમાઓ સ્થાપી દેવાની ઘટના સીમા ચિહ્નરૂપ છે કેમ કે તે સ્વંત્રત ભારતમાં બની. પરંતુ નામદાર કોર્ટને લાગ્યું છે કે ૧૯૪૯ના  આ કૃત્યને કોઇપણ રીતે - કાયદાકીય કે ઐતિહાસિક - વિવાદના પૂર્વ ઇતિહાસથી અલગ પાડીને જોઇ ના શકાય. અહીં મહત્ત્વની વાત એ છે કે નામદાર કોર્ટ ૧૯૪૯ના કૃત્યને તેના પૂર્વ ઇતિહાસમાં ફંફોસે છે જરૂર, પણ એટલા માટે કે એક પ્રકરણનો અંત આવે નહીં કે નવા ઘાવ/ જખ્મો ઊભરી આવે. જસ્ટીસ એસ.યુ. ખાનના ચુકાદા મુજબ ઐતિહાસિક નિરાકરણ તરીકે આ ચુકાદો સૂક્ષ્મ સંવેદનાઓ દર્શાવે છે.  શેખર ગુપ્તા પણ લખે છે કે 'આ ચુકાદાથી બાબરી મસ્જિદ ધ્વંસનો ફોજદારી ખટલો ચલાવવાનું આસાન થયું છે.

નામદાર કોર્ટે ૧૯૯૨માં બાબરી મસ્જિદ તોડી પડાયાના ફોજદારી કૃત્યને વિવાદી જમીન પરના માલિકી હક્કના દિવાની દાવાઓથી છૂટો પાડી આપ્યો છે. બાબરી મસ્જિદ હતી તે જમીન કોની માલિકીની છે તે ૧૯૯૨ વખતના મસ્જિદ ધ્વંસના ગુનેગારો સામે કામ ચલાવવામાં કોઇ રીતે આડે આવતા નથી.'

**મિલ્કત પરના કબજા હકક અને ભાગ પાડવાના મુદ્દે :-** વિવાદી જમીન મિલ્કતને ત્રણ ભાગમાં વહેંચી આપવાનો નિર્ણય કાયદાકીય રીતે ગળે ઊતરે તેવો છે ખરો? અપીલમાં જવાનો દરેકને હક્ક છે પણ ત્યાં જઇને કોઇ એક જ પક્ષને તમામ મિલ્કત મળી જાય તે રીતની ભૂમિકા લેવાની ભૂલભરેલી હશે. આમ કરવું તે નામદાર કોર્ટ ચુકાદામાં જે કહેવા માંગે છે તેને સમૂળગું ઊલટાવવા જેવું હશે. હકીકતમાં કોર્ટ ત્રણ ભાગમાં જમીન વહેંચી આપીને પરોક્ષ રીતે તો એમ કહેવા માંગે છે કે મિલ્કત કોની છે તે નક્કી કરવાનું કામ અતિ કઠિન છે. કોઇ એક પક્ષે જ તમામ વિવાદી જમીનનો દાવેદારનો દાવો તો દાવેદારની મિલ્કત પ્રાપ્તિની ક્ષુલ્લક સમજ અને સવાલ સાથે જોડાયેલ જટિલતાના ઇન્કાર બરાબર છે. દાવેદારોએ વિવાદી જમીનનો સહિયારો વપરાશ થતો આવ્યો હોવાની દલીલ કરી છે તે તો બન્ને ધર્મના ધાર્મિક થાનકોનું સહઅસ્તિત્વ શક્ય છે તેનો વાસ્તવિક પુરાવો છે. આ સવાલને લોર્ડ મેઘનાદ દેસાઇએ પણ તેમના લેખમાં આવરી લીધો છે. તેમના મતે 'મસ્જિદે - જન્મસ્થાન વિવાદ પર નામદાર કોર્ટે એવીડન્સ અધિનિયમના પુરાવા મુજબ કોઇ પણ દાવેદાર તેનો માલિકીહક્ક સાબિત કરી શકવાને સમર્થ નથી તેમ ઠરાવ્યું છે. આ આઘાત છે, પણ રાહતજનક! માલિકીહક્કનો ઇન્કાર કર્યા બાદ નામદાર કોર્ટે ૧૮૫૭ કે તે પહેલાંનો સહિયારો સહવાસ સ્થાપિત કરે છે અને એક વાર તે થઇ જાય તે પછી સર્વમાન્ય સમાધાનકારી ચુકાદાના આધાર ઊભા થઇ જાય છે. નામદાર કોર્ટે તેમ જ કર્યું છે. કાયદાનું મને ઝાઝું જ્ઞાન નથી, ચુકાદો કાયદાશાસ્ત્ર મુજબ બંધબેસ્તો છે કે નહીં તે પણ મને ખબર નથી પણ ચુકાદો ડહાપણભર્યો જણાય છે.'

**રામજન્મભૂમિ સ્થળ કોર્ટ કેવી રીતે નક્કી કરી શકે :-** કોર્ટે વિવાદી જમીનનો ગૃહભાગ હિન્દુ સમુદાયના ભાગે ફાળવ્યો છે અને સ્પષ્ટપણે ઠરાવ્યું છે કે રામલલ્લાની આ જન્મજગા છે. નામદાર કોર્ટ આ બાબત ઠેરવવા કઇ રીતે સક્ષમ છે? ફરીથી કોર્ટે લાંબા સમયથી ચાલી આવતી લોકમાન્યતા-શ્રદ્ધાને આધાર પુરાવો બનાવ્યો છે. પણ જ્યારે કોઇ સ્થળ માટે માલિકી વિવાદ ઊભો થયો હોય અને વૈકલ્પિક દાવેદારો ઊભા હોય તે વખતે આવી ધારણાઓનો સહારો કઇ રીતે લઇ શકાય? આ એક મહત્ત્વનો સવાલ છે. પણ બીજી બાજુ લોકમાન્યતાઓ/ શ્રદ્ધાનો આ વિવાદ પરત્વે નકાર કરવાથી આસ્થા અને ધર્મશાસ્ત્રોનો માત્ર ઇન્કાર નથી થતો પણ વિવાદ પરના દાવાઓ/ રજૂઆતોનો પૂર્વ ઇતિહાસ અને લોકમાન્યતાઓનો ઇન્કાર થાય છે અને આ બાબતો તો વિવાદી સ્થળનું ચરિત્ર ઘડે છે તેથી તેનો પણ ઇન્કાર થાય છે. નામદાર કોર્ટે આસ્થા -શ્રદ્ધાને સાચી કાયદેસર નથી ઠેરવી પણ આસ્થા અને શ્રદ્ધા સંબંધી હકીકતો આ વિવાદ માટે મહત્ત્વની હોવાનું ઠરાવ્યું છે. અને તે રીતે મસ્જિદના ગૃહભાગને હિંદુઓના ભાગે ફાળવેલ છે. આ મહત્ત્વના સવાલ પર જસ્ટીસ એસ.યુ. ખાને લખ્યું છે કે 'રામજન્મ સ્થાન ત્યાં જ છે તે સમજી વિચારેલી ધારણા છે.'

પ્રતાપભાનુ મહેતા આગળ લખે છે કે 'આ ત્રણેય દૃષ્ટિકોણ જો આક્રમકપણે રજૂ કરાય તો તેના રાજકીય પ્રત્યાઘાતો સર્જાશે. મિલ્કતના હક્કોનો મુદ્દો ઉગ્રપણે લડવામાં આવે તો વિવાદનાં અતિ સંવેદનશીલ ઐતિહાસિક પાસાં અવગણાશે. જો ઐતિહાસિક પાસાને ઉગ્રપણે લડાય તો આ બાબતો નિરાકરણ થઇ શકે તેવી નથી અને ભારતને તે ઐતિહાસિક વિવાદોના કાદવમાં ખૂંપેલો રાખશે. આસ્થા અને શ્રદ્ધાના મુદ્દાઓ ફરીથી ઉખેડાય તો તે સમાજનું ધ્રુવીકરણ કરશે અને એકથી વધુ ભાગોમાં ભારતને વિભાજિત કરશે. નામદાર કોર્ટે વિવાદી જમીનને રામજન્મ સ્થળ ઠેરવ્યું તે તો ધર્મને બિનરાજકીય બનાવવાનો પ્રયત્ન છે. નામદાર કોર્ટ જે મુદ્દો નક્કી કરવા મથામણ કરી રહી છે તે માટે સામાન્યપણે વપરાતા શ્રદ્ધા અને તર્ક , ઇતિહાસ અને લોકવાયકાઓના ભેદભાવો ન્યાયી નહીં હોય. રામ એક આસ્થાનું સર્જન છે કે તર્કનું, લોકવાયકા છે કે કોઇ ઇતિહાસ, શાશ્વત છે કે સાંયોગિક, એક હકીકત કે કલ્પના તેની ચર્ચા થઇ શકે પણ નામદાર કોર્ટ મક્કમ છે કે આવી ચર્ચાઓથી ભારતીય સમાજના જનમાનસની ચેતનાઓ નાબૂદ નહીં થઇ જાય. એડમંડ બર્કે કહ્યું છે કે ધર્મનો સમૂળગો ઇન્કાર ધર્મ આધારિત યુદ્ધો ભડકાવનાર બની રહે છે. સરવાળે નામદાર કોર્ટે ધર્મ આધારિત દાવાઓનો રાજ્યના બિનસાંપ્રદાયિક સ્વરૂપને જાળવી રાખીને ચુકાદો આપ્યો છે. આ મરજાદીઓ(puriest)ને માફક નહીં આવે. ચુકાદો શુદ્ધ કાયદાશાસ્ત્રીય સિદ્ધાંતો જળવાયેલો હોય તેવો નથી પણ સોદા/ વ્યવહારું સમાધાન જેવો છે. પણ આપણને વિભાજિત કરનારા કેટલાય મુદ્દાઓ - અનામત, હૈદ્રાબાદના મુલ્કી શાસન - પાછળનું ન્યાયશાસ્ત્ર આ ચુકાદા જેવું જ છે. આ ચુકાદો એક સમાધાન છે તે સવાલ નથી પણ સવાલ એ છે કે આ સમાધાન આપણે જે

બંધારણીય મૂલ્યો માટે હરખાઇએ છીએ તેને સાકાર કરવામાં એક કદમ આગળ લઇ જાય છે કે નહીં.'

નિ:શંક જ ચુકાદો એક આગળ લઇ જતું પગલું છે. ચુકાદાના ત્રણેક દિવસ પૂર્વે કેન્દ્રીય પ્રધાન વીરપ્પા મોઇલીએ ઇન્ડિયન એક્ષપ્રેસના એક લેખમાં કાયદાની વિભાવના/દર્શન પર પ્રકાશ પાડયો છે. વીરપ્પા મોઇલીના શબ્દોઃ 'કાયદાનું સામ્રાજ્ય વલણ-અભિગમ (attitude)થી અંકે થાય છે, નહીં કે સત્તા કે ભૌગોલિક ક્ષેત્ર કે પ્રક્રિયાઓથી. કાયદાનો અભિગમ રચનાત્મક છે. વ્યાખ્યા કરવાના માધ્યમથી સિદ્ધાંતોને રોજ-બરોજના વ્યવહારોની ઉપર સ્થાપી ઊજળા ભવિષ્યનો સારામાં સારો માર્ગ (સમાજને) બતાવવાનો તેનો ઉદ્દેશ છે. આ ભાઇચારાનો અભિગમ છે, જે સાબિત કરે છે કે સમાજમાં આપણે જુદાં જુદાં હિત, માન્યતાઓ અને ઉદ્દેશ ધરાવતા હોવા છતાં એકબીજા સાથે આપણે કઇ રીત જોડાયેલા છીએ. છેવટે આપણે કેવા નાગરિક અને આપણે કેવો સમુદાય ઊભો કરવા માંગીએ છીએ તેનું પ્રતિબિંબ તે (કાયદો) પાડે છે. '

શેખર ગુપ્તાએ ઇન્ડિયન એક્ષપ્રેસમાં લખ્યું છે તેમ ટાંકણે નામદાર કોર્ટે દેશને-સમાજને એક દિશા નિર્દેશ કરતો ચુકાદો આપ્યો છે. તેઓ લખે છે કે 'જ્યારે સઘળું નિષ્ફળ જાય છે ત્યારે, રાજકારણ-સામાજિક સંવાદ-બૌદ્ધિક અને દાર્શનિક ચિંતન વિ., સંસ્થાઓનો(Institutes) ટેકો લે છે. પણ તે માટે સર્વોચ્ચ સંસ્થા એવી લોકશાહી સ્થાપવી પડે અને તેની માવજત કરવી પડે અને તેની અતિશયતા સહન પણ કરવી પડે. લોકશાહી આપણી વાલી રખેવાળ તો છે જ પણ તે પ્રેશર વાલ્વનું કામ પણ કરે છે. નિષ્પક્ષ, વ્યાજબી અને શાખવાળી સંસ્થાઓ વિશ્વસનીય હોય અને તે વહીવટકર્તાઓના મનસ્વીપણાથી, રાજકારણીઓના ગાંડપણથી અને ખાસ તો બહુમતીના આતંકથી આપણું અને આપણા અધિકારોનું રક્ષણ કરે છે.' તેમની અપેક્ષા મુજબ હવે પછીનું તાર્કિક પગલું ૧૯૯૨ના બાબરીધ્વંસના ગુનેગારો સામે તમામ શકિતઓ લગાડી, ન્યાય થતો દેખાય તે રીતે કેસો ચલાવવા જોઇએ. તેઓ લખે છે, 'ભારતના લાખો નાગરિકોને લોકશાહીમાં વિશ્વાસ શ્રદ્ધા છે કે આપણી લોકતાંત્રિક સંસ્થાઓ એટલી સમજણી છે કે અહીં ગમે તેવા નાજુક સવાલો હિંસાનો માર્ગ લીધા વિના ઉકેલાય છે. કાયદાના રાજમાં શ્રદ્ધા, વિશ્વાસ ટકી રહે તે માટે જરૂરી છે કે કાયદો હાથમાં લેનાર સામે સખ્ત હાથે કામ લેવાય.'

છેલ્લે બધાને નડતો એક સવાલ કે શું મંદિર અને મસ્જિદ એક સાથે હોવાં શકય છે ? શેખર ગુપ્તા આ અતિ મહત્વના સવાલ પર લખે છે કે 'ભારતમાં અનેક સ્થળો એવાં છે કે જ્યાં જુદા જુદા ધર્મનાં થાનકો એક સાથે આવેલાં હોય અને પૂજા- અર્ચના એક સાથે થતી હોય. પરંતુ મારું સૌથી પ્રિય સ્થળ કાંચીપુરમ છે, જ્યાં શંકરાચાર્યના મઠની પાસે જ ખાસ્સી મોટી મસ્જિદ છે. મજાની વાત એ છે કે ગલીના મોખરે દ્રવિડ ચળવળના જન્મદાતા, નાસ્તિક અને મૂર્તિખંડક પેરિયરનું બાવલું છે, જેની નીચે કોતરેલ છે કે :-

ભગવાન નથી. ભગવાન નથી. ભગવાન નથી જ. . નથી.<br>ભગવાનને શોધનાર મૂરખ છે.<br>ભગવાનનો પ્રચાર કરનાર બદમાશ છે.<br>ભગવાનની ભક્તિ કરનારા અસભ્ય છે.

અહીં કાંચીપુરમમાં તમે ભગવાનમાં માનતા હો તો શંકરાચાર્યના મઠમાં જાવ, અલ્લાહમાં માનતા હો તો મસ્જિદમાં જાવ અને ભગવાન છે જ નહીં તેમ માનતા હો તો પેરિયરને જઇને નમો.''

ચુકાદાને મળેલ વ્યાપક જનસમર્થન આજના સામાજિક અને રાજકીય માહૌલને ઠીક ઠીક ઉજાગર કરે છે. ચુકાદાને આવકારતા પ્રતિભાવો `હિંદુ બહુમતી જીતી છે અને ૧૯૯૨, ૨૦૦૨ના આતંકના કારણે મુસ્લિમ સમાજ ભયભીત થયો છે, આ કારણો એ જ છે તેમ માનવું ભૂલભરેલું છે, આત્મઘાતી પણ. અયોધ્યા વિવાદ તેની ચરમસીમાએ હતો તે સમયે પણ બન્ને સમુદાયોના લાખો લોકો એક જ વાત કરતા હતા કે મંદિર - મસ્જિદ બન્ને હોય તે રીતે વહેંચી આપો. રામ જન્મસ્થળનો ભાવુક સવાલ હોવા છતાં અનેક યુવાઓ, વડીલો એક સૂરે કહેતા હતા કે આ જગાને જાહેર સ્થળમાં ફેરવી નાંખો, અહીં વિજ્ઞાન સેન્ટર બાંધી દો...અરે, અહીં જોરદાર ક્રિકેટ સ્ટેડીયમ બાંધી દો. સામાન્ય મુસ્લિમો તો 'આપણે ક્યાં ત્યાં નમાજ પઢવાની છે' તેમ કહી હાથ ખંખેરતા તે દિવસોમાં પણ સાંભળેલ. હવે જ્યારે કોર્ટે બન્ને સમુદાયના સહિયારા અસ્તિત્વને કાયદાનું સમર્થન પૂરું પાડયું છે ત્યારે બન્ને સમુદાયનાં ઝનૂની તત્ત્વોને દર કિનાર કરવાનો એક મોકો ઊભો થયો છે. ■

***(ચુકાદા બાદ ઇન્ડિયન એક્ષપ્રેસમાં આવેલ લેખો-સમાચારો, ખાસ કરીને પ્રતાપ ભાનુ મહેતા, શેખર ગુપ્તા, મેઘનાદ દેસાઇ તથા આઊટલૂક, તહેલકા મેગેઝિનના લેખોના આધારે)***

# અયોધ્યા પૂછે છે, આ શોરબકોર શાનો?

અયોધ્યામાં વિવાદિત સ્થળની માલિકીના હકના કેસનો ચુકાદો હાથવેંતમાં છે. દેશભરમાં તણાવ વ્યાપી રહ્યો છે પરંતુ અયોધ્યા શાંત છે. ત્રણ દિવસથી વરસી રહેલા વરસાદે આ શાંતિમાં સન્નાટો પણ જોડી દીધો છે. કોર્ટના ચુકાદાનો ઇંતેજાર અને જિજ્ઞાસા પણ મુશળધાર વરસાદમાં જાણે કે વહી ગઇ છે. જાણે લોકો પૂછી રહ્યા છે કે કેવો ચુકાદો, કોનો ચુકાદો? અયોધ્યાના સામાન્ય માનવીનું માનવું છે કે, બહારના લોકો અમારા શહેરમાં અશાંતિ ફેલાવે છે. અહીં છેલ્લાં ૫૦ વર્ષમાં હિન્દુ-મુસ્લિમ રમખાણ થયાં નથી. તો હવે આ આશંકા શા માટે? શહેરમાં સીઆરપીએફની દસ કંપનીઓ પહોંચી ગઇ છે. નગરપાલિકાના સભાસદ અચ્છનખાન માને છે કે બહારના લોકો અહીં આવશે તો જ કોઇ અનહોની થશે અને કરફ્યુ લાદવાની સ્થિતિ સર્જાશે. સંકટ મોચન હનુમાન કિલાના મહંત રામવિલાસ દાસ તો સ્પષ્ટ કહે છે કે ''આ તો નોટ અને વોટનું ચક્કર છે. એક વાર ગમે તે ચુકાદો આવી જવા દો. કોઇ અયોધ્યા તરફ પાછું વળીને પણ જોવાનું નથી.'' અહીં આવેલાં મંદિરોના વિકાસની વાત કોઇ કરતું નથી. અયોધ્યાના નામે નેતાઓએ ઘણા રાજકીય રોટલા શેક્યા છે. પરંતુ અયોધ્યાને તો નુકસાન સિવાય કશું મળ્યું નથી. કજિયાનાના સૈયદ જાવેદ કહે છે,

''અમારે આ ચુકાદા સાથે કોઇ લેવા દેવા નથી. અમે આજે પણ હિંદુઓ સાથે જ ઊઠીએ-બેસીએ છીએ. રોજ સાંજે કેરમ રમીએ છીએ, નમાઝ પઢીને બહાર નીકળીએ અને વરસાદ પડતો હોય તો અમારી છત્રીઓમાં હિંદુઓ આશ્રય લે છે અને હિંદુઓની છત્રીઓમાં અમે આશ્રય લઈએ છીએ. અમારી વચ્ચે તો કોઇ દ્વેષ નથી, પછી આ રાજનીતિ શા માટે? અયોધ્યાવાસીઓને શાંતિ એટલી પ્રિય છે કે તેઓ નથી ઇચ્છતા કે રાજકારણીઓ અયોધ્યામાં રામલલ્લાના દર્શન માટે આવે, મીડિયા તેને ચમકાવે. લવકુશનગરના કૃષ્ણકુમાર ત્રિપાઠી કહે છે કે ક્ષુલ્લક રાજનીતિ કરીને નેતાઓએ રામજન્મભૂમિને મુદ્દો બનાવી દીધો છે પરંતુ અહીંના લોકો માટે તે કોઇ મુદ્દો જ નથી. દરરોજ ચોરાહા, પાનની દુકાનો પર ચુકાદાની ચર્ચા તો થાય છે પરંતુ તે ફક્ત ચર્ચા જ રહે છે અને અમારા જીવનમાં તેનું કોઇ ખાસ મહત્ત્વ નથી.

મુતવલ્લી કમાલ અહેમદને દૃઢ વિશ્વાસ છે કે જો અયોધ્યામાં બહારના લોકો નહીં આવે તો ચુકાદાના દિવસે અને ત્યારબાદ પણ અયોધ્યામાં તો શાંતિ જ જળવાશે.

**નાનકડા ગામે ચીંધ્યો અયોધ્યા વિવાદનો ઉકેલ**

અયોધ્યા વિવાદમાં સમાધાન અંગે સરકાર અને સમાજના મનમાં ભલે આશંકાઓ હોય પરંતુ મહારાજગંજ જિલ્લાના લોકોએ આવી જ મુશ્કેલ પરિસ્થિતિમાં ફક્ત એક જ દિવસમાં અનોખો અને સર્વમાન્ય ઉકેલ શોધી કાઢ્યો હતો. આ ઉકેલ એવો હતો કે જિલ્લા વહીવટીતંત્ર પણ ખુશ છે. એટલું જ નહીં, વિવાદ ચગાવવા માટે દોડી ગયેલા કટ્ટરવાદીઓને ગામવાસીઓએ હાંકી કાઢ્યા હતા. મહારાજગજ જિલ્લાના પુરન્દરપુર થાણા અંતર્ગત ઘુસવા-કલા ગામ આવેલું છે, જેની ત્રણ ચતુર્થાંશ વસતી હિંદુ અને એક ચતુર્થાંશ વસતી મુસલમાન છે. બંને સમુદાયો દ્વારા ભેગા મળી સીવાનના ૧૬ ડિસ્મિલ સ્થિત મલંગ બાબાની મઝારની ચારે તરફ કમ્પાઉન્ડ વોલ તૈયાર કરવા માટે પાયો ખોદવામાં આવી રહ્યો હતો ત્યારે ૧૪મી સપ્ટેમ્બરના રોજ ચબુતરામાંથી શિવલિંગ નીકળ્યું હતું. તેની જાણ થતાં જ હિન્દુ યુવા વાહિનીના કાર્યકર્તા ત્યાં પહોંચી ગયા હતા પરંતુ હિન્દુ લોકોએ તેમને સ્પષ્ટ જણાવી દીધું હતું કે, નેતાઓ ચાલ્યા જાય. આ સમસ્યાનો ઉકેલ અમે જાતે લાવીશું. બીજા દિવસ બંને સમુદાયના લોકોએ પંચાયત બોલાવી અને સાંજ સુધીમાં જ તેનો ઉકેલ પણ શોધી કાઢ્યો હતો. નક્કી કરવામાં આવ્યું કે મઝારની જમીનના અડધા હિસ્સામાં જિર્ણોદ્ધાર થશે અને અડધા હિસ્સામાં શિવમંદિર બનાવવામાં આવશે. બીજા દિવસે તરત કામ પણ શરૂ કરી દેવામાં આવ્યું. ગામના સરપંચ ઝમીર અહેમદ આ અગાઉ પણ ગ્રામજનોની ઇચ્છા મુજબ કાલી મંદિરનું નિર્માણ કરાવી ચૂક્યા છે. આ ઘટનાક્રમની માહિતી મળતાં એસડીએમ એ. કે. મિશ્રા પોલીસ દળો સાથે ગામમાં પહોંચી ગયા હતા. તેમને ગામમાં વાતાવરણ ડહોળાય તેવો ભય હતો પરંતુ જ્યારે તેમને ગ્રામજનોના નિર્ણયની જાણકારી મળી ત્યારે મુક્ત મને તેની પ્રશંસા કરી પાછા ફર્યા હતા. હવે સમગ્ર ગામ દાનમાં મળેલાં નાણાંથી મઝારનો જિર્ણોદ્ધાર અને મંદિરનું નિર્માણ કરાવી રહ્યું છે. ■

*(તા.૨૦/૯/૨૦૧૦'ગુજરાત ટુડે' માંથી)*

# અયોધ્યા સમસ્યા- ઇસ્તંબુલનો અનુકરણીય દાખલો

જસવંત બી. મહેતા

### ઈસ્તંબુલની મુલાકાત

ત્રણેક વર્ષ પહેલાં મારે સૌપ્રથમ વાર એક પરિષદમાં હાજરી આપવા માટે ઈસ્તંબુલ (તુર્કી) જવાનું થયું. સામાન્યતઃ તુર્કી માટે મારા મનમાં એવી છાપ હતી કે આ દેશ મધ્યપૂર્વના અન્ય મુસ્લિમ દેશો જેવો જ હશે. પણ મારા છ દિવસના રોકાણનો અનુભવ સાનંદાશ્ચર્ય નિવડયો. હકીકતમાં આ શહેરમાં મને અન્ય મુસ્લિમ રાષ્ટ્રોમાં સામાન્ય રીતે નજરે પડતી રૂઢિચુસ્તતાનાં કોઈપણ ચિહનો દેખાયાં નહીં. અને વિશ્વના કોઈપણ અન્ય નૂતન પ્રગતિશીલ શહેર જેવું જણાયું. રસ્તા ઉપર કોઈપણ સ્ત્રીને મેં બુરખો પહેરેલી જોઇ નહીં (વાસ્તવમાં તુર્કી કાનૂન મુજબ ત્યાં બુરખો પહેરવા પર પ્રતિબંધ છે) અને બધા પુરુષોને પશ્ચિમી પોષાકમાં સજ્જ જોયા.

ઈસ્તંબુલ એ નિઃશંક વિશ્વનાં સૌથી રમણીય શહેરોમાંનું એક ગણી શકાય. ૮૦ લાખની વસ્તી ધરાવતું આ શહેર તુર્કીનું સૌથી મોટું શહેર છે. યુરોપ અને એશિયા ખંડમાં વહેંચાયેલું આ શહેર ઐતિહાસિક અને ભૌગોલિક દૃષ્ટિએ એક વિશિષ્ટ ગણી શકાય. બોસ્પોરસ સામુદ્રધૂનિ આ બન્ને ભાગને વિભાજિત કરે છે. આ સામુદ્રધૂનિ મર્મારા અને કાળા સમુદ્રને સાંકળે છે. સાનફ્રાન્સિસ્કોના ગોલ્ડન ગેટની યાદ તાજી કરાવતા બે લાંબા ઝૂલતા પૂલ આ સામુદ્રધૂનિને સાંકળે છે.

### પ્રાચીન ઈતિહાસ

ઐતિહાસિક દૃષ્ટિએ આ શહેરને વિશ્વનાં સૌથી પ્રાચીન શહેરોમાંનું એક ગણી શકાય. પ્રાચીન સમયમાં બાયઝેન્ટીયમ નામથી ઓળખાતું આ શહેર ઈ.સ. પૂર્વે ૬૬૦ માં ગ્રીક રાજા બાયઝસે વસાવ્યું હતું ત્યારપછી ઈ.સ. ૩૩૦ માં પ્રખ્યાત ગ્રીક સમ્રાટ કોન્સ્ટન્ટાઈને એનું નામ બદલીને કોન્સ્ટન્ટીનોપલ રાખ્યું હતું. ઈ.સ. ૧૪૫૩માં તુર્કોએ આ શહેર પર હુમલો કરી જીત મેળવીને તેનું નામ બદલીને ઈસ્તંબુલ કર્યું અને છેક ૧૯૨૩ સુધી આ શહેર તુર્કીના શક્તિશાળી ઓટોમાન સામ્રાજ્યની રાજધાની તરીકે રહ્યું. તુર્કોએ વિજય મેળવી એના પર કબજો મેળવ્યો એ પહેલાં કોન્સ્ટન્ટીનોપલ ઈસ્લામ સામે ખ્રિસ્તીવાદનું મુખ્ય રક્ષક બની રહ્યું. પણ તુર્કોએ કબજો મેળવ્યા પછી આ શહેર યુરોપના ખ્રિસ્તીવાદને પડકાર ફેંકનાર ઈસ્લામી સત્તા અને સામર્થ્યનું પ્રતીક બની રહ્યું.

### સંત સોફિયાનું દેવળ

તુર્કોએ કબજો મેળવ્યો એ પહેલાં આ શહેર ઈ.સ. ૫૩૭માં ગ્રીક મહારાજા જસ્ટીનીયને બાંધેલ એક ખૂબ જ જાણીતા દેવળ માટે પ્રખ્યાત હતું. આ દેવળને બાંધતાં પાંચ વર્ષ લાગ્યાં હતાં અને અંદાજે ૭૫ કરોડ ડોલરનો ખર્ચ થયો હતો. સંત સોફિયાના દેવળના નામે જાણીતું આ દેવળ વિશ્વભરમાં એક શ્રેષ્ઠ સ્થાપત્ય માટે જાણીતું છે અને ઘણા ઈતિહાસકારોએ એની ગણના દુનિયાની આઠમી અજાયબી તરીકે કરી છે ૭૧ મીટર - ૭૩ મીટરની (૨૬૦ ફૂટ–૨૪૦ ફૂટ) લંબાઇ અને પહોળાઇ ધરાવતા આ ચર્ચની મુખ્ય બેઠક માટેના ભાગ ૩૦.૪ - ૩૨.૨ મીટર (૧૦૦–૧૦૬) ફૂટ લંબાઇ પહોળાઇ ધરાવે છે. એના ઉપર ૫૬ મીટર (૧૮૪ ફૂટ)ની ઊંચાઇ ધરાવતો ઘુમ્મટ છે. તેના મધ્યભાગમાં પ્રાર્થના માટેનો બેઠક ખંડ તથા બેઠક ખંડની બન્ને બાજુએથી લોબીની જગ્યાનું આયોજન કરવામાં આવ્યું છે. આ ઘુમ્મટને ચાર વિશાળ થાંભલાઓથી ટેકવવામાં આવ્યો છે.



Saint Sophia's Museum
The Minarets were added later on during the Turkish regime

તુર્કોના બાદ આ ભવ્ય ચર્ચનું મસ્જિદમાં રૂપાંતર કરવામાં આવ્યું હતું. મૂળ ઈમારતનો ઢાંચો અકબંધ રાખીને આગળ ચાર મિનારા ઉમેરવામાં આવ્યા હતા. આ જગવિખ્યાત દેવળનો મસ્જિદમાં રૂપાંતરનો મુદ્દો વિશ્વભરના ખ્રિસ્તી સમુદાય માટે એક સંવેદનશીલ અને મનને દુભવતો મુદ્દો રહ્યો હતો.

## દૂરંદેશી નેતા મુસ્તફા કમાલ

શક્તિશાળી ઓટોમન  સામ્રાજ્ય અઢારમી સદીથી ધીમે-ધીમે નબળું પડતું ગયું હતું. અને છેલ્લે પ્રથમ વિશ્વયુદ્ધમાં જર્મનીના સાથી રાજ્ય તરીકે તુર્કી પરાજિત થતાં તેને મરણતોલ ફટકો લાગ્યો. ૧૯૨૦માં વિજેતા રાષ્ટ્રોએ જર્મની પર લાદેલી વર્સેલ્સની સંધિ જેટલી જ નામોશીભરી સેવેર્સની સંધિ ઓટોમન સુલતાન પર લાદવામાં આવી, જે મુજબ તુર્કીના સામ્રાજ્યમાંથી ઇટાલિયન અને બ્રિટીશ વસાહતો તથા ગ્રીક આર્મેનીયન અને કુર્દિશ રાજ્યો રચવામાં આવ્યાં. અને વિશેષમાં સામુદ્રધુનિની આજુબાજુનો વિસ્તાર તટસ્થ વિભાગ જાહેર કરવામાં આવ્યો. આ કરાર મુજબ એક સમયનું સમર્થ શકિતશાળી અને વિશાળ ઓટોમન સામ્રાજ્ય એનેટોલિયા (તુર્કીનો એક પ્રાન્ત) પૂરતું સીમિત થઇ ગયું.

આવા વાતાવરણમાં મુસ્તફા કમાલ નામના તુર્કી લશ્કરના એક બ્રિગેડિયરે તુર્કીને આત્મસન્માન અને ગૌરવ પુનઃ પાપ્ત થાય એવું નેતૃત્વ પૂરું પાડયું. ૧૯૨૩ રાષ્ટ્રિય ધારાસભાએ તુર્કીને પ્રજાસત્તાક ઘોષિત કર્યું અને મુસ્તફા કમાલને એના પ્રથમ પ્રમુખ તરીકે ચૂંટયા. ૧૯૨૩ થી ૧૯૩૮ સુધી ચાર વખત તેઓ પ્રમુખ તરીકે ચૂંટાયા અને લાક્ષણિક પરિપકવતાથી રાષ્ટ્રની ધૂરા સંભાળી. તુર્કીને એક રાષ્ટ્ર તરીકે અને ગણતંત્ર તરીકે સર્જવા માટે એમને આતા તુર્ક (તુર્કોના પિતા)નું બિરૂદ આપવામાં આવ્યું.

એમના શાસનકાળ દરમિયાન તુર્કીનુ એક આધુનિક, બિનસાંપ્રદાયિક અને પ્રગતિશીલ ગણતંત્ર રૂપે સ્થાપિત થયું. એમણે કરેલા સુધારાઓમાં સ્ત્રીઓને સમાન હકો, સાર્વત્રિક શિક્ષણ, અને બહુપત્નીત્વને બદલે એકપત્નીત્વ વગેરે બાબતોનો સમાવેશ થાય છે. મુશ્કેલ અરબી લિપિને બદલે લેટિન મૂળાક્ષરો પણ વપરાશમાં મૂક્યા. મધ્યયુગીન રીત-રિવાજો જેવા કે સ્ત્રીઓએ બુરખા પહેરવા પર પ્રતિબંધ મુકાયો. તેઓ શાંતિના હિમાયતી હતા, અને અન્ય રાષ્ટ્રો જોડે દ્વિપક્ષી કરારો કરી કાયમી શાંતિ સ્થાપિત કરી. પંદર વર્ષના એમના રાજ્યકાળ દરમિયાન તુર્કી જે યુરોપની 'બીમાર-વ્યક્તિ' તરીકે ઓળખાતું હતું એને એમણે સમર્થ સ્વાયત્ત પ્રજાસત્તાકનો દરજ્જો અપાવ્યો.

મુસ્તફા કમાલના શાસનનું સૌથી ઉત્તમ પ્રદાન તે એમણે ખ્રિસ્તી વિશ્વની સદ્‌ભાવના જીતવાનું કર્યું. સન ૧૯૩૫માં એમણે સંત સોફિયાનું  કે જેનું મસ્જિદમાં રૂપાંતર થયું હતું તેને રાષ્ટ્રીય સ્મારક તરીકે જાહેર કર્યું. આ સમાધાનકારી અભિગમ એમની દૂરંદેશી દૃષ્ટિનું દૃષ્ટાંત પૂરું પાડે છે અને આને કારણે વિશ્વભરના ખ્રિસ્તી સમુદાયની તુર્કી પ્રત્યેની અણગમાની લાગણીને નિર્મૂળ કરવાનું શક્ય બન્યું.



**સોફિયા રાષ્ટ્રીય સંગ્રહસ્થાનની એક ઝલક**

## બાબરી મસ્જિદનું રાષ્ટ્રીય સ્મારકમાં રૂપાંતર

જેવી રીતે મસ્જિદનું રૂપાંતર રાષ્ટ્રીય સંગ્રહસ્થાનમાં કરવાનું કામ મુસ્તફા કમાલે કર્યું એમાંથી પાઠ ગ્રહણ કરીને આપણે બાબરી મસ્જિદનો કરીને ત્યાં રામમંદિર બાંધવાનો વિવાદાસ્પદ મુદ્દો ઉકેલી શકીએ તેમ છીએ. બાબરી મસ્જિદના ધ્વંશની ઘટનાનો સિદ્ધાંતવિહોણા રાજકારણીઓ અને ધાર્મિક કટ્ટરવાદીઓએ પોતપોતાનાં સાંપ્રદાયિક હિતોને આગળ ધરવામાં પૂરેપૂરો લાભ લીધો છે. અનિર્ણયી અંતહીન વાટાઘાટો અને કાનૂની દાવાઓમાં આપણે ક્યાંય અટવાઇ ગયા છીએ. ધ્વંશ પછીનાં કોમી રમખાણોમાં સંખ્યાબંધ નિર્દોષ માનવીઓએ જાન ગુમાવ્યા છે. એના અવળા પ્રત્યાઘાતો પાકિસ્તાન અને બાંગ્લાદેશ જેવાં આપણાં પાડોશી રાષ્ટ્રો પર પણ પડયા છે. છેલ્લા દશકામાં આપણા દેશની બે કોમો વચ્ચેના વિખવાદો વધુ સ્પષ્ટ અને ઉગ્ર બન્યા છે. શું બાબરી ધ્વંશના સળગતા અને ગૂંચવતા પ્રશ્નને સંત સોફિયા દેવળના દૃષ્ટાંત ઉપરથી પ્રેરણા લઇને તે સ્થળે બધા જ ધર્મોનું પ્રતિનિધિત્વ કરતું રાષ્ટ્રીય સ્મારક ન રચી શકીએ? આવું સ્મારક હિન્દુ, મુસ્લિમ, જૈન, બુદ્ધ, શીખ, ખ્રિસ્તી

વગેરે ધર્મોના મુખ્ય મુખ્ય સિદ્ધાંતોને રજૂ કરી શકે. અહીં જણાવવું જરૂરી છે કે ૧૭મી સદીમાં રાજવી સુલતાન અહમદે સંત સોફિયાના દેવળની પાસે એક વિશાળ મસ્જિદ (જે 'બ્લુ' મસ્જિદ તરીકે જાણીતી છે.) બંધાવેલી, આ કારણે મુસ્તફા કમાલ માટે લોકો પાસે સમાધાનકારી વલણ સ્વીકારવાનું કદાચ સુગમ થયું હશે. લોકો સંત સોફિયા દેવળનું મસ્જિદમાં રૂપાંતર કરવાને બદલે એ 'બ્લુ' મસ્જિદમાં બંદગી કરી શકતા હતા. હિન્દુ સમુદાયનાં વલણોને માન આપીને બાબરી મસ્જિદના બહારના વિસ્તારમાં અથવા અયોધ્યામાં અન્યત્ર રામમંદિર બાંધી શકાય.

આ લખનારના મતાનુસાર દરેક ધર્મના પાયાના સામાન્ય સત્યના સિદ્ધાંતો સમગ્ર માનવજાતિ માટે વિશિષ્ટ સંદેશા આપે છે. બધા જ ધર્મોના ઉદ્દેશ્યો માનવીમાં સદ્ગુણો અને મૂલ્યોનો સંચાર કરવાના હોય છે. હિન્દુધર્મની સહિષ્ણુતા ઇસ્લામનું બંધુત્વ, ખ્રિસ્તી ધર્મનાં જનસેવા - સમાજસેવા, ગૌતમ બુદ્ધનાં પ્રેમ-કરુણા, જૈન ધર્મનાં અહિંસા અને અનેકાન્તવાદના ઉપદેશો (તત્ત્વજ્ઞાનની દૃષ્ટિએ બહુકોણીય અથવા બહુસ્તરીય પાસાનો સિદ્ધાંત) પવિત્ર ગુરુ ગ્રંથ સાહેબમાં સ્વાર્થહિનતા, સંનિષ્ઠા, પવિત્રતા અને સત્ય પર મૂકવામાં આવેલો ભાર - આ દરેકના આગવા સંદેશા છે. અને સમગ્ર માનવજાતિનાં ચક્રોને સબળ રીતે ગતિમાન કરતાં આરા (સ્પોકસ) જેવાં છે.

કમનસીબીની વાત તો એ છે કે બાળપણથી આપણે એક એવા વાતાવરણમાં ઊછરીએ છીએ જ્યાં આપણા પોતીકા સમુદાયનો જ ધર્મ શ્રેષ્ઠ છે એવું આપણાં મનમાં દૃઢ કરવામાં આવે છે. કોઇપણ એક ધર્મના અનુયાયી તરીકે, આપણામાંથી મોટાભાગના બાકીના બીજા ધર્મના સારા મુદ્દાઓથી અપરિચિત રહી જઇએ છીએ. ગૌતમ બુદ્ધ અથવા ઇસુ ખ્રિસ્ત, મહાવીર સ્વામી અથવા ગુરુ નાનક અને ભિન્ન ભિન્ન ધર્મના સ્થાપકો પ્રબુદ્ધ આત્મા હતા. એ લોકોએ જે સમાજમાં જીવ્યા તે ટાણે જે સુસંગત હતું એના સંદર્ભમાં ઉપદેશો આપ્યા.
કોઇપણ ધર્મ બીજા ધર્મના અનુયાયીઓ તરફ તિરસ્કાર દાખવવાનું શીખવતો નથી. બીજા ધર્મો પ્રત્યેનાં આપણાં નફરત કે પૂર્વગ્રહો બહુધા આપણા અજ્ઞાનના કારણે છે. પ્રસ્તાવિત રાષ્ટ્રીય સ્મારકના આયોજન તથા એની રચનામાં ભારતની સમગ્ર જનતાને નજદીક લાવે તેવા સંદેશાઓનો સમાવેશ કરી શકાય.

ઇતિહાસ સાક્ષી પૂરે છે કે અનાદિકાળથી ધર્માંધતા કે જાતિ સમુદાયમાંથી ઉદ્ભવતા દુરાગ્રહોએ રાષ્ટ્રોને સર્વનાશ તરફ ઘસડયાં છે અને જાનમાલની હાનિ નોતરી છે. ઘણું મોડું થઇ જાય તે પહેલાં આપણે કાંઇક કરવું રહ્યું. પરસ્પર વિશ્વાસ અને બંધુત્વ પર નિર્ભર હોય વચ્ચે એવા નવપ્રબુધ્ધ સંબંધો ધાર્મિક સમુદાયો વચ્ચે બાંધવાની શરૂઆત કરવાનો સમય આવી ચૂક્યો છે. હું એવું પણ સૂચવું કે બધા જ સમુદાયોના પ્રબુદ્ધ લોકો એકત્ર થઇને અયોધ્યામાં એવા પવિત્ર સ્થળનું નિર્માણ કરે જ્યાં હિન્દુ, ઇસ્લામ, ખ્રિસ્તી, જૈન, બૌદ્ધ અને શીખ જેવા સર્વ ધર્મોનું મિલનસ્થળ બની રહે.
(નવેમ્બર ૨૦૦૩માં લેખકે મૂળ અંગ્રેજીમાં Ayodhya Entanglement - Lesson from Istanbul પુસ્તિકા પ્રસિદ્ધ કરેલી, જેનો પાછળથી એમણે અનુવાદ કર્યો છે, જેમાંથી સારવીને તેમજ ૧૦-૧૨-૧૯૯૨ના ટાઇમ્સ ઓફ ઇન્ડિયામાં પ્રસિદ્ધ થયેલા એમના પત્રમાંથી સાભાર.

---

## આંતરધર્મીય સંવાદિતા
## જ્યાં નહેરૂ-ગાંધીનું મિલન થાય છે.
**રામચંદ્ર ગુહા**

આંતરધર્મીય સંવાદિતા માટે ધર્મો ધર્મો વચ્ચે પારસ્પરિક વિશ્વાસ અને સન્માન અનિવાર્ય છે. . . આધુનિક ભારતમાં આંતરધર્મીય સંવાદિતાનાં ભંગાણ ૧૯૮૦ માં ઉત્તર ભારતમાં જોવા મળ્યાં જ્યારે હિન્દુ-શીખ વચ્ચે હિંસક બનાવો બન્યા વળી હિન્દુ-મુસ્લિમ વચ્ચે ગયે વર્ષે ગુજરાતમાં હિંસા ફાટી નીકળી. . .જે શીખોની હત્યા કરવામાં આવી તે કોઇ પણ રીતે શ્રીમતી ઇન્દિરા ગાંધીની હત્યા સાથે સંકળાયેલા નહોતા. . .ગોધરા કાંડ બાદ જે મુસલમાનોની કતલ હિન્દુ ટોળાઓએ કરી તે બધા પણ નિર્દોષ હતા. ૨૦૦૧ના સપ્ટેમ્બરની ૧૧મી તારીખની ઘટના બાદ અમેરિકામાં જે બન્યું તેમાં ત્યાંના વહીવટકર્તાઓએ મુસ્લિમોની સુરક્ષા કરવાની જવાબદારી અદા કરી અને ઉશ્કેરણીનું કોઇ કારણ ઊભું કર્યું નહીં. અમેરિકામાં વસતી લઘુમતિઓ વિષેના એક અભ્યાસમાં માત્ર અડધો ડઝન આક્રમક હુમલા મુસલમાનો પર થયા હોવાનું બહાર આવ્યું, જેમાંથી માત્ર એક હુમલો ઘાતક નીવડેલો. આંતરધર્મીય સંવાદિતા જાળવવા અને પ્રસ્થાપિત કરવા માટે રાજ્ય તેમજ નાગરિક સમાજ બંનેએ એક સાથે કદમ ઉઠાવવા પડે. રાજ્યે કાનૂનના પાલનની બાંહેધરી આપવી પડે. નાગરિક સમાજે બધા ધર્મો પ્રત્યે આદરના મૂલ્યનો સંચાર કરવો પડે. . .આંતરધર્મીય સંવાદિતા માટે નહેરૂના વિચારો માત્ર ચાર શબ્દોમાં વ્યક્ત થયેલા છે. ભારત એ પાકિસ્તાન નથી. એમના શબ્દોમાં જોઇએ તો : ''જે ઘડીએ તમે હિન્દુ રાષ્ટ્રની વાત કરો તો પાકિસ્તાન સિવાય બીજો કોઇ દેશ એ વાત સમજી શકશે નહીં. . .તેઓ તરત ઇસ્લામી રાષ્ટ્રના સર્જનને વાજબી ઠેરવશે. અને આપણે પણ તેના જેવું જ વર્તન કરી રહ્યા છીએ તેવું દુનિયાને જણાવશે.'' શ્રધ્ધાળુ અને પોતાને સનાતની હિન્દુ તરીકે ઓળખાવતા ગાંધીજીને અન્ય ધર્મોમાં

પણ રસ હતો. એમના ઉત્તમ મિત્રો એક ખ્રિસ્તી પાદરી સી.એફ.એન્ડ્રયુઝ હતા. એમના અનુયાયીઓમાં અગણિત શીખ, ખ્રિસ્તી, પારસી યહૂદી, મુસલમાન અને અલબત્ત, હિન્દુઓ પણ હતા. પણ ગાંધીજીએ અન્ય ધર્મના ગ્રંથો અને દર્શનોનો ઊંડો અભ્યાસ કર્યો હતો. . .આજીવન બધા ધર્મોના અભ્યાસ પછી એમનું તારણ શું હતું? આપણા હેતુ માટે સાત શબ્દોમાં એમનું કહેણ વર્ણવીએ : ''કોઇ ધર્મ અન્ય ધર્મ કરતાં શ્રેષ્ઠ નથી. આથી તેઓ ધર્માંતરના સજ્જડ વિરોધી હતા. વ્યક્તિએ પોતે જે ધર્મમાં જન્મી હોય એમાં જ રહેવું જોઇએ, પણ એને સુધારવા માટે એ જરૂર મથી શકે. કોઇને પોતાના ધર્મમાં વટલાવવાની છૂપી પ્રાર્થના સુધ્ધાં આપણે ન કરવી જોઇએ. પરંતુ આપણી અંતરતમ પ્રાર્થના એ હોવી જોઇએ કે હિન્દુ સારો હિન્દુ બને, મુસ્લિમ સારો મુસ્લિમ અને ખ્રિસ્તી સારો ખ્રિસ્તી બને. . . ''

. . . વધુ સારા હિન્દુ બનવું એટલે અસ્પૃશ્યતાને નાબૂદ કરવાનું કામ કરવું. વધુ સારા મુસ્લિમ બનવા માટે સ્ત્રીઓને સ્વતંત્રતા બક્ષવા માટે મથવું. વધુ સારા ખ્રિસ્તી બનવા માટે બાઇબલના તે તે ફકરાઓનો અમલ કરવો જેમાં અહિંસાનો હુકમ હોય. એથી વિરુધ્ધ કશું ન કરવું. દરેક કિસ્સામાં વધુ સારા થવા માટે બીજા ધર્મોના અનુયાયીઓ પ્રત્યે પ્રેમાદર કેળવવાનું જરૂરી બની રહે.

*(૨૩મી સપ્ટેમ્બર ૨૦૦૩ના લેખમાંથી થોડા અંશો )*

— — — — — — — — — — — — — — — — — — — — —

## વિવેકાનંદની વાણી

''દરેક આત્મા દિવ્ય છે. આ દિવ્ય તત્ત્વ પામવા માટે આપણા પોતાના આંતરિક તથા બાહ્ય સ્વભાવનું નિયંત્રણ આવશ્યક છે. કર્મથી, ભક્તિથી કે મનોનિગ્રહથી કે ફિલસૂફીથી કે પછી આ બધાના સુમેળથી મુક્તિ પ્રાપ્ત થશે. ધર્મનું આ જ સંપૂર્ણ સ્વરૂપ છે. સિધ્ધાંતો, માન્યતાઓ યા કર્મકાંડો અથવા મંદિરો -અ બધાં સ્વરૂપો તો ગૌણ વિગતો છે. ધર્મ માણસમાં માનવતા માટેનો તીવ્ર ઉત્કૃષ્ટ પ્રેમ ઉપજાવે છે, એ જ ધર્મ માણસમાં શૈતાની નફરત પણ પ્રસરાવે છે. ધર્મ અનન્ય શાંતિ પણ પ્રદાન કરે છે અને ઊંડો તિરસ્કાર પણ પેદા કરે છે. લોહિયાળ હિંસા પણ ધર્મના નામે થતી આવી છે અને એ જ ધર્મે માણસને હોસ્પિટલો ગરીબોનાં આશ્રયસ્થાનો અને અન્ય અનેક સારાં કાર્યો કરવા પણ પ્રેર્યા છે. આ જ ધર્મે માણસને માનવી ઉપરાંત સુક્ષ્મ જીવજંતુની પણ કાળજી લેતાં શીખવ્યું છે. ધર્મે આપણને મૃદુ પણ બનાવ્યાં છે અને ઘાતકીપણું પણ શીખવ્યું છે.''

આપણે બાળપણથી જ પ્રેમ, શાંતિ, સખાવત, સમાનતા અને વિશ્વબંધુત્વની વાતો સાંભળતા આવ્યા છીએ, પણ સરવાળે આ બધું માત્ર અર્થહીન કાલાં શબ્દો અને પોપટિયું રટણ બની રહ્યું છે. અને એ બહુ સહજ થઇ ગયું છે. આપણે એ સિવાય કંઇપણ બીજું કરવા માટે અસમર્થ છીએ. મહાન આત્માઓના આ વિચારો એમના હૃદયમાંથી ઉદ્ભવ્યાં હતાં તેમણે આ વિચારોને શબ્દોનું રૂપ આપ્યું અને ત્યારે ઘણાં લોકો એનો ભાવાર્થ સમજ્યાં. પાછળથી અજ્ઞાની લોકોએ વ્યવહાર તથા આચરણમાં મૂકવાને બદલે માત્ર શબ્દોની રમત બનાવી દીધી.

દરેક ધર્મ પોતાના વિશિષ્ટ સિદ્ધાંતો પ્રદાન કરે છે અને સાથે-સાથે એના અનુયાયીઓ  એવો જડાગ્રહ પણ સેવે છે કે માત્ર એમના ધર્મના સિદ્ધાંતો જ ખરા છે. આટલું જ નહીં પણ એ એવી માન્યતા ધરાવે છે કે જે આ સિદ્ધાંતોમાં શ્રદ્ધા ધરાવતો નથી તે (મૃત્યુ પછી) કોઇ ભયાનક સ્થળે જશે. કેટલાંક તો પોતાની માન્યતા બીજાઓને સ્વીકારવાની ફરજ પાડતાં તલવાર વાપરતાં પણ અચકાતાં નથી. આને દુષ્ટતા કહેવાને બદલે એક જાતનું પાગલપણું કહેવું યોગ્ય ગણાશે. આવા ધર્માંધો પ્રામાણિક હોય છે, બલ્કે અત્યંત પ્રામાણિક હોય છે પણ હકીકતમાં તેઓ અન્ય પાગલો જેટલાં જ બેજવાબદાર છે. આ પ્રકારનું પાગલપણું એક ભયંકર રોગ છે. માનવસ્વભાવની સંપૂર્ણ દુષ્ટતા એના દ્વારા ઉશ્કેરાય છે અને ક્રોધ ભડકી ઊઠે છે. જ્ઞાનતંતુઓ તંગ બને છે અને માનવો વાઘ જેવા હિંસક બની જાય છે.''

. . . ખ્રિસ્તી એ હિન્દુ કે બૌદ્ધ, યા હિન્દુ એ બૌદ્ધ કે ખ્રિસ્તી બનવાની જરૂર નથી. પણ દરેકે બીજા ધર્મોના સત્ત્વને આત્મસાત્ કરીને પોતાના ધર્મને જાળવીને વિકાસ સાધવાનો છે. . .પવિત્રતા, શુદ્ધતા અને દાનધર્મ દુનિયાના કોઇ ધર્મનો ઇજારો નથી અને દરેક ધર્મે ઉમદા ચારિત્ર્યવાન સ્ત્રી-પુરુષો સર્જ્યા છે. માણસજાતે એ શીખવાની જરૂર છે કે વિવિધ ધર્મો એક જ ચૈતન્ય સ્વરૂપની ભિન્ન ભિન્ન અભિવ્યક્તિઓ છે. દરેકને અનુકૂળ હોય તે માર્ગ તે પસંદ કરે છે.

(સીલેકશન ફ્રોમ ધી કમ્પ્લીટ વર્કસ ઓફ સ્વામી વિવેકાનંદ,
પ્રકાશક અદ્વૈત આશ્રમ, કલકત્તા.)■

*(લેખક શ્રી જસવંત મહેતા વ્યવસાયે આર્કિટેક્ટ તથા કન્સલ્ટીંગ એન્જિનિયર છે. ૧૪૫/૧૪૬ મિત્તલ ટાવર, નરિમાન પોઈન્ટ, મુંબઈ-૪૦૦૦૨૧. ફોન નં. ૦૨૨ ૨૨૦૨૮૫૩૨)*

લેખકનાં પુસ્તકો - 'પ્રેસિડેન્શિયલ સિસ્ટમ - એ બેટર ઓલ્ટરનેટિવ?', 'ક્વેસ્ટ ફોર એ બેટર ઓલ્ટરનેટિવ', ઇલેક્ટોરલ રિફોર્મ્સ પર, 'હાઇ-રાઇઝ બિલ્ડિંગ્સ', 'બહુમાળી મકાનોની સમસ્યા' નામની પરિચય પુસ્તિકા)

# કાશ્મીર સમસ્યા : અંત કે હિંસક પુનર્જન્મ ?

વજાહત હબીબુલ્લાહ

કાયમ ભુલાવામાં નાખતી કાશ્મીર વેલીને ફરીથી આપણે હિંસક તબક્કામાંથી પસાર થતી જોઇ, જેમાં જૂન ૨૦૧૦ થી સપ્ટેમ્બર સુધીના ગાળામાં સૌથી વધુ વ્યક્તિઓ, એમાં ય સૌથી વધુ કિશોરો મૃત્યુ પામ્યા. ૨૦૦૮ની ચૂંટણીઓમાં કાશ્મીર ખીણના ખૂણેખૂણેથી લોકોએ, અને ખાસ કરીને યુવાવર્ગે, ભાગ લીધેલો. અને લોકતાંત્રિક સરકારની રચના થઇ ત્યારે ૨૦૦૮માં અમરનાથ યાત્રા સંબંધે ભડકેલાં તોફાનો જાણે ભૂતકાળની બીના બની ગયેલાં. એ વખતે સૌની - 'અલગતાવાદી ઓ' સહિતની, સાર્વત્રિક રાજકીય માંગ ભારતના રાષ્ટ્ર નીચે સ્વાયત્ત સરકાર માત્રની જ હતી. અને ત્યાં તો સપ્ટેમ્બર ૨૦૧૦માં શ્રીનગરના રસ્તાઓ પર 'આઝાદી'નો પોકાર ઘૂમરાવા લાગ્યો. આ ગાળામાં એવું તે શું બની ગયું?

એપ્રિલમાં ૩ યુવાનો - મુહમ્મદ શાફી લોન, શાહઝાદ એહમદ અને રિયાઝ એહમદને કુપવારા જિલ્લાની એલઓસી (લાઇન ઓફ કન્ટ્રોલ)ની નજીકના માછીલમાં કહેવાતા એન્કાઉન્ટરમાં મારી નાખવામાં આવેલા. સરહદ પારથી આવતા ઘૂસણખોરોને ખતમ કરવા માટે જાહેર કરવામાં આવેલ એવોર્ડ મેળવવા માટે આ નકલી એન્કાઉન્ટર કરવામાં આવેલા, એવી ફરિયાદો લોકોએ મોટા પાયા પર કરી, ત્યારે મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લાએ પોલીસને એની તપાસ કરવાની સૂચના આપી. એ તપાસના પ્રાથમિક અહેવાલમાં બહાર આવ્યું કે આ ત્રણ વ્યક્તિઓ 'ઘૂસણખોરો' નહોતી અને રાફીઆબાદના નદીહાલની રહેવાસીઓ હતી, જેમને મારી નાખવામાં એક મેજરનો મોટો ફાળો હતો. તેમ છતાં, ૩જી જૂન ૨૦૧૦ના રોજ સૈયદ અલી શાહ ગિલાનીએ બારામુલ્લા ખાતે લોકોને આ બાબતે ઢાંકપિછોડો થઇ રહ્યો હોવાનું કહી વિરોધ કરવાનો કોલ આપ્યો. ૧૧ જૂનના રોજ શ્રીનગરમાં લોકોએ વિરોધ-પ્રદર્શન કર્યું અને પથ્થરમારો કર્યો. ત્યારે ટ્યુશન કલાસમાંથી પરત ફરી રહેલા ૧૭ વર્ષના તુફેલ મટ્ટુ નામના વિદ્યાર્થીને જમ્મુ-કાશ્મીર પોલીસે પથ્થરમારો કરવામાં ભાગ લીધેલો એમ માનીને એનો પીછો કર્યો અને એના માથા પર ટીયર ગેસ શેલ છોડ્યો, જેના કારણે એનું મરણ થયું અને રાજયભરમાં આંદોલન શરૂ થઇ ગયું. ત્યારબાદ સોપોરમાં સીઆરપીએફે કરેલા ગોળીબારમાં ૨ વ્યક્તિનાં મોત થયાં. ફરીથી સીઆરપીએફના વડાના વિરોધ છતાં મુખ્યમંત્રીએ તપાસ નીમી, પરંતુ ફરી પાછું દક્ષિણ કાશ્મીરમાં પોલીસ ગોળીબારમાં ૩ જુવાનોના મૃત્યુને કારણે બળવો ત્યાં પણ ફેલાયો. એનો તપાસ અહેવાલ ૨૪ કલાકમાં આપવાનો આદેશ થયો, જેમાં બહાર આવ્યું કે પોલીસે કોઇ જ જાતની ઉશ્કેરણી કે કારણ વગર ગોળીબાર કરેલો. એ અંગે થયેલા ઊહાપોહ છતાં માત્ર પોલીસ કોન્સ્ટેબલને જ પકડવામાં આવ્યો.

ત્યાં સુધીમાં તો અશાંતિ શહેરોમાંથી ગામડાંઓ સુધી પ્રસરી ગયેલી. કેટલાંયે બાળકોનાં મૃત્યુને કારણે સ્ત્રીઓ રસ્તાઓ પર આવી ગઇ, જેઓ ૯૦ના દાયકાની શરૂઆતમાં બહાર નીકળી આવેલી ત્યાર બાદ સક્રિય નહોતી. અને ત્યાં સુધીમાં તો આખી કાશ્મીર ખીણમાં છવાઇ ગયેલું આંદોલન 'આઝાદી' માટેનું અભિયાન બની ચૂક્યું હતું, તે ત્યાં સુધી કે ઓક્ટોબરની શરૂઆતમાં, જ્યારે હિંસા શમી ગઇ હતી ત્યારે, મુખ્યમંત્રીને પણ વિધાનસભામાં એવો દાવો કરવા પ્રેર્યા કે આ આંદોલન એની સરકાર સામે નહીં, પરંતુ ભારત સામેનું 'કાશ્મીર છોડો' આંદોલન હતું.

માછીલના બનાવના મહિનાઓ પહેલાંથી જ, જનતાની નાડ પારખનાર બૌદ્ધિકો અને રાજકીય નેતાઓ યુવાવર્ગની ઉગ્રવાદિતાથી ચોંકી ગયા હતા. મારા એક મિત્રે, જે પોતે 'આઝાદી'ના સમર્થક છે, મને છેક ૨૦૦૯ના મધ્યમાં જ્યારે પથ્થરમારાના બનાવો વધતા જતા હતા, ત્યારે આ લક્ષણ જણાવેલું અને મુખ્યમંત્રીએ પણ સ્વીકારેલું કે આ બહુ મોટો પ્રશ્ન હતો, તેમ છતાં પથ્થરમારાના બનાવોને એમણે પુરાણા શ્રીનગરની ગીચ વસ્તીની ગુંડાગર્દીનાં કારનામાં તરીકે લેખીને ધ્યાન નહોતું આપ્યું અને માત્ર કાયદો અને વ્યવસ્થાના પ્રશ્ન તરીકે જ લીધેલો. બાકીના ચૂંટાયેલા નેતાઓ ન કેવળ એની સામે યોગ્ય પ્રતિભાવ આપવામાં નિષ્ફળ રહ્યા, પરંતુ ઊલટું પોતાના રોટલા શેકવામાં એનો ઉપયોગ કર્યો. પરંતુ યુવાનો કોઇના પણ કહેવામાં આવી જાય એટલા ભાવુક કેમ હતા?

હિંસાથી ભરેલા વાતાવરણમાં એક આખી પેઢી જન્મીને મોટી થઇ છે. આ યુવાવર્ગમાં જિંદગીના હેતુ જેવો કાંઇ મકસદ રહ્યો નથી. ખુલ્લી ચૂંટણીઓથી કાંઇક આશા બંધાયેલી, પરંતુ કાશ્મીરના રાજકારણના શાપરૂપ - એકહથ્થુપણું જેમનું તેમ હતું. સુકાતી જતી સરકારી રોજગારી, ભણેલા જુવાનિયાઓનો શ્રમ તરફનો અણગમો, ખાનગી રોકાણની તીવ્ર તંગીને કારણે યુવાવર્ગ માટે તકો ખૂબ ઓછી છે. એમાંના કેટલાક બિન-સરકારી સંસ્થાઓમાં સ્વૈચ્છિક કામોમાં જોડાયા, પણ ઇન્ટેલિજેન્ટ

એજન્સીઓએ એને વિકસવા ન દીધી. ઓમર અબ્દુલ્લાની સરકારે ૨૦૦૯માં માહિતી અધિકાર કાયદો પસાર કર્યો, જેની આસપાસ અનેક જુવાનો જોડાયા, પરંતુ સરકાર એના અમલમાં લડખડાઇ અને એમાં જોડાયેલા કેટલાય જુવાનોને ઊલટું દ્વેષ રાખીને ભોગ બનાવવામાં આવ્યા. બીજી બાજુ, મધ્યમ કે ઉચ્ચ-મધ્યમ વર્ગના પ્રેક્ષકોને બહેલાવવા માટે રાષ્ટ્રીય મીડિયા અગાધ તકોવાળા 'શાઇનિંગ ઇન્ડિયા'ને દેખાડતાં રહ્યાં, જેનાથી કાશ્મીરના યુવાવર્ગના પેટમાં તેલ રેડાતું રહ્યું કે તેઓ આ વિકાસના ભાગીદાર નથી. એટલે, હિંસા છોડ્યા પછી પણ એમને તો સાવ કોરાણે મૂકી દેવામાં આવ્યા છે એવું એમના મનમાં ઠસાવી દેવું ખૂબ સહેલું હતું અને તેઓ મુસ્લિમ છે માટે એમની સામે આવો ભેદભાવ કરવામાં આવે છે એવું એમને ગળે ઊતારવું પણ સહેલું હતું.

આમ તો પથ્થરમારો કરવો એ ડોગરા રાજ સામેના શેખ અબ્દુલ્લાના સમયની પ્રણાલિ છે. એ ધ્યાન પર લેવું જરૂરી છે કે પાકિસ્તાન દ્વારા ઘૂસાડાતાં વિવિધ પ્રકારનાં શસ્ત્રો પર આધારિત હિંસાની નિષ્ફળતા સમજીને કાશ્મીરના લોકોએ પોતાની પથ્થરમારાની પ્રણાલિ જાળવી રાખી છે. ત્યારે બીજી બાજુ આ બળવો મુક્ત ચુંટણીથી ચૂંટાયેલી નેતાગીરીની રાજકીય નેતાગીરીની નિષ્ફળતા જ દર્શાવે છે. આ બળવાની શરૂઆત વખતે મેં એક ઉચ્ચ પોલીસ અધિકારીને પૂછેલું કે પોલીસ શા માટે કાં તો વધુ પડતું વલણ અખત્યાર કરે છે અથવા સીઆરપીએફને આગળ ધરી દે છે? ત્યારે એમણે જે કહેલું એ બહુ સૂચક છેઃ 'જ્યારે જ્યારે કડક પગલાં લેવામાં આવે છે અને ચુનંદા રીંગલીડર્સને પકડવામાં આવે છે કે તરત જ અગ્ર રાજકીય નેતાઓના દબાણમાં આવીને એમને તત્કાલ છોડી મૂકવા પડે છે''!

આ 'આઝાદી' શું છે? ફારુક અબ્દુલ્લા તમને કહેશે કે કોઇપણ બે કાશ્મીરી પોતે આઝાદીનો શું મતલબ કરે છે એનો ચોક્કસ જવાબ નહીં આપી શકે. આઝાદી એટલે સ્વતંત્રતા? ભારતમાં એનો અર્થ સામાન્ય રીતે આ જ કરવામાં આવે છે. પરંતુ, કાશ્મીરની આઝાદીની આકાંક્ષા, એની ભારત સાથેની સ્વીકૃતિ અંગે મૂળે એમને જે કઠે છે એની સાથે જોડાયેલી છે. ફારુક અબ્દુલ્લાના પિતા શેખ અબ્દુલ્લાએ યુએનસીઆઇપીના વડા જોસેફ કોએલને ૧૯૪૮માં કાશ્મીર સામે રહેલી પસંદગીઓ કહી હતી. ત્યારે એમણે પોતાની પસંદગી સ્પષ્ટ કરી હતી. એમના જ શબ્દોમાં, ''ભારત, પાકિસ્તાન, અફઘાનિસ્તાન, ચીન અને સોવિયેટ યુનિયનની સંયુક્ત ગેરંટી નીચે સ્વતંત્રતાની સંભાવના રહેલી છે. હું આઝાદ કાશ્મીરના નેતા ગુલામ અબ્બાસ, જેની સાથે હું સમાન લડત અને મિત્રતાના બંધનને નાતે એક સમયે જોડાયેલો હતો, એમને મળવા રાજી છું. ... પરંતુ, કાશ્મીરના બળવાન પડોશીઓ આપણને સ્વતંત્રતાની ગેરન્ટી આપે તો પણ મને શંકા છે કે એ લાંબો સમય ટકી રહી શકે.''

એટલે ત્યારે કાશ્મીરી નેતાગીરી માટે ભારત સાથેની સ્વીકૃતિ એ જ સાચું સ્વાતંત્ર્ય મેળવવા સમાન હતું. ત્યાર પછી જ્યારે જ્યારે કાશ્મીરીઓને પોતાનું સ્વાતંત્ર્ય જોખમમાં મુકાતું લાગ્યું છે ત્યારે ત્યારે તેમણે એને ભારતના 'દગા' સાથે જોડીને દોષારોપણ કર્યું છે. હકીકતમાં તો તેમણે 'આઝાદી'ની પૂકાર કરતા પહેલાં એક વાર પણ વિચાર્યું હશે કે નહીં કે ભારત અને પાકિસ્તાન જેવા સાથીદારની સાથેના ચીન જેવાં સૈન્યસત્તા સાથે ઊભરી રહેલાં બે મોટાં રાષ્ટ્રોની અડોઅડ જ કાશ્મીર જેવા કદના રાષ્ટ્રની સ્વતંત્રતા અને મુક્તિ સુસંગત છે કે નહીં.

તો શું આર્મ્ડ ફોર્સીસ સ્પેશિયલ પાવર્સ એક્ટ હટાવી લેવાથી અને ૨૦૦૨ની રાજ્ય વિધાનસભાની મહત્તર સ્વાયત્તતાની માંગણી પૂરી કરવાથી આ સમસ્યાનો અંત આવી જશે? અલબત્ત, આખરી સમાધાનમાં આ મુદ્દાઓ સ્પષ્ટપણે આમેજ થઇ જ શકે એવા છે, તેમ છતાં અત્યારે એ હકીકત છે કે હાલની માંગણી સાથે એને કાંઇ લાગતું વળગતું નથી. છેલ્લે છેલ્લે આ મુદ્દાઓને પાછળથી આ ચર્ચામાં ઘૂસાડવામાં આવ્યા છે. અને સ્વાયત્તતા સંબંધે પણ આજના આંદોલનકારી યુવકોની માંગણી ૧૯૫૩માં રાજ્ય સરકાર જેટલી સત્તા ભોગવતી હતી એટલી સત્તા મેળવવાની પણ નથી.

કાશ્મીરી આગેવાનો સામેનું કામ બહુ સ્પષ્ટ છે. પોલીસ-સત્તામાં સુધારાને લીધે મૃત્યુ આંક ઓછો થયો છે. હાલમાં જે શાંતિ પ્રવર્તે છે એનો ઉપયોગ રાજ્યના અને ખાસ કરીને કાશ્મીર ખીણના લોકોને રાજ્યવહીવટમાં વધારે ભાગીદારી, અધિકૃત ઉત્તરદાયિત્વ સાથે, આપવામાં કરવો જોઇએ. અને કેન્દ્ર સરકાર માટે પણ કામ બહુ સીધું છે. ભારતના દરેક નાગરિકને જે માન અને ગરિમા આપવામાં આવ્યા છે એ કાશ્મીરીઓને પણ આપવામાં આવે. જો આપણે આ કરી શકીશું, તો હાલનું આ આંદોલન, ૧૯૯૦ના કંપનના એક આંચકા તરીકે જ યાદ રહેશે. પરંતુ જો એમ નહીં થાય તો ફરી પાછું આખું રાજ્ય, જે હિંસાને આપણે ખતમ થઇ ગયેલી માનીએ છીએ, એ હિંસાના અંધાધૂંધ અને પ્રચંડ મોજામાં ધરબાઇ જશે. ■

***(લેખક ભારત સરકારના ભૂતપૂર્વ મુખ્ય માહિતી કમિશનર છે. લેખ ૧૫ ઓક્ટોબર ૨૦૧૦ના 'ઇન્ડિયન એક્સપ્રેસ'માંથી સાભાર અનુવાદિત.)***

# મુઠ્ઠીઓ ખુલ્લી કરી દો

## ૧૨મા આયોજનમાં બાળકો જ કેન્દ્રસ્થાને છે. જમ્મુ-કાશમીરથી ચાલુ કરો

**સઇદા હમીદ**

સતત ત્રીજે દિવસે પણ શહેર બંધ હતું. હું દિલ્હી જવા માટે એરપોર્ટ પર જઇ રહી હતી. રસ્તા પર જવલ્લે જ કોઇ ગાડી જોવા મળતી હતી. બધી દુકાનોનાં શટર્સ ઢળેલાં હતાં. અચાનક ગાડી ધક્કા સાથે ધીમી પડી. રસ્તાની વચ્ચોવચ્ચ થોડા નાના-નાના છોકરાઓ મેં જોયા. મારું હ્રદય એક ધબકારો ચૂકી ગયું. પથ્થર ફેંકનારાઓ તો નહીં હોય, એવો વિચાર આવતાં ડરના માર્યા મને આછી ધ્રૂજારી છૂટી ગઇ. પણ ના, એ તો ખાલી રસ્તા પર ક્રિકેટ રમવા આવેલા નાના-નાના છોકરાઓ હતા! મારું માથું શરમથી ઝૂકી ગયું.

હું પાંચ દિવસથી શ્રીનગરમાં હતી. પાંચમાંથી ત્રણ દિવસ તો શહેર આખું બંધ હતું. મેં જેની જેની સાથે વાત કરી, જે જે સમાચારો વાંચ્યા તે તમામ એ અચાનક ઊભરી આવેલા હુમલા - પથ્થર મારતા કિશોરો અને એની સામે સૈન્યના પ્રત્યાઘાતી હુમલા - ની જ વાત કરતા. હું વિચારમાં પડી જતી, આ કયા કિશોરો છે, જેઓ અચાનક ગલીઓમાંથી નીકળી આવીને લશ્કરી વાહનો અને સૈનિકો પર હુમલો કરવાનું કામ કરી રહ્યા છે, જેનાથી એમને પોતાને પણ ઈજા થઇ શકે એમ છે, એમની ધરપકડ થઇ શકે છે કે ક્યારેક જાન પણ જઇ શકે છે એ જાણતા હોવા છતાં ?

રફીક અહેમદ બાંગરુ (ઉં. ૨૪ વર્ષ) અને જાવેદ મુલ્લાહ (ઉં. ૧૯ વર્ષ) નાં નામ સૌના હોઠ પર હતાં. રફીક જ્યારે બીજા કિશોરો સાથે પથ્થર મારતો હતો ત્યારે સીઆરપીએફ દ્વારા પકડાઇ ગયો હતો. એને માથા પર અને શરીરના બીજા ભાગો પર વાગેલું. હોસ્પિટલના આઇસીયુમાં આઠ દિવસ જીવન-મરણ વચ્ચે ઝોલાં ખાઇને છેવટે મૃત્યુ પામ્યો. એની દફનક્રિયામાં એનો પિતરાઇ ભાઇ જાવેદ પણ જોડાયેલો. વિલાપ કરતા સેંકડો લોકો શબયાત્રામાં જોડાયેલા અને ઇદગાહના શહીદ કબ્રસ્તાનમાં દફન માટે લઇ જતા હતા. એ વખતે સુરક્ષાકર્મીઓને ભાળીને લોકો ગુસ્સે થઇ ગયા. અને ગરબડ ચાલુ થઇ ગઇ. સૈન્યે ટીયર ગેસ શેલ છોડ્યા. જાવેદ યાત્રામાં મોખરે હતો. એને એક શેલ સીધો માથા પર જ વાગ્યો અને સ્થળ પર જ એનું મૃત્યુ થયું.

''દસ દિવસમાં ત્રણ છોકરા મરી ગયા. તુફૈલ સૌથી પહેલો હતો.'' આ વાક્ય મેં કંઇ કેટલીય વાર સાંભળ્યું. લોકો મરણ પામેલાને ગણ્યા કરતા. અને આજે જ્યારે હું આ લખી રહી છું ત્યારે મૃતકોની સંખ્યા વધી ગઇ છે. છાપાંઓમાં સમાચાર છે - ૧ વધુ મરાયો. ફરી પાછું કાશ્મીર બંધ !

બંધ, કરફ્યુ કે હડતાળ એટલે બધું ઠપ્પ! નિશાળો બંધ, બાળકો ઘરે બેઠાં ટીવી મચડ મચડ કરે, રસોડાં સૂનાં, કોઇ સીધું સામાન ન મળે. દુકાનો પર મસમોટાં તાળાં લટકે, છાપાંઓમાં 'શાદી રદ'ની જાહેરાતો, ન વાજાં, ન શિકારા, ન બેકરી કે ફળ-ફળાદિની લારીઓ. હું મારા ઘરનાઓ માટે ચેરીની એક ટોકરી પણ ન લાવી શકી. એ બધા ટોપલાઓ કોઇ ગોડાઉનના ખૂણાઓમાં પડ્યા પડ્યા સડતા હશે. ઘરો પર માતમ છવાયેલો છે. મોટાઓ પુરાણા શહેરમાં કેટલા મર્યા એની વાતો કરતા રહે છે, બાળકો બેઠાં બેઠાં સાંભળ્યા કરે છે. અને હું મારા યજમાનના ઘરે બેઠી બેઠી ટીવી પર 'ઇન્ડિયન આઇડોલ' જોયા કરું છું. કેટલું અજૂગતું છે! દેશભરના યુવાનો-યુવતીઓ પોતાની પ્રવીણતા બતાવે છે, જ્યારે કાશ્મીરના આ કપરા સમયનાં આ બાળકો કોઇ છૂપા ખૂણામાં 'આઇડોલ આઇડોલ'ની રમત રમ્યા કરે છે અને સપનાં જોતાં રહે છે કે તેઓ પણ આવી નિપૂણતાની શોધમાં ક્યારે આગળ તરી આવે.

અંદર બધું ઉદાસીન છે, અને બહાર ડાલ સરોવર, નિશાત, શાલીમાર, ચશ્મા શાહી બધું ફૂલોના આવરણથી ઢંકાયેલું છે. આ એ જ કાશ્મીર છે, જે સહેલાણીઓને મંત્રમુગ્ધ કરી દેતું અને બળબળતા ઉનાળામાં એમને ઠંડકનો લેપ કરી દેતું.

હું જેમને ઘરે રહી હતી એ બહેને કાશ્મીર ખીણના સાંપ્રત જીવન પર અનેક ફિલ્મો બનાવી છે. એ ઘણી વાર જેલમના કાંઠે ફરવા નીકળે. એક દિવસ એણે થોડાં બાળકો - છોકરા છોકરીઓને એક તૂટેલા બંકર પાસે રમતાં જોયાં. એમની નાની-નાની મુઠ્ઠીઓમાં થોડા કાંકરા હતા. 'તમે શું કરી રહ્યાં છો?' તેણે પૂછયું. 'અરે, અમે કૂર્ફી-કૂર્ફી રમી રહ્યાં છીએ' તેઓ બોલી પડ્યાં. બાળકોની રમતો એમની આસપાસની વાસ્તવિકતામાંથી જ તો ઊભી થાય છે!

આયોજન પંચમાં મારી અનેક જવાબદારીઓમાંથી એક છે સ્ત્રીઓ અને બાળકો. પાંચ દિવસના આ આખા રહેવાસ દરમિયાન મેં બાળકની આંખેથી જોયું. એનું એક અગત્યનું કારણ એ કે વડાપ્રધાને જાહેર કર્યું છે કે ૧૨મા આયોજનમાં બાળકોને લગતી બાબતો અગ્રીમ રહેશે. મારા યજમાનની પૌત્રી દસમા ધોરણમાં ભણે છે. મોટા ભાગનો સમય એને મેં ઘરે જ જોઇ. એણે બાયોલોજીનું કોઇ એસાઇનમેન્ટ લખેલું એ મેં જોયું. એના જેવા સુંદર અક્ષરો મેં ક્યાંય નથી જોયા. હું એને આ પહેલાં થોડાં વર્ષો પહેલાં મળેલી, જ્યારે પરિસ્થિતિ જુદી નહોતી, પણ એ ઘણી નાની હતી. એને શિક્ષિકા બનવાનું ખ્વાબ હતું અને આગળના બારણે ઊભેલાં વૃક્ષો સામે ઊભી રહીને એમને ભણાવવાની રમત રમ્યા કરતી એ મને યાદ હતું. આ વખતે મેં એને પૂછ્યું, 'તું શું કરવા માગે છે? હજુ પણ ભણાવવા જ ઇચ્છે છે?' એણે ઉદાસીનતાથી જવાબ આપ્યો, ''મને નથી ખબર''!

જે બે દિવસે બંધ નહોતો તેની સવારમાં હું ચાલવા માટે નીકળેલી. સવારના સાડા છ વાગ્યામાં કેટલીય છોકરીઓ સફેદ સ્કાર્ફ નીચે ચમકતા ચહેરે ઉત્સાહથી ટ્યુશન ક્લાસમાં ફટાફટ જઇ રહી હતી. નાનાં નાનાં ટાબરિયાંઓ ગણવેશ-ટાઇ પહેરીને, પેંથી પાડીને ચિટકાડેલા વાળ સાથે સ્કુલ બસની રાહ જોતાં ઊભાં હતાં. મેં કલ્પના કરી - આ બાળકો થોડાં વર્ષો પછી વડાપ્રધાનની 'સ્કીલ ટ્રેઇનિંગ મિશન'ના ભાગ બનશે, મેં કલ્પના કરી - આ બાળકો એમના રાજ્યના આરોગ્ય ક્ષેત્રે પ્રવર્તતી માનવસંસાધનની ઊણપને ભરપાઇ કરશે. મેં એમને આઇટી નિષ્ણાતો કે રાજ્યમાં ઉપલબ્ધ ચીજ-વસ્તુઓના કૌશલ્યમાં સાહસિકો બનતાં કલ્પ્યાં. મેં કલ્પના કરી કે, દેશ અને રાજ્ય ભેગા મળીને રાજ્યમાં પણ મોટી કંપનીઓને કેવી રીતે આકર્ષી શકે, જેથી આ કિશોર-કિશોરીઓ માટે રોજગારીની તકો ઊભી થાય.

પરંતુ, રફીક, જાવેદ અને તુફૈલની કહાણીઓએ એ કલ્પનાને ક્યાંય ધકેલી દીધી. ચોફેર મેં જુવાનિયાઓને જોયા, જેમનાં દિલોમાં કોઇ આશા નહોતી, ખિસ્સાંઓમાં પૈસા નહોતા, બધા જ આક્રોશથી ભરેલા હતા. મેં જુવાનિયાઓને જોયા, જેઓને શિક્ષણ અને રોજગારની જરૂર હતી, જેઓ હોંશિયાર અને શીખવાને આતુર હતા.

આ જુવાનિયાઓને આપણી જેટલી જરૂર છે, એટલી જ આપણને તેમની છે. આજે આપણે એમને આજીવિકાનું સાધન મળે એના પ્રયત્નો કરીએ છીએ, પણ તેમના જીવંત આક્રોશનું શું કરવું? જે આંગળીઓએ પથ્થર ઊંચકીને મુઠ્ઠીઓ વાળેલી છે, તે આંગળીઓ કોમ્પ્યુટરના કી બોર્ડ પર ફરતી થાય એ આપણને જોઇએ છે. પણ એ માટે એવા જ નાજુક અને ઋજુ સ્પર્શની જરૂર છે, જે સ્પર્શ કાશ્મીર તેની ભૂમિ પર કદમ રાખનાર દરેક સહેલાણીને સતત આપતું રહ્યું છે. ■

***(લેખિકા પ્લાનિંગ કમિશનના સભ્ય છે. ૨૯/૬/૨૦૧૦ ઇન્ડિયન એક્સપ્રેસમાંથી સાભાર ભાવાનુવાદ)***

# કાશ્મિરી યુવાવર્ગ અને શાંતિની સંભાવના

## ડૉ. અસગર અલી એન્જિનીયર

૨૧ ઓગસ્ટ થી ૨૫ ઓગસ્ટ, ૨૦૦૬ સુધી અમારા કેન્દ્રે શ્રીનગરમાં પાંચ દિવસનો શાંતિ અને સંઘર્ષનો ઠરાવ કાર્યશિબિર યોજ્યો, જેમાં ભાગ લેનાર લગભગ ૭૨ સહભાગીઓ કાશ્મિર યુનિવર્સિટીના માનવ અધિકાર અને રાજ્યશાસ્ત્ર વિભાગોના અનુસ્નાતક કક્ષાના વિદ્યાર્થીઓ હતા. આ શિબિરમાં મારે એવા યુવા વર્ગ સાથે કામ લેવાનું આવ્યું જેમાંના ઘણા માનતા હતા કે તેઓ ભારતનો ભાગ નથી, અને તેઓ પોતાની સ્વતંત્રતા માટે લડી રહ્યા છે. કેટલાકે એવું પણ કહ્યું કે ભારતીય લશ્કરે કાશ્મિર પર કબજો કર્યો છે અને જો ભારત કબજો છોડી દે તો જમ્મુ અને કાશ્મિર શાંતિપૂર્ણ પ્રદેશો બની રહે.

વિદ્યાર્થીઓએ લીધેલી દરેકે દરેક સ્થિતિ સામે મારે સમજાવવું પડ્યું હતું. મારે તેમને કહેવું પડયું કે તેમની ફરિયાદો ભલે સાચી છે પણ તેમની લડવાની પદ્ધતિઓ ન્યાયોચિત નથી. લોકતાંત્રિક યુગમાં પ્રશ્નોનું નિરાકરણ હિંસાખોરી અખત્યાર કરવાથી નહીં આવી શકે. એ ખૂબ જ જરૂરી છે કે આપણે સુલેહથી લોકતાંત્રિક મોકળાશનો આપણા પ્રશ્નોનું નિવારણ કરવામાં ઉપયોગ કરીએ. તેમ છતાં યુવકોએ તો વાત પકડી રાખી કે સ્વતંત્રતા જ એકમાત્ર નિરાકરણ છે. માનવ અધિકારોના વિદ્યાર્થીઓએ આ ઉપાય (માર્ગ) પર ખાસ ભાર મૂક્યો.

વિદ્યાર્થીઓમાંના કેટલાક એવાય હતા, જેમણે ભારતથી જુદાપણાની વાતનો આગ્રહ રાખ્યો. તેમણે લશ્કરોએ કરેલી હેરાનગતિની વાત કહ્યા કરી અને માનવ અધિકારોના ભંગના કેટલાય દાખલા આપ્યે રાખ્યા. બેશક એમનાં કુટુંબોમાંથી ઘણા માર્યા ગયા હતા, એમની સ્ત્રીઓ પર અત્યાચાર થયા હતા, એટલે એ લોકો માનસિક રીતે પણ ખૂબ ઘવાયેલા

હતા. તેમણે કહ્યું કે વડાપ્રધાન મનમોહનસિંહે વચન આપ્યું હતું કે તેઓ માનવ અધિકારોનો ભંગ બિલકુલ ચલાવી નહીં લે (ઝીરો ટોલેરન્સ), તેમ છતાં ભંગ ચાલુ જ હતા.

વિદ્યાર્થીઓમાંના એક જૂથે એવું કહ્યું કે તેઓ પાકિસ્તાનનો ભાગ બનવા માગે છે, ભારતનો નહીં. જોકે આવું માનનારાઓની સંખ્યા નાની હતી, પણ જેટલી હતી તેટલી મક્કમપણે એવું માનતી હતી. લાગે છે કે તેઓ ગિલાનીના હુર્રીયત જૂથના હતા. મેં એમને કહ્યું કે બલુચ અને સિંધ જેવી ઘણી લઘુમતીઓને લાગે છે કે પાકિસ્તાનમાં નાની રાષ્ટ્રીયતાઓનું કોઇ ભવિષ્ય નથી તેથી તેઓ અલગવાદી આંદોલન ચલાવે છે. તો પછી કાશ્મિર પાકિસ્તાન સાથે કઇ રીતે સુખી થઇ શકે? વધુમાં, પાકિસ્તાનમાં લોકશાહી છે જ નહીં. અને વચ્ચે વચ્ચે થોડોક એવો સમય આવે તો તે પણ હંમેશા લશ્કરી કબજામાં જ પરિણમે છે. ભારતમાં સુસંગત રીતે સતત લોકતાંત્રિક શાસન રહ્યું છે અને તેથી કાશ્મિર પ્રજાની લોકતાંત્રિક આશા-આકાંક્ષાઓની પરિપૂર્તિની ખરેખર શકયતા છે. વળી, ધર્મ રાષ્ટ્રવાદનો પાયો હોઇ ન શકે, જેમ કે બાંગ્લાદેશ અને પાકિસ્તાન એક ધર્મ પાળવા છતાં બંને લાંબો સમય સાથે રહી ન શક્યા. ભાષા અને સંસ્કૃતિધર્મ કરતાં રાષ્ટ્રવાદ વધુ સ્થિર પાયો છે. જોકે આ નાનકડો વાચાળ સમૂહ એ માનવા તૈયાર નહોતો અને અમારે એકબીજા સાથે અસમ્મત થવું પડ્યું. એવું લાગે છે કે ભારત સામેની એક બીજી જબરજસ્ત ફરિયાદ (છ લાખનું મોટું લશ્કર છે તે ખાસ)ના કારણે પાકિસ્તાન રૂમાની (રોમાનિક) વિકલ્પ બની રહ્યો છે.

કાર્યશિબિરમાંના મારા અનુભવે મને સ્પષ્ટ કરી દીધું કે શિક્ષિત યુવાવર્ગ ભારત સાથે અપરિચય (એલીયનેશન) અનુભવે છે અને એથીય વધુ ખરાબ વાત તો એ કે આ લાગણી દૂર કરવા માટે રાજ્ય સરકાર કે કેન્દ્ર સરકાર કોઇ જ પ્રયત્ન કરતી નથી. એવી એક લાગણી પ્રવર્તે છે કે ભારતે કાશ્મિરને આપેલાં બધાં વચનોનો ભંગ કર્યો છે એ એક વિખવાદનો મુદ્દો છે. તેમને સંપૂર્ણ સ્વાયત્તતાનું વચન આપવામાં આવ્યું હતું અને શેખ અબ્દુલ્લા બિનસાંપ્રદાયિક લોકતાંત્રિક ભારત સાથે, નહીં કે 'ધાર્મિક પાકિસ્તાન' સાથે, રહેવા ખુશીથી તૈયાર થયા હતા. જોકે આ વચન પાળવામાં આવ્યું નહોતું. શેખ અબ્દુલ્લાની ધરપકડ પછી સ્વાયત્તતા નામની જ રહી. પછી તો તદ્દન ખતમ થઇ ગઇ અને કાશ્મિર ભારતનાં અન્ય રાજ્યો જેવું જ એક રાજ્ય બની રહ્યું. નહેરૂ અને શેખ અબ્દુલ્લા વચ્ચેના ૧૯૫૩ના કરારનું ય પાલન કરવામાં ન આવ્યું અને ઇન્દિરા ગાંધી અને શેખ વચ્ચેની સમજૂતી પણ શેખ અબ્દુલ્લાના મૃત્યુ સાથે મરણને શરણ થઇ. આટલું જ નહીં, એક પછી એક ચૂંટણીઓમાં છેતરપીંડીઓ થઇ અને કાશ્મિરના લોકોને થયું કે તેઓ પોતાની સરકાર પસંદ કરવાને સ્વતંત્ર નહોતા. આવી પરિસ્થિતિમાં કાશ્મિરીઓ કેન્દ્ર સરકારનો વિશ્વાસ કઇ રીતે કરી શકે? ૧૯૮૭ની ચૂંટણી આ છેલ્લો ઘા હતી અને આ છેતરપીંડીને કારણે કાશ્મિરના લોકોમાં ભયંકર અસંતોષ થઇ ગયો. ખરેખર તો ૧૯૮૯ના ઉગ્રવાદની આ શરૂઆત હતી. કાશ્મિરના યુવા વર્ગને લાગ્યું કે, તેમને માટે ભારતમાં કોઇ ભવિષ્ય નથી અને તેમણે 'આઝાદી' માટે શસ્ત્રોનો આશરો લીધો.

આ કાર્યશિબિરમાં યુવાવર્ગના વિચારો તથા સમસ્યાઓ પર ઊંડી નજર નાખવા મળી. રાજ્ય સરકાર અને વહીવટીતંત્રમાં અતિશય ભ્રષ્ટાચાર હોવાને લીધે તેઓમાં ખૂબ જ અસંતોષ છે. શિક્ષિત યુવાવર્ગ આર્થિક વિકાસના અભાવ તેમજ નોકરીઓની તકોની અછતથી બખૂબી વાકેફ છે. શિક્ષણનો પ્રસાર અને રોજગાર વ્યવસ્થાની તકોનો અભાવ વિસ્ફોટક સ્થિતિ છે. તેઓ મુસ્લિમો અને કાશ્મિરીઓ છે તેથી તેમને જાણીબૂઝીને કામથી દૂર રખાય છે તેવું તેમને લાગે છે.

એક અંગત વાર્તાલાપમાં ટોચના પોલીસ અધિકારીએ મને કહ્યું કે જો ભારત સરકાર પાસે કોઇ દૃષ્ટિ હોય તો તેણે નેશનલ ડીફેન્સ એકાડેમીમાં ભરતી કરવા માટે યુવકોનાં તાલીમ કેન્દ્રો ખોલવાં જોઇએ, એથી ઘણો જ ફેર પડશે. આ યુવાવર્ગ કાશ્મિરમાં જ સીમિત છે અને ભારતમાં તક મેળવે તો તેમને અહેસાસ થશે કે ભારત સાથે હોવાનું મહત્ત્વ શું છે. જો યુવાવર્ગ ભારતીય લશ્કર સાથે જોડાયેલ હશે તો ઘણો બધો ફેર થશે. તેમણે એવા યુવાનોનો દાખલો પણ આપ્યો જેઓ કાશ્મિરની બહાર બેંગ્લોર અને બીજે સ્થળે રહ્યા ત્યારે એમને લાગ્યું કે તેઓ ભારતના છે. જો તેઓ માત્ર કાશ્મિરની ખીણમાં જ રહે તો તેમનામાં ભારતીયતાની ભાવના આત્મસાત્ થતી નથી. આ કાર્યશિબિર દરમિયાન મને પોતાને પણ આવું જ લાગ્યું.

કાર્યશિબિરમાંના સહભાગીઓને ખીણ બહારના ભારત વિષે ભાગ્યે જ કોઇ ખ્યાલ હતો. તેઓ ત્યાં સુધી માનતા હતા કે બધા જ હિંદુઓ આરએસએસના ટેકેદારો છે અને મુસ્લિમોના દુશ્મનો છે. એવું સમજાવતાં ખૂબ સમય લાગ્યો કે મોટાભાગના હિંદુઓ બિનસાંપ્રદાયિક છે અને તેમનામાંની ખૂબ ઓછી ટકાવારી હિંદુ કોમવાદની ટેકેદાર છે. એ હકીકત છે કે ભાજપાએ રામજન્મભૂમિના અતિશય લાગણીશીલ મુદ્દાને ચગાવ્યો નહોતો તે પહેલાં એને ૧૨ ટકાથી વધારે મત મળ્યા નહોતા. અને આ આવેશ પણ થોડાંક જ વર્ષ ચાલ્યો ને તેથી ૨૦૦૪માં ભાજપા ચૂંટણી હારી ગયું. તેમનામાંના ઘણાને આશ્ચર્ય થયું કે મોટા ભાગના હિંદુઓ બિનસાંપ્રદાયિક છે.

કાશ્મિરના યુવાવર્ગને જીતવા માટે કેટલાંક નક્કર પગલાં લેવાં પડશે. હું નીચેનાં પગલાં સૂચવું છું :

૧. આવી જાગૃતિ વધે તેવા કાર્યક્રમો કાશ્મિરમાં યોજવા ખૂબ જરૂરી છે, જેથી શાંતિ અને લોકતાંત્રિક મોકળાશનો સૃજનશીલ ઉપયોગ થાય. એમના મનમાં બીજી પણ એક વાત બેસાડવાની જરૂર છે કે ગમે તેટલી હિંસાખોરી કરવાથી સમસ્યાઓનો હલ આવવાનો નથી. હકીકતમાં હિંસા સમસ્યાનો ભાગ છે, સમસ્યાના નિરાકરણનો નહીં.

૨. તેમને શાંતિનું મહત્ત્વ એ રીતે સમજાવવું કે શાંતિ જ એકમાત્ર સમસ્યાના હલનો માર્ગ છે. રાજ્યે પણ લશ્કરનો ઉપયોગ કરવો જોઇએ નહીં. એને નિરાકરણ ગણવું જોઇએ નહીં. માનવ અધિકારોનો ભંગ અસ્વીકાર્ય છે, અને વડાપ્રધાનની માનવ અધિકારો માટેની 'શૂન્ય સહનશીલતા'ને ઉચ્ચતમ અગ્રતા આપવી જોઇએ.

૩. રાજ્યની અંદર યુવાવર્ગને કામ માટે વધુ તકો પૂરી પાડવી જોઇએ. ખીણ બહાર કેન્દ્ર સરકારની સંસ્થાઓમાં પણ તેમ કરવું જોઇએ.

૪. યુવાવર્ગને સશસ્ત્ર દળોમાં ભરતી કરવા જોઇએ અને તેમને ખીણની બહારની જગાઓમાં કામ આપવાં જોઇએ. એનડીએમાં ભરતીને ઉચ્ચતમ અગ્રતાનો ક્રમ આપવો જોઇએ. લશ્કરી બળોમાં તેમને કામ મળતાં તેમને ભારતીય હોવાનું ગર્વ થશે. ભારત સરકારે આ સૂચન પર ગંભીરતાથી વિચારવું જોઇએ.

૫. એ વિચાર તદ્દન ખોટો છે કે ખીણમાં પૈસા રેડવાથી કાશ્મિરના લોકોનાં હ્રદય અને મન જીતી શકાશે. ઘવાયેલ માનસ પૈસાથી સાજું થતું નથી. જુદાં જુદાં વ્યવસ્થિત અને બુદ્ધિયક્ત પગલાંથી કાશ્મિરી અને ભારતીય હોવાની ગરિમા અને અભિમાન પોષાવાં જોઇએ.

૬. શિક્ષિત યુવાવર્ગને જડ ખ્યાલોથી પ્રભાવિત કરવામાં આવે છે અને તેમને કાશ્મિરની સાયુજ્યપૂર્ણ સૂફી સંસ્કૃતિ નકારવા પ્રેરાય છે. એક સહભાગીએ એને 'સાંસ્થાનિક સંવાદ' તરીકે પણ ઓળખાવ્યો. શાળાના સ્તરથી જ સાયુજ્યપૂર્ણ સૂફી સંસ્કૃતિ પર ભાર મૂકવો જોઇએ.

૭. ખીણની સ્વાયત્તતા ફરીથી સ્થાપવા માટેનાં પગલાં લેવાં જોઇએ, આજના સંજોગોમાં એ રાજકીય રીતે યોગ્ય પણ છે. કેન્દ્ર સરકારે આ બાબતમાં પ્રામાણિક રહેવું જરૂરી છે.

૮. બધી જ ચૂંટણીઓ યોગ્ય ને ન્યાયી રીતે યોજાવી જોઇએ અને છેતરપીંડી માટે શૂન્ય સહનશીલતા હોવી જોઇએ.

આવું થશે તો આખું વાયુમંડલ બદલાઇ જશે અને લોકોમાં વિશ્વાસ જાગશે. રાજકારણીઓએ રમતો રમવાનું બંધ કરવું જોઇએ. તો જ કાશ્મિરના ભારત સાથેના સંબંધો સુદૃઢ થશે. એ વાતની પણ નોંધ લેવી જોઇએ કે મોટા ભાગની કાશ્મિરી પ્રજા પાકિસ્તાન સાથે જોડાવા નથી માગતી. તેમનો વિશ્વાસ રાજકીય વાટાઘાટો દ્વારા જીતવો જોઇએ, નહીં કે લશ્કરી તાકાતનો ઉપયોગ કરીને. એમાં સફળતા નહીં મળે. જો આટલું નહીં સમજીએ તો આગામી વર્ષો સુધી આપણે કાશ્મિરની સમસ્યા ઉકેલી શકીશું નહીં. ■

***('સેક્યુલર પર્સ્પેક્ટીવ' ૧/૯/૨૦૦૬માંથી સાભાર)***

**પ્રિય વાચકો,**

અમને આશા છે કે 'ખોજ'ના અંક આપને નિયમિત અને સારી સ્થિતિમાં મળતા હશે. જો એમ ના હોય તો, અથવા લવાજમ અંગે કોઇ સવાલ હોય તો અમારું ધ્યાન દોરશો અને નીચે આપેલાં અગત્યનાં સૂચનો ધ્યાનમાં રાખશો.

❖ મેઇલિંગ લેબલ પર આપના ગ્રાહક ક્રમાંકની સાથે લવાજમ પૂરું થતું હોય એ મહિનો/વર્ષ આપ્યાં હોય છે, જે ધ્યાનમાં રાખી ફેરલવાજમ મોકલવાનું ચૂકશો નહીં.

❖ લવાજમ ભરતી વખતે પૂરું સરનામું, પીનકોડ, ટેલિફોન નંબર લખી મોકલશો.

❖ લવાજમની રસીદ સામાન્ય રીતે 'ખોજ'ના એ પછીના અંક સાથે મોકલીએ છીએ. લવાજમ મળ્યાનું પોસ્ટકાર્ડ જોકે તુરંત લખી દઇએ છીએ. જો આપને રસીદની તાત્કાલિક જરૂર હોય તો લવાજમ ભરતી વખતે એની સ્પષ્ટ સૂચના લખશો.

❖ જો આપનું સરનામું બદલાયું હોય તો અમને એની જાણ કરશો.

❖ કોઇ અંક ના મળ્યો હોય તો જણાવશો. અમે બીજી નકલ મોકલી આપશું.

❖ જો ભૂલથી આપના સરનામે બે નકલ આવતી હોય તો અમને જાણ કરશો.

❖ જો આપને શુભેચ્છક નકલ મળતી હોય અથવા લવાજમ પૂરું થઈ ગયેલ હોય અને કોઈ પણ કારણસર 'ખોજ' મેળવવા ના ઇચ્છતા હો તો એક પોસ્ટકાર્ડ લખીને જાણ કરશો.

❖ શરૂઆતનાં ચાર વર્ષોના અંકોના બબ્બે વર્ષનાં બાઈન્ડ વોલ્યુમ અને છેલ્લા વર્ષના છૂટા અંક ઉપલબ્ધ છે. બે વર્ષના એક વોલ્યુમની કિંમત રૂ. ૨૫૦/- છે અને પાંચ વર્ષના બધા અંકો કુલ રૂ. ૬૦૦/-માં મળી શકશે. ઉપરાંત, પોસ્ટેજ ખર્ચના રૂ. ૫૦/- ઉમેરવા.

# વિદેશનીતિ : સરદારનો અભિગમ અને અભિપ્રાય

**ડો. ગજેન્દ્રસિંહ પી. જાડેજા**

ભારતવર્ષમાં સમયાંતરે યુગ પ્રવર્તકો અવતરતા રહ્યા છે. તેમણે પોતાના સહાયક કે અનુયાયીયોના સહકારથી સામાજિક, સાંસ્કૃતિક અને રાજકીય પરિવર્તન કર્યું હતું. અને એ દ્વારા સમાજ અને રાજ્યને નવા સિદ્ધાંત આપી વ્યવહાર નક્કી કરવાનો માર્ગ બતાવ્યો. ભગવાન શ્રી કૃષ્ણે સમાધાન દ્વારા સંઘર્ષ ટાળવો અને જો તેમ શક્ય ન બને તો અમલી બની શકે તેવા સિદ્ધાંતો દ્વારા સંઘર્ષ સકીરને પણ સમસ્યાનું સમાધાન કરવાનો રસ્તો બતાવ્યો, જેનું અનુસરણ પાંડવો દ્વારા થયું. ચાણક્ય માત્ર મંદિરમાં કે માત્ર આશ્રમમાં બેસીને વિદ્યાભ્યાસ કરવાનું જ પૂરતું હોવાનું સમજ્યા નહીં, બલ્કે તેમણે ચંદ્રગુપ્તને રાજ્યનીતિના પાઠ શીખવી ભારતને જોડવાનું-વિસ્તારવાનું શીખવ્યું. રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીએ સત્ય અને અહિંસાનો સિદ્ધાંત સામાન્ય જનસમુદાયને સમજાવ્યો. વલ્લભભાઇ પટેલ એક શિસ્તબદ્ધ સૈનિક તરીકે તેને અનુસર્યા. સરદાર પટેલની કાર્યનીતિમાં ભગવાન શ્રીકૃષ્ણ, મહર્ષિ ચાણક્ય અને મહાત્મા ગાંધીના સિદ્ધાંતો અને વ્યવહારનો સમન્વય જોવા મળે છે.

મનુષ્ય ઘડતરમાં વારસો અને વાતાવરણ મહત્ત્વની ભૂમિકા ભજવે છે. સરદારના પિતા ઝવેરભાઇમાં પણ રાષ્ટ્રપ્રેમ ભરપૂર હતો. તેઓ ૧૮૫૭ ની ક્રાંતિ (બળવા)ના સૈનિકોને સહાયરૂપ થવા માટે ત્રણ વર્ષ સુધી દેશના અન્ય પ્રાંતોમાં સતત ફરતા રહ્યા હતા. નીડરતા, ઈશ્વરશ્રદ્ધા અને દેશદાઝ સરદારને વારસામાં મળ્યાં હતાં. સામાન્ય ગ્રામીણ ખેડૂત પરિવારમાં જન્મ થયેલ હોવાથી પરિણામલક્ષી પરિશ્રમનો ગુણ તેમનામાં વિકસ્યો હતો. નૈતિક મૂલ્યોના જતન માટે પડકારોને પહોંચી વળવાની કળા તેમણે વાતાવરણમાંથી આત્મસાત્ કરી હતી. સમસ્યાઓના દરેક પહેલુને તપાસી તેનાં મૂળ સુધી પહોંચી તેની અસરોનું અનુમાન કરી તેના ઉકેલની આવડત તેઓએ કેળવી હતી.

આપણે ત્યાં બે પ્રકારનાં કુટુંબવત્સલ લોકો હોય છે. આ બન્ને પ્રકારના લોકો કુટુંબની મર્યાદાઓને ધ્યાનમાં રાખી તેની પ્રતિષ્ઠામાં વૃદ્ધિ કરે છે. એક વ્યક્તિ પોતાના કુટુંબના યોગક્ષેમની જવાબદારી વહન કરે છે. અને પરિવારના સભ્યોની સુખ સગવડનું આયોજન અને તે માટે જરૂરી વ્યવસ્થા કરી આપે છે. તેને ઘરનો હર્તાકર્તા કહેવામાં આવે છે. તો બીજા પ્રકારના વ્યક્તિની દૃષ્ટિ કુટુંબાતીત હોય છે, તે આખા ગામની ચિંતા કરે છે. જોકે પોતાના કુટુંબનું ધ્યાન તે ઓછું રાખે છે પરંતુ ગામમાં તે પોતાના પરિવાર માટે સ્નેહભાવ અને આદર વધારે છે. સરદાર સાહેબે આ બન્ને પ્રકારની જવાબદારી રાષ્ટ્ર માટે નિભાવી હતી. દેશના વહીવટકર્તા તરીકે દેશનાં સમૃદ્ધિ અને વિકાસની સાથે સાથે વિશ્વમાં રાષ્ટ્રની પ્રતિષ્ઠાની વૃદ્ધિ માટે પણ વિશિષ્ટ પ્રદાન કર્યું હતું.

જાહેરક્ષેત્રમાં નેતૃત્વ કરનારાઓ માટે બે શબ્દો ખૂબ જ પ્રસિદ્ધ થયેલા છે; પોલિટિશયન અને સ્ટેટસમેન (politician and statesman). પોલિટિશયન ભાવિ ચૂંટણીની ચિંતામાં રાજકીય કાવાદાવા કરવામાં રાચતા હોય છે જ્યારે સ્ટેટસ મેન જે તે રાષ્ટ્રની ભાવિ પેઢીના ઘડતરની સતત ચિંતા કરતા રહેતા હોય છે. સરદાર આવા સ્ટેટસ મેન હતા. તેઓ હંમેશા રાષ્ટ્રહિત અને લોકહિતનો વિચાર કરીને જ બોલતા. તેઓ દૃઢ મનોબળ અને ક્રાંતિકારી મૌલિક વિચારો ધરાવતા હતા. તેમની વિચારો વ્યક્ત કરવાની શૈલી આક્રમક લાગે, પરંતુ તેમાં વાણીવિલાસને કે ચાલાકીને કોઇ સ્થાન ન હોય. તેથી જ રાષ્ટ્રને લગતી વિવિધ પ્રકારની બાબતો અંગે તેઓ પોતાના અભિપ્રાયો નિખાલસપણે રજૂ કરતા. પ્રધાનમંડળની બેઠકોમાં તેમ વિદેશનીતિની સમિતિઓમાં, કેટલીક વાર નહેરુને પત્રો લખીને, તો ઘણી વાર જાહેરમાં ચર્ચાઓ દરમ્યાન તેઓ અન્ય રાષ્ટ્રો જોડેના ભારતના સંબંધોનો ઊંડાણથી ઉલ્લેખ કરતા હોય એવા અનેક પ્રસંગો છે, તો કેટલીક વખત નહેરુની ઉપરવટ થઇને પણ રાષ્ટ્રીય હિતમાં વિદેશી સંબંધોમાં સ્પષ્ટ વલણ અપનાવી સીધો અને સક્રિય હસ્તક્ષેપ પણ તેમણે કરેલો.

સામાન્ય રીતે લોકો સરદારને રાષ્ટ્રીય એકીકરણના પુરસ્કર્તા તરીકે જ ઓળખે છે. અને વિદેશનીતિને નહેરુની વ્યક્તિગત બાબત સમજે છે. પરંતુ વિદેશનીતિનો જ વિચાર કરીએ તો એમ લાગે કે સરદારના વિચારો, તેમનો અભિગમ, તેમની દીર્ઘદ્રષ્ટિ, ચિંતન અને સિદ્ધિઓથી પ્રજા સુપેરે પરિચિત નથી. આમજનતામાં સરદારની વિદેશનીતિની ઓળખ અધૂરી છે.

રાષ્ટ્રની સમસ્યાઓ ઘટે, સમૃદ્ધિ વધે, આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે રાષ્ટ્રનું સ્થાન મજબૂત બને અને એક પ્રતિષ્ઠિત રાષ્ટ્ર તરીકે ભારત આગળ આવે- એવો હંમેશા તેમનો અભિગમ રહ્યો. આથી જ વિદેશનીતિનું મહત્ત્વ તેઓ બરાબર સમજતા હતા. તેઓએ 'રોમન લો'નો અભ્યાસ કરેલ

હોવાથી આંતરરાષ્ટ્રીય કાયદાની સારી સમજ ધરાવતા. આ કારણે અન્ય રાજ્યો સાથેની સમસ્યાઓનું સમાધાન આંતરરાષ્ટ્રીય કાયદાની મર્યાદામાં રહીને થાય તેવો અભિગમ તેમનો રહ્યો. તેઓ વિશ્વરાજકારણના આટાપાટાઓથી સુપેરે પરિચિત હતા, તેથી સહકાર અને ચર્ચાઓ દ્વારા અન્ય રાષ્ટ્રો સાથેના પ્રશ્નોના નિકાલની હિમાયત કરતા હતા. તેઓ રાષ્ટ્ર અને લોકોના હિતમાં અન્ય રાષ્ટ્રો સાથે સંબંધો પ્રસ્થાપિત કરવામાં 'કંઇક આપો અને કંઇક મેળવો'ની નીતિને પ્રાધાન્ય આપવા ઇચ્છતા.

અન્ય રાષ્ટ્ર દ્વારા આપણી સાથે જે પ્રકારે વર્તન અને વ્યવહાર કરવામાં આવતા હોય એવાં જ વર્તન-વ્યવહાર આપણે તેની સાથે કરવાં જોઇએ તેવો તેમનો અભિગમ રહ્યો હતો. આપણાં હિતોની રક્ષા માટે દુનિયાના અભિપ્રાયોની ઉપેક્ષા કરવી, આપણી સમસ્યાઓના ઉકેલમાં સ્વાવલંબન કેળવવું અને બીજાં રાજ્યો કે સંગઠનની સહાયની ઉપેક્ષા કરવી, આપણા પ્રશ્નોના ઉકેલ માટે આપણી વિરુદ્ધ ગેરસમજ ફેલાવનારાં પ્રચાર-માધ્યમોને નિયંત્રિત કરવાં, આપણાં પગલાંને વાજબી ઠરાવવા પ્રચારનીતિ ઘડવી, રાષ્ટ્રના સ્વાભિમાનના ભોગે કોઇપણ પ્રકારની કોઇની પણ સહાય સ્વીકારવી નહીં, સિદ્ધ ન થઇ શકે તેવા સિદ્ધાંતોનો ત્યાગ અને વ્યવહારલક્ષી આદર્શોના સ્વીકારની નીતિ - આ બાબતો- આ વ્યવહારુ વિદેશનીતિ આજના આ વ્યાવહારિક વિશ્વમાં વધુ સફળ બની શકે એવું સ્પષ્ટ તેઓનું માનવું હતું. એ વાતને ધ્યાનમાં રાખી વિદેશી બાબતો અંગે જરૂર જણાય ત્યારે પોતાની વાત તેઓએ સ્પષ્ટ જણાવી છે.

સ્વાતંત્ર્ય પ્રાપ્તિ પછી બ્રિટનના નેતૃત્વ નીચેના રાષ્ટ્રસમૂહમાં ભારતે જોડાવું કે નહીં તે અંગે એક પ્રકારની દ્વિધા હતી. કેટલાક આ રાષ્ટ્રસમૂહમાં જોડાવા બાબતની વિરુદ્ધ હતાં. ત્યારે સરદારે રાષ્ટ્રસમૂહમાં જોડાવાની તરફદારી કરી. છતાં રાષ્ટ્રહિત કે સ્વમાનના ભોગે તેમાં જોડાવાની વાતને તેઓનું સમર્થન ન હતું. તેથી જ રાષ્ટ્રસમૂહનું સભ્યપદ મેળવવાની વાત તેમની સમક્ષ આવી ત્યારે નહેરુને જણાવ્યું કે આપણું વલણ હંમેશા એવું રહેવું જોઇએ કે રાષ્ટ્રસમૂહના આપણા જોડાણને કારણે આપણા સર્વસત્તાધીશ પ્રજાતંત્ર તરીકેના દરજ્જાને કોઇ અસર ન થાય. આ બાબતનું પ્રતિબિંબ ૨૭ મી એપ્રિલ, ૧૯૪૯ના રોજ નહેરુએ સરદારને કરેલ તારમાં પડે છે. ''સંપૂર્ણપણે સ્વતંત્ર પ્રજાતંત્ર તરીકેના ભારતના દરજ્જાને પૂરેપૂરો માન્ય કરાયો તે સાથે જ તે કોમનવેલ્થનું સમાન સભ્ય છે. આંતરિક કે વિદેશી સંબંધી નીતિ અંગે કશું બંધન સ્વીકાર્યું નથી. 'કોનમવેલ્થ' ભવિષ્યમાં 'કોમનવેલ્થ ઓફ નેશન્સ' તરીકે ઓળખાશે. રાજાનું કોમનવેલ્થના વડા તરીકેનું નામ તો પ્રતીક છે. પ્રતીક તરીકે રાજાએ કશી કામગીરી બજાવવાની નથી, એ સંપૂર્ણપણે સ્પષ્ટ કરવામાં આવ્યું છે. કોમનવેલ્થ કોઇપણ અર્થમાં રાજ્ય ઉપરનું રાજ્ય (super state) નથી, પણ સ્વતંત્ર સભ્યોની સંસ્થા છે.'' રાષ્ટ્ર સમૂહમાં ભારતની ગૌરવપૂર્ણ સ્થાનપ્રાપ્તિ એ સરદારની પરોક્ષ દેન છે. આ અંગે માઉન્ટબેટને વલ્લભભાઇને લખ્યું છે કે કોમનવેલ્થ સાથે સંબંધ જાળવી રાખવાની તરફેણમાં આપે દાખવેલા મક્કમ વલણનો યશ ઇતિહાસ તમને આપશે, એવી મને ખાતરી છે.

૧૭મી ઓગસ્ટ, ૧૯૪૭ના દિવસે જૂનાગઢના નવાબે જૂનાગઢ રાજ્યનું પાકિસ્તાન સાથે જોડાણ કર્યું છે, એ અંગેના સમાચારો વર્તમાનપત્રોમાં પ્રગટ થયા. ભારત સરકારે વિધિવત્ આ અંગે ખાતરી કરતાં આ બાબત સાચી જણાઇ. જૂનાગઢના પાકિસ્તાન જોડાણના નવાબના નિર્ણયથી જૂનાગઢની પ્રજા રોષે ભરાઇ અને પ્રજાકીય આંદોલનનાં મંડાણ થયાં. રાજ્યમાં અંધાધૂંધી ફેલાઇ ત્યારે નાછૂટકે ભારતીય સંઘના ગૃહખાતાને તેમાં દરમિયાનગીરી કરવાની ફરજ પડી. ગૃહપ્રધાન તરીકે સરદારે જણાવ્યું કે જૂનાગઢના આ આક્રમણનો જવાબ બળથી આપીએ તો પ્રશ્ન તરત જ ઉકેલાઇ જશે. પરંતુ માઉન્ટબેટનને આ પગલું વાજબી લાગ્યું નહીં. તેમને દહેશત હતી કે આ પ્રશ્ને ભારત-પાક વચ્ચે યુદ્ધ થશે. તેથી આ પ્રશ્ન યુનોમાં લઇ જવાની સલાહ આપી. સરદારને આ સલાહ યોગ્ય લાગી નહીં. તેથી સરદારે સ્પષ્ટ કર્યું કે આવા ઝઘડાના નિકાલ માટે ક્યારેય ફરિયાદી થવું નહીં, કારણ કે તેમાં લાભને બદલે નુકસાન જ હોય છે. અને તે વાતનો સ્વીકાર થયો. પરિણામે જૂનાગઢનો પ્રશ્ન આંતરરાષ્ટ્રીય મંચ પર જવાને બદલે ભારતીય સંઘ પૂરતો જ મર્યાદિત રહ્યો. સરદારના માર્ગદર્શન, મદદ અને પ્રોત્સાહનને પરિણામે પ્રજાકીય દબાણ અને ભારતીય સંઘનું દબાણ વધતાં નવાબને ભારત છોડી પાકિસ્તાન જવું પડ્યું. દીવાન શાહનવાઝ ભુટોએ અનિચ્છાએ ૫મી નવેમ્બર, ૧૯૪૭ના દિવસે જૂનાગઢ રાજ્યની કાઉન્સિલની સભા બોલાવી ભારતીય સંઘમાં જોડાવાનું ઠરાવ્યું. આ ઠરાવમાં પ્રજામતની જોગવાઇ કરવામાં આવી હતી તે મુજબ ૨૦મી ફેબ્રુઆરી, ૧૯૪૮ના દિવસે લોકમત લેવામાં અવ્યો જે ભારતની તરફેણમાં હતો. આમ, જૂનાગઢ રાજ્યનું ભારતીય સંઘમાં વિધિવત્ જોડાણ થયું તેમાં સરદારની દીર્ઘદૃષ્ટિએ મહત્ત્વની ભૂમિકા ભજવી હતી.

૧૩મી સપ્ટેમ્બર, ૧૯૪૭ના રોજ સરદારે બલદેવસિંહને પત્રમાં લખ્યું કે, 'કાશ્મીર બીજા સંસ્થાન સાથે જોડાવાનું ઠરાવે' તે પણ પોતે સ્વીકારી લેશે. એટલે કે પ્રારંભિક તબક્કે સરદાર કાશ્મીર અંગે ઉદાસીન હતા પરંતુ જૂનાગઢ રાજ્યને પાકિસ્તાને જોડાણની સંમતિ આપતાં તેઓ કાશ્મીર પ્રશ્ને સક્રિય બન્યા. ૨૩મી ઓક્ટોબરે પાકિસ્તાને સૈન્યની મદદ અને માર્ગદર્શન સાથે કબાઇલીઓ દ્વારા કાશ્મીર પર આક્રમણ કરતાં

કાશ્મીરમાં અવ્યવસ્થા અને અરાજકતા ફેલાઇ; તેથી મહારાજા હરિસિંહે ભારતની મદદ માંગી અને ૨૬મી ઓક્ટોબરે કાશ્મીરનું ભારતીય સંઘ સાથેનું જોડાણ થતાં માત્ર ને માત્ર સરદારના આગ્રહને કારણે જ કાશ્મીરમાં લશ્કર મોકલવામાં આવ્યું. ભારતીય લશ્કરે ૬૫ ટકા કાશ્મીરનો હિસ્સો પરત મેળવી લીધો અને બાકીનો હિસ્સો મેળવે તે પૂર્વે યુદ્ધવિરામ કરવામાં આવ્યો. માઉન્ટબેટનની સલાહથી ૮મી ડિસેમ્બર, ૧૯૪૭ના દિવસે લાહોરમાં નહેરુ અને લીયાકતઅલી વચ્ચે શાંતિ મંત્રણા યોજાઇ ત્યારે પણ સરદારે સ્પષ્ટ કર્યું કે 'આપણી સ્થિતિ મજબૂત હોય અને સત્ય પણ આપણા પક્ષે હોય એવા સંજોગોમાં વડાપ્રધાન ઘૂંટણિયે પડીને ઝીણા પાસે જાય તે આપણી પ્રજા સાંખી લેશે નહીં.' તો માઉન્ટબેટનની સલાહથી ૧લી જાન્યુઆરી, ૧૯૪૮ના દિવસે કાશ્મીર પ્રશ્ને ભારત યુનોમાં ફરિયાદી બન્યું તે પણ સરદારને પસંદ ન હતું. યુનો પરના મહાસત્તાઓના પ્રભાવને તેઓ બરાબર પિછાણતા હતા. અમેરિકા અને બ્રિટન, યુનોને ક્યારેય પાકિસ્તાનને આક્રમણખોર જાહેર કરવા દેશે નહીં એવું તેઓનું સ્પષ્ટ માનવું હતું. યુનોમાં કાશ્મીર પ્રશ્ન ચર્ચવા માટે ભારત તરફથી શેખ અબ્દુલ્લા અને ગોપાલસ્વામી આયંગરની પસંદગી કરી ત્યારે સરદારે સ્પષ્ટ કર્યું કે તેમને શેખ અબ્દુલ્લામાં વિશ્વાસ નથી અને આયંગર અનુભવી વહીવટકર્તા અને કાશ્મીરના જાણકાર ખરા પણ પાકિસ્તાનના સર ઝફરુલ્લાખાન સામે નબળા પુરવાર થાય. આ સલાહ એ વખતે નહેરુને યોગ્ય લાગી ન હતી પરંતુ રિપોર્ટ ઓફ ગવર્નર જનરલમાં માઉન્ટબેટન લખે છે કે, નહેરુ મને કહ્યા કરે છે કે, 'કાશ્મીર પ્રશ્ન' યુનોમાં લઇ જઇને ભૂલ કરી છે. યુનો મૂલ્ય આધારિત નહીં, પાવર પોલિટિક્સ અને વિશેષ તો અમેરિકા કહે તે જ કરે છે. અમેરિકાનો પ્રતિનિધિ સેનેટર વોરન ઓસ્ટિન પાકિસ્તાનનું જ ખેંચે છે. યુ.કે.ના નોયલ બેકર પણ પાકિસ્તાન તરફી છે. સલામતી સમિતિમાં સોવિયેત રશિયા સિવાય કોઇની અમારા તરફ સહાનુભૂતિ નથી. સરદારે કાશ્મીર પ્રશ્ન દ્વિપક્ષી બનાવ્યો તો તે પછીના બનાવોએ કે આપણી વિદેશનીતિના કર્ણધારોની અણઆવડતને કારણે આ પ્રશ્ન બહુપક્ષી બનતાં આજે પણ માથાના દુખાવા રૂપ પુરવાર થઇ રહ્યો છે. સરદારની સલાહની અવગણનાનું આ પરિણામ છે, એમ કહીએ તો અયોગ્ય નહીં ગણાય.

હૈદ્રાબાદના પ્રશ્નના ઉકેલમાં સરદારે આગ્રહ રાખ્યો હતો કે હૈદરાબાદની સમસ્યા ભારતની અને માત્ર ભારતની જ રહેવી જોઇએ. પાકિસ્તાનને આ બાબતમાં પગ મૂકવાનો અવકાશ ન રહેવો જોઇએ. આ બાબતને કેન્દ્રમાં રાખી તેમણે માઉન્ટબેટનને નિઝામ સાથે ચર્ચા કરી અને કેટલીક છૂટછાટ આપવાની પણ ઉદારતા દાખવી હતી. અને એ મુજબ ૨૫મી નવેમ્બર, ૧૯૪૭ના દિવસે નિઝામની કાઉન્સિલની કેટલીક અણગમતી શરતો સ્વીકારીને પણ ૨૯ નવેમ્બરે હૈદ્રાબાદના નિઝામ સાથેની સંધિનો સ્વીકાર કર્યો. આ જ સમયે નિઝામે સતત સંધિની શરતોની વિરુદ્ધ અને ભારતીય સંઘને મુશ્કેલીમાં મૂકે એવી પ્રવૃત્તિઓ પણ કરી. હથિયારોની ખરીદી, પાકિસ્તાન પાસેથી સર ઝફરુલ્લાખાનની સેવાઓની માંગણી, ભારતને ધમકી અને પાકિસ્તાન સાથે પત્રવ્યવહાર અને વાટાઘાટો તેમજ ભારતીય સરકારને પાકિસ્તાન સાથે નહીં જોડાવાની ખાતરી આપેલ છતાં સંધિની શરતોનો ભંગ કરતા વટહુકમો બહાર પાડ્યા, જેમાં કિંમતી વસ્તુઓની ભારતમાં નિકાસ પર પ્રતિબંધ અને ભારતીય ચલણને હૈદરાબાદમાં અમાન્ય ઠરાવ્યું. અમેરિકાના પ્રમુખને દરમિયાનગીરીની વિનંતી કરી. આ મામલો યુનોમાં લઇ જવાની યોજના ઘડી અને પાકિસ્તાનના સમર્થનથી સલામતિ સમિતિ સમક્ષ રજૂ કર્યો. આ બધી બાબતો સંધિની શરતોનો ભંગ સમાન હતી જ ઉપરાંત તેનાથી આપણી આંતરિક બાબતમાં અન્ય રાજ્ય કે સંસ્થાની દરમિયાનગીરી પણ થતી હતી. તો બીજી બાજુ પાકિસ્તાનની દોરવણી નીચે હૈદરાબાદની પોલીસ, રઝાકારો અને સામ્યવાદીઓ સાથે મળીને રાજ્યની પ્રજા પર અત્યાચાર, લૂંટફાટ, અપહરણ, સ્ત્રીઓ પર બળાત્કારનું પ્રમાણ વધાર્યે જતા હતા. આવી સ્થિતિમાં પ્રજાને દર્દભરી સ્થિતિમાંથી બહાર લાવવાના હેતુથી ૧૩મી સપ્ટેમ્બર, ૧૯૪૮ના રોજ પોલીસ પગલું ભરવાની ભારત સરકારને ફરજ પડી. ૧૭મી સપ્ટેમ્બરે હૈદરાબાદના લશ્કરે શરણાગતિ સ્વીકારી. આ પોલીસ પગલાને 'ઓપરેશન પોલો' એવું સાંકેતિક નામ આપવામાં આવેલ. ૨૩મી સપ્ટેમ્બરે નિઝામે તાર કરીને હૈદ્રાબાદની ફરિયાદ યુનોમાંથી પાછી ખેંચી લીધી. પાકિસ્તાને વિરોધ કર્યો પરંતુ એ વાત પૂરી કરવામાં આવી. સરદારે પોલીસ પગલાનો નિર્ણય એવા સમયે અને એટલો ઝડપી લીધો કે જ્યારે સલામતી સમિતિ બર્લિનના ઝઘડામાં રોકાયેલી હતી. હૈદરાબાદની ચર્ચા યુનોમાં શરૂ થાય તે પૂર્વે જ તેનો અંત લાવ્યા. આમ તેઓની વિદેશી બાબતોની સૂઝ પ્રદર્શિત થતી હતી, નહીં તો હૈદરાબાદ સમસ્યા પણ કાશ્મીરની જેમ માથાનો દુખાવો થવા સંભાવના હતી. આ કામ એટલે શક્ય બન્યું કે આ પ્રશ્ન દેશી રાજ્યો અને ગૃહખાતાને લગતો હતો અને આ સમસ્યાની જવાબદારી સરદારે એકલાએ જ વહન કરવાની હતી.

ચીનમાં રાષ્ટ્રીય સરકારના પતન પૂર્વે ૪ જૂન, ૧૯૪૯ના પત્રમાં તેઓએ 'આપણે સિક્કીમ અને તિબેટમાં આપણો પગ મજબૂત જમાવવો જોઇએ. સામ્યવાદી દળને આપણાથી દૂર રાખીએ એટલું સારું થાય' એવો મહત્ત્વપૂર્ણ દિશાનિર્દેશ કર્યો હતો. પરંતુ ભારતીય વિદેશનીતિના નીતિનિર્ધારકોએ તેના તરફ ધ્યાન આપ્યું નહીં. ૪ થી નવેમ્બર, ૧૯૫૦ ના દિવસે અખબારો દ્વારા ચીને તિબેટ પર કબજો કર્યાના સમાચાર

પ્રસિદ્ધ થયા કે તરત જ ૭મી નવેમ્બર ૧૯૫૦ના રોજ નહેરુને એક પત્ર દ્વારા જણાવ્યું કે 'ચીન સરકારે શાંતિના દાવાઓ કરીને આપણને છેતર્યા છે. મારી પોતાની લાગણી એવી છે કે એક નિર્ણાયક સમયે તેમણે તિબેટના પ્રશ્નને શાંતિમય સાધનોથી ઉકેલવાની એમની કહેવાતી ઇચ્છા વિષે વિશ્વાસની ખોટી લાગણી આપણા એલચીના મનમાં કોઇક રીતે દાખલ કરી દીધી. ચીનનું છેલ્લું પગલું મારી ગણતરી મુજબ વિશ્વાસઘાત સિવાય બીજું કંઇ નથી. દુઃખની વાત એ છે કે તિબેટનાં લોકોએ આપણામાં વિશ્વાસ મૂક્યો. એમણે આપણી દોરવણી સ્વીકારવાનું પસંદ કર્યું છતાં આપણે તેમને ચીનની દુષ્ટતામાંથી છોડાવવામાં નિષ્ફળ નિવડયા. છેલ્લી પરિસ્થિતિ પરથી એવું લાગે છે કે આપણે દલાઇ લામાને બચાવી શકીશું નહીં.'

તેઓનું માનવું હતું કે 'તિબેટ વુડ બી એ બફર સ્ટેટ' (Tibet would be a buffer state). ભારત-ચીન વચ્ચે તિબેટ જેવો સ્વાયત્ત પ્રદેશ હોય તો બફર સ્ટેટ તરીકે કામ લાગે, ને તેને કારણે ચીન ભારત પર સીધું આક્રમણ ન કરી શકે પરંતુ તિબેટ ચીનનો ભાગ છે તે વાતનો નહેરુએ સ્વીકાર કરતાં સરદારના અવસાન પછી ૧૯૬૨માં ચીને આક્રમણ કર્યું ત્યારે આપણે તિબેટ, દલાઇ લામા, તિબેટની પ્રજા અને આપણને ખુદને પણ બચાવી શકયા નહીં. અહીં સરદારની દીર્ઘદૃષ્ટિ સ્પષ્ટ થાય છે અને વિદેશનીતિના તજજ્ઞો વામણા પુરવાર થયા. ભારત પરના ચીન આક્રમણ પૂર્વે ૯મી સપ્ટેમ્બર ૧૯૫૦ના રોજ દિલ્હીમાં આર્યસભામાં બોલતાં સરદારે ચીનની તિબેટ તથા નેપાળ પરત્વેની પ્રસારવાદી નીતિની આલોચના કરતાં દહેશત વ્યકત કરી હતી કે કદાચ ચીન ભારત પર આક્રમણ કરે પણ ખરું અને એ દહેશત સાચી ઠરી છે. સરદાર જાણતા હતા કે ચીનાઓની નીતિ એવી રહી છે કે, જે તેની સાથે નથી તે તેની સામે છે.

ચીને આપણી અને તિબેટ સાથે જે રીતે ઉદ્ધત વર્તાવ કર્યો હતો તેને ધ્યાનમાં લેતાં સરદારે યુનોમાં ચીનના પ્રવેશ અંગે વકીલાત કરવા સામે પણ દહેશત વ્યક્ત કરી હતી. કોરિયાના યુદ્ધમાં તેની સક્રિય ભૂમિકાને કારણે યુનોથી તેને દૂર રખાય તેવા વાતાવરણ સમયે આપણા વલણને સ્પષ્ટ કરવાની પણ હિમાયત કરી હતી.

સરદારના અભિપ્રાયોની સમજ વિદેશનીતિના સૂત્રધારોને ત્યારે પડી કે ૧૯૫૯માં દલાઇ લામાને તિબેટ છોડવું પડ્યું. તે પછી ત્રણ વર્ષે ૧૯૬૨માં ચીને ભારત પર આક્રમણ કર્યું. ભારતને પરાજય સહન કરવો પડ્યો અને ભારતની આંતરરાષ્ટ્રીય પ્રતિષ્ઠા ઘટી. તે પછી ૨૦૦૪માં દલાઇ લામાને પણ તિબેટ પરના ચીની સાર્વભૌમત્વનો સ્વીકાર કરવાની ફરજ પડી છે. ત્યારે સરદાર ચીનની બાબતમાં કેટલા સાચા હતા તે સ્પષ્ટ થાય છે.

આરબ-ઇઝરાઇલ અંગેની સમસ્યાના સંદર્ભમાં પણ તેઓએ સ્પષ્ટતા કરી હતી. તેમ છતાં તેમણે તેમાં સાવધાનીપૂર્વકનો અભિપ્રાય આપતાં આરબ પત્રકાર કાઉન્ટ બર્નાડોટે સરદારને પૂછયું, ''આપ જાણો છો કે પેલેસ્ટાઇન સમગ્ર આરબ વિશ્વ માટે અત્યંત મહત્ત્વનો છે, તે બાબતે આપનો અંગત મત શું છે?'' સરદારનો ઉત્તર હતો : ''તે બાબતમાં મારે અંગત અભિપ્રાય આપવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. હું વિદેશખાતું સંભાળતો નથી.''

આ બાબત સરદારની વિદેશ સંબંધી બાબતોની આગવી સૂઝ સ્પષ્ટ કરે છે. તેઓ ભારત સરકારના પેલેસ્ટાઇન તરફના ઢળતા વલણને જાણતા હતા. તેથી સરકારના આ વલણની વિરુદ્ધમાં પોતાનો અંગત અભિપ્રાય આપી આંતરિક કે બાહ્ય વિવાદ જગાવવા ઇચ્છતા ન હતા. તો બીજી બાજુ વિદેશી પત્રકારને અંગત અભિપ્રાય પણ શા માટે જણાવવો તો સાથે સાથે પેલેસ્ટાઇન કે ઇઝરાઇલની તરફેણ કે વિરુદ્ધના અભિપ્રાયથી આ બંન્ને દેશોમાં પ્રત્યાઘાત પડે અને તેનાથી કોઇ એક દેશમાં ભારતની છાપ ધૂંધળી બને તેવું પણ ઇચ્છતા ન હતા. આમ આ પત્રકારના પ્રશ્નોનો ઉત્તર ટાળવાનું તેઓએ ઉચિત માન્યું હશે. તેમ છતાં સરદારનું વલણ ઇઝરાઇલને માન્યતા આપવાની તરફેણમાં રહ્યું હતું.

સરદારે આ અંગે પોતાના વિચારો વ્યક્ત કરતાં જણાવ્યું કે વિદેશનીતિ બાબતે કેટલાક નિર્ણયો લેવામાં વિલંબ થાય છે. ઇઝરાઇલની બાબતમાં આપણા કેટલાક મુસ્લિમ નાગરિકોની અને મુસ્લિમ રાષ્ટ્રોની નારાજગીને ધ્યાનમાં લઇ ઢીલ કરવામાં આવે છે. પરિણામે આપણે ઇઝરાઇલ અને તેનામાં રસ ધરાવતા દેશોની શુભેચ્છા ગુમાવવી પડશે. કેટલાક મુસ્લિમ દેશોએ ઇઝરાઇલને માન્યતા આપી છે ત્યારે આપણે તેમાં વિલંબ શા માટે કરીએ છીએ તે મને સમજાતું નથી, એવી લાગણી વ્યક્ત કરી હતી. ઇઝરાઇલને આપણે માન્યતા નહીં આપેલ હોવા છતાં કાશ્મીર પ્રશ્ને યુનોમાં તે હંમેશા આપણી તરફદારી કરતું રહ્યું હતું જ્યારે આરબ રાષ્ટ્રોને આપણું સમર્થન છતાં કાશ્મીર પ્રશ્ને ક્યારેક તેનું વલણ ઢીલું દેખાતું હતું. આખરે સરદારનું વલણ આપણને ખૂબ જ મોડું સમજાયું અને નરસિંહરાવની સરકારે ૧૯૯૧-૯૨માં ઇઝરાઇલ સાથે ભારતના રાજદ્વારી સંબંધો પ્રસ્થાપિત કર્યા અને આજની આતંકવાદ સાથેની વૈશ્વિક લડાઇમાં અને ખાસ કરીને ભારતની બે-ત્રણ દાયકાની આ લડાઇમાં જ્યાં જરૂરી હોય ત્યાં ઇઝરાઇલ સહકાર

આપી રહ્યું છે. ઇઝરાઇલ સાથેના આજના સંબંધોના સમર્થનનાં બીજ સરદારના અભિપ્રાયમાં પડેલાં છે તેમ નિઃશંકપણે કહી શકાય.

ભારતનો જ ભૂ-ભાગ એવા ગોવાનો કબજો ભારતની સ્વતંત્રતા પછી પણ ફિરંગીઓ પાસે હતો. આ બાબત અખંડ ભારતના શિલ્પી સરદારને ગમે નહીં તે સ્વાભાવિક છે. તેથી ૧૯૪૮માં એક લશ્કરી જહાજ દ્વારા મુંબઇથી કોચીન જઇ રહ્યા હતા ત્યારે જહાજ ગોવા પાસે પહોંચતાં સરદારે કમાંડરને કહ્યું, યુદ્ધ જહાજને ગોવા પાસે લઇ જાઓ જેથી હું ગોવા જોઇ શકું. ત્યારે કમાંડરે સમુદ્ર સીમાના નિયમોની યાદ દેવડાવી ત્યારે સરદારનો ટૂંકો જવાબ હતો : 'વાંધો નહીં'. આગળ બોલતાં સરદારે કહ્યું, ''આપણે અહીં છીએ એટલી વારમાં ગોવાનો કબજો લઇ લો.'' કમાંડરે લેખિત આપવા જણાવ્યું કે જેથી તે રેકર્ડ પર રહી શકે. વળી, સરદારને વિચાર આવતાં આ યોજનાનો અમલ કરતા અટકી ગયા. ૧૯૫૦ માં વિદેશી બાબતોની સમિતિમાં ગોવાની સમસ્યા અંગે ચર્ચા ચાલતી હતી તેમાં રસ દાખવ્યા વગર શાંતિથી અર્ધી આંખો બંધ કરીને બેઠા હતા. અચાનક જ મૌન તોડતાં સરદારે કહ્યું, 'ગોવામાં ઘૂસવું છે? ફક્ત બે કલાકનું કામ છે.' નહેરુએ સરદારના આ પ્રસ્તાવનો વિરોધ કરતાં ફરી મૌનમાં સરી પડયા. સરદાર રાષ્ટ્રહિતની બાબતમાં દુનિયા શું વિચારશે, શું કહેશે તેની પરવા કરતા ન હતા. તેઓ જાણતા હતા કે આવા પ્રકારનાં પગલાં વિશ્વરાજકારણમાં ટીકાપાત્ર બનતાં હોય છે અને સમય જતાં શાંત થઇ જતાં હોય છે. તે પછી બાર વર્ષ પછી ૧૯૬૨માં નહેરુની આગેવાની નીચે ભારતે ગોવામાં પ્રવેશ કર્યો ત્યારે ગોવાનો કબજો મેળવતાં ભારતીય સૈન્યને માત્ર બે કલાક અને તેર મિનિટનો સમય લાગ્યો હતો. ભારતનું આ પગલું આંતરરાષ્ટ્રીય સમુદાયમાં ટીકાપાત્ર પણ બન્યું હતું, પરંતુ સમય જતાં શાંત પણ થઇ ગયું. સરદારના અભિપ્રાયની અવગણના અને દુનિયા શું વિચારશે અને કહેશે તેની ચિંતામાં ગોવાને ભારતીય સંઘ સાથે જોડવામાં બાર વર્ષ જેટલો લાંબો સમયગાળો પસાર થયો.

રશિયા અને અમેરિકા સાથેના ભારતના સંબંધો અંગે સ્પષ્ટ, ખુલ્લા વિચારો સરદારે વ્યક્ત કર્યા નથી પરંતુ તેમના વલણ અને છાપ સામ્યવાદ વિરોધી અને મૂડીવાદ તરફી તેમની અભિવ્યકિતમાંથી વ્યક્ત થતાં હતાં. સામ્યવાદ કંઇ સામ્રાજ્યવાદ સામેની ઢાલ નથી અને સામ્યવાદીઓ પણ બીજાના જેટલાં જ સારા કે ખરાબ સામ્રાજ્યવાદીઓ છે. સોવિયેટ રશિયા અમુક અંશે પોતાની વિચારસરણીના સમર્થનમાં તો અમુક અંશે મહત્ત્વાકાંક્ષાના સમર્થનમાં નબળાં સ્થાનોનો ગેરલાભ લેવાની એક પણ તક જતી કરી શકશે નહીં. તેઓના આ વિચારને તે પછીના વિશ્વરાજકારણમાં બનેલા બનાવો દ્વારા સમર્થન પ્રાપ્ત થયું તથા બહુસંખ્યક નાનાં અને નબળાં રાજ્યોને પોતાના સકંજામાં લેવાના પ્રયાસ થયા હતા. સોવિયેટ રશિયા સાથેના ભારતના સંબંધો અંગે નહેરુને જેટલો વિશ્વાસ હતો એટલો વિશ્વાસ સરદારને હતો નહિ. સરદારના આ અવિશ્વાસની પ્રતીતિ ચીનના ભારત પરના આક્રમણ સમયે ભારતને સમયસર શસ્ત્રો કે અન્ય સામગ્રી નહીં પહોંચાડીને રશિયાએ કરાવી હતી. તો તેઓની જે મૂડીવાદી છાપ હતી તેથી અને અમેરિકા તરફના ઢળતા વલણને કારણે હૈદરાબાદના પ્રશ્ને નિઝામે અમેરિકાના પ્રમુખને દરમિયાનગીરી કરવા જણાવ્યું ત્યારે અમેરિકાના પ્રમુખ આ પ્રશ્નમાં દરમિયાનગીરી કરવાથી અળગા રહ્યા હતા. તો સ્વાતંત્ર્ય પ્રાપ્તિ સમયે ભારતને અનાજની જરૂર હતી અને અમેરિકા પાસેથી મળી શકે તેમ હતું ત્યારે લોય હેન્ડરસન અમેરિકાના એલચી હતા. સરદારે તેમને એકલાને પોતાને ઘરે જમવા બોલાવ્યા અને દરખાસ્ત મૂકી કે વીસ લાખ ટન ઘઉંની આયાત માટે જરૂરી રકમ ભારતને કરજ તરીકે આપવા માટે હેન્ડરસને પોતાની સરકારને સમજાવવી. હેન્ડરસને તેમની દરખાસ્ત સ્વીકારી લીધી. અમેરિકન સરકારે પણ આ બાબતને મંજૂરી આપી. અમેરિકન એલચી અને સરકારને સરદાર પર વિશ્વાસ હતો. સરદારની અમેરિકા તરફની હકારાત્મક નીતિને કારણે તેમના અવસાન પછી ૧૯૬૨માં ચીની આક્રમણ સમયે અમેરિકાએ ભારતને માત્ર ૯૦ કલાકમાં શસ્ત્રો અને અન્ય સહાય મોકલી આપેલી. ૧૯૯૯ના કારગીલ યુદ્ધ સમયે પણ અમેરિકાએ દરમિયાનગીરી કરી પાકિસ્તાન લશ્કરને ભારતીય સીમામાંથી પાછા હઠી જવા સલાહ આપી હતી, એવું કેટલાક વર્તમાનપત્રોમાં પ્રસિદ્ધ થયું છે. આમ, સરદારે આ મહાસત્તાઓ અંગે પોતાના અભિપ્રાયો જાણ્યે અજાણ્યે તૂટક તૂટક વ્યક્ત કર્યા છે.

સરદાર વિશ્વસંસ્થા તરીકે યુનોનો સ્વીકાર કરતા હોવા છતાં પણ યુનોની કાર્યશૈલી અને નિર્ણયપ્રક્રિયા પર મહાસત્તાઓના નિર્ણાયક પ્રભાવથી તેમને અણગમો હતો. એટલે જ જૂનાગઢ, હૈદરાબાદ અને કાશ્મીરના પ્રશ્નને માઉન્ટબેટનની સલાહથી યુનોમાં લઇ જવાની પેરવી થઇ, ત્યારે સખત વિરોધ અને નારાજગી વ્યક્ત કરી હતી. બીજી બાજુ વિચારસરણીના પ્રભાવ અને પ્રસારના નામે યુનોના મંચનો જે રીતે ઉપયોગ થતો હતો તેને લીધે ઠંડા યુદ્ધનું વિસ્તરણ થતું જતું હતું અને વિશ્વ દ્વિધ્રુવીય બનતું હતું. તેમાંથી કયારેક વિશ્વશાંતિ જોખમાય તેવી પણ દહેશત હતી, તેથી તેમણે નારાજગી વ્યક્ત કરતી ટીકા કરતાં જણાવ્યું કે 'યુનોના મંચનો ઉપયોગ વિશ્વના દેશોને બે જૂથોમાં વહેંચી ભાગલા પાડવા માટેનો પ્રયત્ન થઇ રહ્યો છે તેથી યુનો આ બે જૂથો વચ્ચેનીને ગાળો અને કડવી દુશ્મનાવટભરી ટીકાઓ માટેના ચોરા જેવો બની ગયો છે.' આવી યુનોની પરિસ્થિતિથી તેઓ પૂરેપૂરા જ્ઞાત હતા.

અને આ કડવાટ દૂર કરવા ભારત પ્રયત્ન કરે તેમાં તેમનું વલણ સકારાત્મક હતું.

સરદાર સાવ નોખી માટીના મહામાનવ હતા. તેઓ અત્યંત સફળ સેનાપતિ પણ હતા. સફળ સેનાપતિ વિજય પર આંખ માંડે અને તે માટે પોતાની જાતને નીચોવી નાખે. સરદારનું મિશન માત્ર ને માત્ર દેશહિત જ હતું. તેઓ દેશ માટે જીવ્યા અને દેશની ચિંતામાં જ ચિતા પર ચડયા. મૃત્યુ સુધી તેઓ અસ્વસ્થ તબિયત છતાં દેશ માટે કામ કરતા રહ્યા. ૧૯૩૧ માં કરાંચી અધિવેશનમાં ગાંધીજીએ કહ્યું હતું, ''જવાહરલાલ વિચારક છે અને સરદાર કામ કરનાર''. આ અભિપ્રાયને પોતાના જીવનકાળ દરમિયાન સરદારે ચરિતાર્થ કરી બતાવ્યો. તેઓ દેશ માટે કેટલા ચિંતિત હતા તે મહાવીર ત્યાગી સાથેના એક પ્રસંગ પરથી સ્પષ્ટ થાય છે. તેઓએ કહ્યું, ''મહાવીર, સાડી ફાટે તો થીગડું મરાય, ચશ્માની દાંડી તૂટે તો દોરી બાંધ્યે ચાલે, પણ દેશ તૂટવો ન જોઈએ, કારણ કે તે તૂટશે તો તેને થીગડું મારી શકાશે નહીં.'' સરદાર એક લાગણીપ્રધાન પુરુષ હતા, પરંતુ લાગણીનો દેખાડો કરવામાં માનતા ન હતા. તેઓના ન્યાય, નિષ્ઠા અને દૃઢતાપૂર્ણ નિર્ણયને કારણે તેમનામાં કઠોરતાનો આભાસ થતો હતો. લોકોની પ્રશંસાની અપેક્ષા કરતાં એમના હિતની ખેવના સરદારને ઘણી વધારે હતી તેથી લોકોની અપ્રિયતા અને નારાજગીના ઝેરના ઘૂંટડા પીને પણ લોકહિતનો વિચાર તે છોડતા ન હતા. ૧૫મી ઓગસ્ટ, ૧૯૫૦ના દિવસે દેશને છેલ્લો સંદેશો પાઠવતાં જણાવ્યું, ''મારી જિંદગીમાં હવે એવા મુકામે હું આવી પહોંચ્યો છું કે જ્યાં સમય જ અગત્યનો છે. ઉંમરે મારી ધગશને જરા પણ ઓછી કરી નથી. મારા દેશને એક મહાન દેશ તરીકે તથા તેની સ્વતંત્રતાનો પાયો મજબૂત રહે તે જોવા હું ઇચ્છું છું. માતૃભૂમિની શાંતિ, સમૃદ્ધિ તથા વિકાસ માટે મારી તમામ શક્તિ કામે લગાડવામાં હું મારી શારીરિક નબળાઇઓને વચમાં લાવવા માંગતો નથી, પરંતુ સમયના પંખીને પાંખો હોય છે. અને જુઓ, તે પાંખો ફફડાવીને ઊડી રહ્યું છે.'' આમ, જીવનની સંધ્યાના સમયે પણ દેશના વિકાસની અને સ્વતંત્રતાની ખેવના કરતા રહ્યા. તેઓની રાજનીતિ, અર્થનીતિ, ગૃહનીતિ કે પછી વિદેશનીતિ હંમેશા રાષ્ટ્ર કલ્યાણ કેન્દ્રી રહી છે. તેમણે મણિબહેનને એક પ્રસંગે કહ્યું હતું, ''મેં જે કંઇ સાચું-ખોટું કર્યું તે દેશના હિત માટે કર્યું છે. જો તે મેં સ્વહિત માટે કર્યું હોત તો મારે ફાંસીએ લટકવું પડત.'' સરદાર વિશે લોર્ડ વેવેલે ૮મી જુલાઇ ૧૯૪૬ ના રોજ બ્રિટનના રાજાને લખ્યું હતું, ''કોંગ્રેસ કારોબારીના સભ્યો પૈકી સૌથી વધારે મજબૂત માણસ તરીકે સરદાર જાણીતા છે અને સૌથી શક્તિશાળી વ્યક્તિત્વ ધરાવે છે. કદાચ ગાંધીની હરોળે ઊભા રહી શકે તેવા એ એક જ છે.''

સરદાર નાળિયેર જેવા હતા. બહારથી બરછટ, અંદરથી નક્કર છતાં ટોપરા જેવા મીઠા. નાળિયેરના પાણીની જેમ પછડાટમાં શાતા આપનાર. જરૂર પડે ભારતમાતા માટે વધેરાવાની ક્ષમતા અને તત્પરતાવાળા. વધેરાયા પછી પણ પવિત્રતા જાળવી રાખનારા એ પવિત્ર પુરુષ ભારતના સરતાજ હતા. ■

*(રાજ્યશાસ્ત્ર વિભાગ, શામળદાસ આર્ટસ કોલેજ, ભાવનગર.)*


**'ખોજ'નું લવાજમ નીચેનાં સ્થળોએ પણ સ્વીકારાય છે**

| | |
|---|---|
| **ડૉ દક્ષાબેન /રશ્મિભાઈ** | : આર્ય દવાખાનું, નગરિયા, ધરમપુર. ફોનઃ ૦૨૬૩૩-૨૯૩૨૩૨. |
| **બરોડા બુક કોર્પોરેશન** | : ૨૦-સ્ટોપ એન્ડ શોપ પ્લાઝા, ઓફટેલ ટાવર, આર.સી.દત્ત રોડ, અલકાપુરી, વડોદરા, ફોન ૨૩૫૮૭૩૬. |
| **ડૉ. મહેન્દ્ર ચોટલિયા** | : એમ.બી.પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન, સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર, ફોન ૯૮૭૯૫૨૮૧૨૯. |
| **શ્રી પ્રશાંત ચાવડા** | : ૩૨-૨, બીમાનગર, ઉમિયા વિજય બસ સ્ટેન્ડ પાછળ, સેટેલાઈટ રોડ, અમદાવાદ. ફોન ૨૬૩૦૨૩૨૨. |
| **સૌરભ પુસ્તક ભંડાર** | : બી-૨૦, સ્થાપત્ય એપાર્ટમેન્ટ, સ્ટર્લીંગ હોસ્પિટલ પાસે, મેમનગર, અમદાવાદ ફોન ૨૭૪૫૧૪૦૦. |
| **નવકાર મેગેઝિન એજન્સી** | : બી-૮, અરિહંતનગર, વિશ્રામનગર સામે, ગુરુકુલ રોડ, મેમનગર, અમદાવાદ ફોન ૨૭૪૭૫૦૯૭. |
| **પીયૂષ મેગેઝિન વર્લ્ડ** | : એફ-૮, પ્રથમ માળ, મુલ્કી ભવન, એસ. ટી. બસ સ્ટેન્ડની પાસે, મહેસાણા ફોન (૦૨૭૬૨) ૨૨૦૩૫૦. |
| **એજયુકેશન એમ્પોરીયમ** | : ૩૬, ઉમિયાનગર, જલ ચોક, સરદારબાગ પાછળ, પાટણ, ૩૮૪૨૬૫ ફોન (૦૨૭૬૬) ૨૨૦૭૦૩ |

# સર્વેષામ્ અવિરોધન

**ગોવિંદભાઈ રાવલ**

યુગોથી દરેક દેશમાં આસ્તિક અને નાસ્તિકની પરંપરા ચાલી આવે છે. કહેવાય છે કે પ્રાચીન કાળમાં સાંખ્યશાસ્ત્રના પ્રવર્તક કપિલ મુનિ નાસ્તિક હતા. દરેકને પોતાના મત હોઇ શકે. એ એનો અધિકાર છે.

પરંતુ આજના યુગમાં વિવિધ સંપ્રદાયો - જે પોતાના મતને ધર્મને નામે પ્રસ્થાપિત કરે છે, તેમનામાં જે ધાર્મિક ઝનૂન છે તે ચિંતાજનક બન્યું છે. પોતાના સંપ્રદાયને ધર્મ તરીકે ભલે ઓળખાવે પણ બીજો ધર્મ પાળનારાઓને ભય કે લાલચ આપી તેમનું પોતાના ધર્મમાં ધર્માંતરણ કરાવવા માટે અભિયાન ચલાવવાં એ ન્યાયયુક્ત નથી. ઇસ્લામ અને ખ્રિસ્તી ધર્મ આ માટે નામીચા છે. હિંદુ ધર્મ આ બાબતમાં પ્રયત્નશીલ નહોતો પણ હવે એમનામાં પણ એવા ધર્મ ઝનૂનીઓ ઊભા થાય છે, શુદ્ધિકરણને નામે. અસલમાં તો એ હિંદુ હતા, એમ કહી અન્યધર્મીઓને હિંદુ બનાવવાનું અભિયાન ચલાવે છે. આ કાંઇ સામાજિક તંદુરસ્તીની નિશાની નથી, પણ વિકૃતિ છે.

અસલમાં તો આ પૃથ્વી પર આપણો જન્મ માનવયોનિમાં થયો એટલે આપણો જો કોઇ ધર્મ હોય તો એ છે માનવધર્મ અને એની ઓળખ છે માનવતા. માનવતાનો અર્થ છે આપણે અન્ય માનવો સાથે તો ખરા જ પણ અન્ય સજીવો પ્રત્યે પણ પ્રેમ, સહાનુભૂતિ અને સેવાભાવ રાખીએ. આ છે માનવધર્મ.

ધર્મ શબ્દ સંસ્કૃત --ધાતુ ઉપરથી બન્યો છે. જે જીવન અને જગતનું ધારણ, પોષણ અને સંવર્ધન કરે તે 'ધર્મ'. આમ ક્યારે થાય? જો દરેક માણસ પોતાને ભાગે આવેલું કે પોતે સ્વીકારેલું કામ બરાબર- બરાબર, સચ્ચાઇથી, ઇમાનદારીથી, પ્રામાણિકતાથી કરે ત્યારે. સાદી ભાષામાં આનો અર્થ છે પોતાની ફરજ. પોતાનું કર્તવ્ય. આને બદલે આપણે પરંપરાગત મળેલી દાર્શનિક ધારણાઓને દા.ત. હિંદુ, મુસલમાન, ખ્રિસ્તી, યહૂદી વગેરેને ધર્મ માનીને ચાલીએ છીએ. જો આપણે આપણી પરંપરાને આપણા પૂરતી સમજીને પાળીએ, તેનાં વિધિ-વિધાન કરીએ ત્યાં સુધી તો વાંધો નથી આવતો પણ અન્ય પરંપરાને આપણાથી ન્યૂન, હલકી ગણી એની નિંદા ટીકા કરીએ અને બીજી પરંપરાવાળાઓને પોતાની પરંપરામાં લાવી પોતાનું સંખ્યાબળ વધારવું એને જ ધર્મકાર્ય માનીએ ત્યારે ઝઘડા થાય છે. ત્યારે મહાત્મા ગાંધીજીએ સમજાવ્યું કે સૌ પોતપોતાના ધર્મ ભલે પાળે પણ બીજા ધર્મો પ્રત્યે પણ સમભાવ રાખીએ તો સમાજમાં કોમી એખલાસ જળવાઇ રહે.

જેમ પોતાને પોતાની મા વહાલી હોય એમ દરેકને પોતાની મા વહાલી હોય જ. હવે જો હું એમ ઇચ્છું કે સૌ મારી માની ઇજ્જત કરે તો સ્વાભાવિક છે કે મારે સામાની માની ઇજ્જત કરવી જોઇએ. આમ જે-જે પરંપરામાં જે ઊછર્યો હોય તેને માટે તેનો ધર્મ મા જેવો એને વ્હાલો લાગે એ સ્વાભાવિક છે. તો જો બીજા મારા ધર્મ પ્રત્યે, મારી પરંપરા પ્રત્યે સમભાવ રાખે એવું આપણે ઇચ્છતા હોઇએ તો સ્વાભાવિકપણે આપણે એના ધર્મ પ્રત્યે સમભાવ રાખવો જોઇએ. આ દીવા જેવા સત્યને વિસારીને આપણે આપણા ધર્મને નામે આપણા રાગ-દ્વેષ અને અહમ્‌ને પોષવા નાહક ધાર્મિક વિતંડાવાદ કરી સામાજિક સદ્ભાવને વારે વારે ડહોળીએ છીએ. મોટે ભાગે રાજકારણ તથા જે તે ધર્મનાં ઝનૂની સંગઠનો, સામાજિક શાંતિ પોતાના રોટલા શેકવા ડહોળી નાખે છે. રાજકારણીઓ અને ધાર્મિક ઝનૂનીઓની જેમ નાસ્તિકવાદીઓ પણ કયારેક તેમના નાસ્તિકવાદને પ્રસરાવવા ઝનૂની થાય છે.

નાસ્તિકવાદીઓ પોતાને રેશનલ તરીકે ઓળખાવે છે. તો શું આસ્તિકવાદીઓ રેશનલ નથી હોતા? એ તર્ક અને બુદ્ધિને ગિરવે મૂકીને ચાલે છે? સ્વામી વિવેકાનંદ, મહર્ષિ શ્રી અરવિંદ, ગુરુદેવ રવીન્દ્રનાથ, મહાત્મા ગાંધીજી, સંત વિનોબાજી આ બધા આસ્તિકવાદીઓ શું રેશનલ નહોતા? એ તર્ક અને બુદ્ધિથી જે તે પ્રશ્નોને નહોતા સમજતા? એ જ રીતે નાસ્તિકવાદીઓ પોતાને વિવેકપંથી તરીકે ઓળખાવે છે. તો ઇશ્વરમાં ન માનવું એનું નામ વિવેક? સાચા-ખોટાનો વિવેક દરેક બુદ્ધિશાળી કરતો જ હોય છે, પછી ભલે તે આસ્તિક હોય કે નાસ્તિક. આખરે તો આસ્તિકતા કે નાસ્તિકતા એ જે તે વ્યક્તિનું માનસિક વલણ છે. બંને પોત-પોતાની દૃષ્ટિએ સાચા છે. અને બંનેને પોતાની સમજ પ્રમાણે જીવવાનો - વર્તવાનો અધિકાર છે. બંનેએ સર્વધર્મ સમભાવની જેમ આસ્તિક - નાસ્તિકની એકબીજાની દૃષ્ટિનો આદર કરવો જોઇએ. નિંદા કે ઠેકડી ન કરવી જોઇએ.

હા, શ્રદ્ધા અને અંધશ્રદ્ધા બંને વચ્ચે આસમાન-જમીનનો ફરક હોય છે. સાચો આસ્તિક કદી અંધશ્રદ્ધા પોષતો નથી. જાદુ-ટોણા, બાધા-આખડી, તંત્ર - મેલીવિદ્યા, વશીકરણ વગેરેમાં એ ફસાતો નથી. લોભ, લાલચ, કે પૈસા માટે બીજાને પજવવા માટે થતાં આવાં ધતિંગ વખોડવાં જ જોઇએ. આસ્તિકવાદીની શ્રદ્ધા હોય છે કે કોઇ પરમતત્ત્વ છે, જે અવર્ણનીય છે. પણ તે સ્વસંવેદ્ય છે. ભલા એવી જેની અનુભૂતિ હોય તેનો નાસ્તિકવાદીઓને શા માટે વિરોધ હોવો જોઇએ? હા, તમારી ચેતનાને એવો અનુભવ નથી.

તમને જે સ્થૂળ છે તે જ સત્ય છે એમ લાગે છે તો તમારે માટે એ જ બરાબર છે. એટલે આસ્તિકવાદી અને નાસ્તિકવાદી બંને પોત-પોતાની ભૂમિકાએ સાચા છે. એકબીજાને પોતાના મતના કરવાનો વિતંડાવાદ જગાવવો એ બરાબર નથી. જેમ ધર્માંતરણ એ આવકાર્ય નથી, એમ આસ્તિકને નાસ્તિક બતાવવો કે નાસ્તિકને આસ્તિક બનાવવા ઝુંબેશ ચલાવવી એ પણ આવકાર્ય નથી. सर्वेषाम् अविरोधन

થોડીક પાદપૂર્તિઃ

બધા આસ્તિકોની પરમતત્ત્વ માટેની પ્રીતિ સકામ નથી હોતી. એમને એની પાસેથી કોઇ ભૌતિક સુખોની માંગ નથી હોતી. અરે, એમને મોક્ષ પણ જોઇતો હોતો નથી. તો પછી ભલા એવા લોકો શીદને એનું સ્મરણ કરતા હોય છે? સંસારી ભાષામાં વાત કરીએ તો - જેમ કોઇ પ્રેમીને એની પ્રિયતમાનું સ્મરણ આનંદ આપે છે એવો, બલ્કે એથી અનેક ગણો દિવ્ય આનંદ ભકતને ભગવાનનું સ્મરણ કરવામાં આવતો હોય છે. એની ભકિત, એનો પ્રેમ અહેતુકી હોય છે. એને યાદ કરીને, અરે એને યાદ પણ નથી કરવો પડતો, એ તો સહજભાવે સતત એના ચિત્તમાં એની યાદ રમ્યા જ કરતી હોય છે. કલાપીની ભાષામાં જ્યાં જ્યાં નજર મારી ફરે, ત્યાં ત્યાં યાદી ભરી છે આપની. એની સ્થિતિ सर्वम् वासुदेवं इति ની એની હોય છે. કબીરની ભાષામાં गूंगे साकर खाया નો ખેલ છે. ઘાયલકી ગત ઘાયલ જાને. ચેતનાના જે સ્તર પર હું અને તમે છીએ તે સ્તરથી જો આ વાત આપણને ન સમજાય તેથી એને જૂઠી કહેવી, દંભ કહેવો એ આપણી નાદાનિયત છે.

હા, કેટલાક સકામ ભકતો પણ હોય છે. તેઓ સંસારી સુખો માટે ભક્તિ કરે છે. અને ક્યારેક એમની આકાંક્ષા ફળીભૂત પણ થાય છે. તેનું રહસ્ય એ છે કે એને માટે ઇશ્વર કાંઇ કરતો-કારવતો નથી. પણ જે ફળે છે તે તો તેમની આત્મશ્રદ્ધા ફળે છે, જેની પૂંઠે એમનો પૂરો પરિશ્રમ હોય છે. વિનોબાજી કહેતા, મૂર્તિને પથરો માનવા જેટલો હું પથરો નથી. મૂર્તિની જ્યારે પ્રાણપ્રતિષ્ઠા થાય છે ત્યાર પછી જ ભક્તોને માટે એ ભગવાન બને છે, ત્યાં સુધી તો એ માત્ર એક શિલ્પકૃતિ હોય છે. પ્રાણપ્રતિષ્ઠા કરવાનો મતલબ છે, જે મૃણ્મય છે; તેનું ચિન્મય કરવું. આ છે મનુષ્યના પ્રાણની- આત્માની શક્તિ, જે આવી ચમત્કૃતિઓ કરી શકે છે.

નમું? તને? પથ્થરને?
નહીં, નહીં, નમું શ્રદ્ધાતણા આસનને.

આ રીતે આસ્તિક એની ભૂમિકાએ સાચો છે, તો નાસ્તિક પણ એની ભૂમિકાએ સાચો છે. એનું સત્ય એ છે કે એને માટે એનો દેહ એના મિકેનિકલથી બનેલું એનું મન પૂરતું પાવરફુલ છે. આ ઇન્દ્રિય જગત અને એના પદાર્થો એને પૂરતો આનંદ આપે છે. એને માટે ઇતિ અલમ્-પર્યાપ્ત છે. ભાઇ, નાસ્તિક મનુષ્યના પલ્લે પડેલું સત્ય-કુદરત-એમના પક્ષે સત્ય છે, એથી એમને સમાધાન છે. પણ આસ્તિકોને સાપેક્ષ સત્યથી સમાધાન નથી. એમનું મન કોઇક અગોચર અલ્ટીમેટ ટ્રુથ ઝંખે છે, જેને એ પરમસત્ય કહે છે. લૌકિક ભાષામાં એણે એનું નામ 'ઇશ્વર' રાખ્યું છે. તો એમાં નાસ્તિકોએ શા માટે વાંધો લેવો જોઇએ?

कोई काहुमें मगन, कोई काहुमें मगन
सब अपनी अपनी धूनमें लगन

માટે આસ્તિકોએ નાસ્તિકોને વટલાવવાની જરૂર નથી, તો નાસ્તિકોએ આસ્તિકોને. એ કામ ધર્માંધ ઝનૂનીઓ કરે છે. સત્યાન્વેષી પોતાની ભૂમિકા પર સ્થિર રહે, અસ્તુ! ■

***(વિશ્વમંગલમ્, અનેરા, હિંમતનગર, જિ. સાબરકાંઠા)***

---

*One of the best senses of "reason" and "reasonableness" is openness to criticism- readiness to be criticized and eagerness to criticize oneself,. . .and this critical attitude of reasonableness should be extended as far as possible. . . .Implicit in this attitude is the realization that we shall always have to live in an imperfect society. This is so not only because even very good people are very imperfect; nor is it because we do not know enough. Even more important than either of these reasons is the fact that there always exist irresolvable clashes of values: there are many moral problems which are insoluble because moral principles may conflict.*

*Clashes of values and principles may be valuable, and indeed essential for an open society. The fact that moral values or principles may clash does not invalidate them. Moral values or principles may be discovered, or even invented. They may be relevant to a certain situation, and irrelevant to other situations. They may be accessible to some people and inaccessible to others. But all this is quite distinct from relativism; that is, from the doctrine that any set of values can be defended.*

***Karl Popper, Unended Quest***

# લેબલવિહોણા

## ગુલાબ ભેડા

મુંબઈની લોકલ ટ્રેનનો પ્રવાસ કેટલો કપરો છે તે કંઈ આજે કહી સંભળાવવાની વાત નથી. ભીંસાવા માટે પણ જો ટ્રેનમાં ચડવા મળે અથવા ડાંડો પકડીને ઊભા રહેવા જેને મળે તે પોતાની જાતને જરૂર ધન્ય સમજે.

મારા જેવા અઠોતેરે પહોંચેલા વરિષ્ઠો તો ધસારાના સમયે ટ્રેનપ્રવાસ ટાળે એ જ એમની માનવસેવા ગણાય. હું મરજિયાત કહો તો મરજિયાત અને ફરજિયાત કહો તો ફરજિયાત એ સેવા બજાવું છું. સવારના ૧૧ પહેલાં અને સાંજે ૪ પછી ટ્રેનપ્રવાસ જો અનિવાર્ય હોય તો જ કરું છું અને તે પણ અઠવાડિયે એકાદ-બે વખત જ.

એવી જ એક સાંજે ચારના સુમારે મરીનલાઈન્સથી અંધેરીની લોકલ પકડી. બેસવાનો વિચાર તો ત્યારે પણ ના કરાય. પણ વ્યવસ્થિત ઊભા રહી શકાય તેવું ખરું. ધીમે ધીમે મારગ કરતો હું અંદર પ્રવેશ્યો.

મુંબઈવાસીઓ મારી એ વાતમાં જરૂર હકાર ભણશે કે આજના યુવાનોમાં વરિશ્ઠોને બેસવાની જગ્યા આપવા જેટલી સંસ્કારિતા વિકસી છે. મોટાભાગે મને એ રીતે બેસવાની જગ્યા મળી જતી હોય છે. તે દિવસે પણ એક યુવાને ઊભા થઈને મને કહ્યું હતું, 'આવો કાકા, અહીં બેસો.' અને હું આભારવશ એની પીઠ થાબડીને એની ખાલી કરેલી જગ્યા પર બેસી ગયો હતો.

ત્રણ સ્ટેશન વળોટીને મહાલક્ષ્મી સ્ટેશન આવ્યું. મારાથી ઉંમરમાં સાતેક વર્ષ મોટા ૮૪-૮૫ના દેખાતા એક એકવડિયા કાકાએ ગાડી પકડી અને મારી જેમ જ ધીમે ધીમે જગ્યા કરતા અંદર આવી બે સીટની વચ્ચે અદબ વાળી અર્ધબંધ નેત્રે શાંતિથી ઊભા રહી ગયા. મેં બરાબર જોયું. વારાફરતી બે યુવાનોએ ઊભા થઈને એમને જગ્યા આપવાનું કર્યું, પણ માત્ર ઈશારાથી જ ઈન્કાર કરીને તેઓ તેટલી જ સ્વસ્થતાથી ઊભા રહ્યા.

આઠમું સ્ટેશન વીલેપાર્લે ગયું એટલે તેઓ ધીમે ધીમે દરવાજા તરફ આગળ વધવા માંડયા. મારે પણ અંધેરી જ ઊતરવાનું હોઈને એમને અનુસર્યો. દરવાજા પાસે લગોલગ થઈ ગયા અને ઊતરતી વેળા મારા ખભે હાથ મૂકીને એ બોલ્યા, 'ભાઈ સંભાળીને ઊતરજો. પડી ના જવાય.' હું ચોંકયો. મારે એમને જે કહેવું જોઈએ તે એમણે મને કહ્યું.

અમે બન્ને એકમેકના હાથ પકડીને ઊતર્યા.

મેં એમને ખભે હાથ મૂકીને પૂછયું.

''વડીલ, એક વાત પૂછું ?''

''પૂછો.''

''પેલા બે યુવાનોએ તમને જગ્યા આપવાનું કહ્યું, પણ તમે બેઠા કેમ નહીં ? એમ નથી લાગતું કે યુવાપેઢીમાં એ રીતે વિકસતી સંસ્કારિતાને આપણે પ્રોત્સાહન આપવું જોઈએ ?''

''વાત તો ખરી છે, પણ હું જરા જુદી રીતે વિચારું છું.''

''કઈ રીતે ?''

''જો એ રીતે પણ કોઈક ઊભું થઈને જગ્યા આપશે તેવી લાલચ રાખીએ તો કયારેક એ રીતે જગ્યા ના મળે ત્યારે સંતાપ થાય. આપણને તો સ્વસ્થ ઊભા રહેવા મળે તોય ઘણું.''

અનાયાસે જ મારાથી મનોમન એમની સાથે મારી તુલના થઈ ગઈ. પ્રમાણિકપણે કહું તો મને એવી લાલચ રહેતી જ હોય છે. વાત બદલતાં મેં પૂછયું, ''વડીલ, તમારું નામ પૂછી શકું ?''

''હા. કાન્તિ જોશી.''

''કાન્તિભાઈ જોશી બરાબર ?''

''ના કાન્તિ જોશી. 'ભાઈ'ની તો હવે આબરુ જ કયાં રહી છે !''

''મહાલક્ષ્મી માતાનાં દર્શને ગયા હશો. કેમ ?''

એમની ઉંમરને અનુલક્ષીને મેં પૂછયું.

''હોય કાંઈ ! '' એમનો જવાબ. ''હું તો સ્ટેશનથી વીસેક મિનિટના અંતરે આવેલા એક કારખાને કામે જાઉં છું.''

''આ ઉંમરે ?''

''કેમ, એમાં શું વાંધો ? એક મિત્રના દીકરાનું કારખાનું છે. બપોરના ૧૨થી ૪ના ચાર કલાક ત્યાં થઈ શકે તેટલું કામ કરું છું અને એ અમને બે માણસને ચાલે તેટલું મહેનતાણું આપે છે. મિત્રનો એ દીકરો એટલો સારો છે કે કયારેક ના જવાય તો પણ ચાલે. પણ હું તો નિયમિત છું.''

સહેજે મારાથી પુછાઈ ગયું, ''સંતાન નથી ?''

''છે ને ! દીકરો મારો ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ છે. જુહુ પર રહે છે અને એનો દીકરો પણ કોલેજે મોટર લઈને જાય છે.''

''તોય તમારે ગુજરાન માટે મહેનત કરવી પડે ! દીકરો તમારી જવાબદારી લેવા તૈયાર નથી ?''

''એમ નથી. હું એના પર જવાબદારી નાખવા તૈયાર નથી. જાત ચાલે ત્યાં સુધી માણસે સ્વાવલંબી રહેવું જોઈએ.''

વાતમાં ને વાતમાં પુલ પરથી અમે છુટ્ટા પડયા. એ પશ્ચિમ તરફ વળ્યા અને હું પૂર્વ તરફ. મનોમન હું એમને માપવા માંડયો. અહો હો . . . મારાથી કેટલા ઊંચા ! નહીં તો માથાં કૂટવા માટે - ઉત્પાતમાં રહેવા માટે અસ્વસ્થ થવા માટે કેટલાં બધાં કારણો છે ! ધુમ તડકે કે વરસતા વરસાદે વીસ મિનિટનો પગરસ્તો કાપીને અંધેરી સ્ટેશને પહોંચવું. ગાડીમાં ઊભા ઊભા પ્રવાસ કરવો, મહાલક્ષ્મી ઊતરીને બીજી વીસ મિનિટનો પગરસ્તો કાપીને કારખાને પહોંચવું. ત્યાં કામ કરીને વળતો પાછો એ જ પ્રવાસ અને તે પણ ૮૪-૮૫ના એકવડિયા શરીરે. ધુમ કમાતા દીકરાના બાપ હોવા છતાં - ફરિયાદનાં આટઆટલાં કારણો હોવા છતાં કાન્તિભાઈ - ભૂલ્યો, કાન્તિ જોશી પૂર્ણ સ્વસ્થ ! આવી સ્વસ્થતા કયાંથી આવતી હશે?

એ ગૃહસ્થ રેશનાલીસ્ટ હશે કે કેમ તે પૂછવાની જરૂર મેં જોઈ નહીં કારણ એમના વ્યક્તિત્વમાંથી જ રેશનાલીઝમ ટપકતું હતું.

— — — — — — — — — — — — — — — — — — — — —

શનિવારની એ વહેલી સવાર હતી. અંધેરી સ્ટેશનથી ઘેર જવા રિક્ષા પકડી. હાઈવેના સિગ્નલ પર રિક્ષા રોકાઈ કે કિનારીએ ઊભેલા લીંબુ-મરચાં વેચતા બે-ત્રણ છોકરાઓ દોડી આવ્યા અને રિક્ષાચાલકને લીંબુ-મરચાં ખરીદવાનો આગ્રહ કર્યો. પણ એ માણસે એમની સામે પણ જોયું નહીં. મેં આ વાતની નોંધ લીધી.

ઘેર પહોંચી મીટર પ્રમાણે ચુકવણી કર્યા બાદ મેં એને એની મરાઠીમાં કહ્યું, ''દોસ્ત, જો તને સમય હોય તો એક વાત પૂછવી છે.''

મામૂલી મનાતા રિક્ષાચાલકને કોઈ દોસ્ત કહે તે જ એક રોમાંચ. વળી, પોતાની સાથે કોઈ વાત કરવા માગે છે એનાથી મોટો આનંદ માણસ માટે બીજો કયો હોય !

એન્જિન બંધ કરીને એ મારા તરફ ફર્યો, ''પૂછો સાહેબ, શું પૂછવું છે?''

''તેં લીંબુ-મરચાં કેમ ખરીદ્યાં નહીં ? શનિવારની સવારે તો લગભગ બધા જ વાહનધારકો ખરીદતા હોય છે. ''

''હું જાણું છું. પણ મને એની જરૂર નથી.''

''બધાને જરૂર હોય તો તને કેમ નહી ? મેં તો સાંભળ્યું છે કે એનાથી વાહનની સુરક્ષા થાય છે અને કમાણીમાં બરકત થાય છે.''

''હું એવું નથી માનતો'' કહેતાં મારી જિજ્ઞાસા જોઈને તેણે આગળ ચલાવ્યું, ''નાના મોઢે મોટી વાત લાગે તો માફ કરજો સાહેબ, પણ મારી રિક્ષા પર જરા બારિક નજર કરો. કોઈ દેવીદેવતાના ફોટા, ફૂલ, અગરબત્તી કે સિંદુરિયાં ધાર્મિક ચીતરામણો તમને દેખાય છે ? ''

મેં બારિક નિરીક્ષણ કરીને પૂછયું, ''દેખાતાં તો નથી. પણ કેમ ?''

''ધંધામાં ધર્મ ભેળવવાનું ધતિંગ મને જરૂરી નથી લાગતું. જો ઈમાનદારીથી જ ધંધો કરવો હોય તો ધર્મના ઢોંગ કરવાનું શું કામ ?''

''હું તારી વાત સમજ્યો નહીં.''

''સાંભળો સાહેબ, સવારે સાડા છ વાગ્યે રિક્ષા રસ્તા પર લાવતાં પહેલાં મીટરનો ફલેગ ઊંચો કરું છું અને રસ્તા પર આવતાં જે પહેલો માણસ હાથ ઊંચો કરીને રોકે એ મારો પહેલો ગ્રાહક. મારો ફલેગ કયાં તો ઊંચો હોય, કયાં નીચો ! આડાં ફલેગ કયારેય ના રાખું. ખાલી રિક્ષા રોકનારને કયાં જવું છે તેવું કયારેય પૂછતો નથી. રસ્તા પર આવેલા ભાડૂતી વાહનની માલિકી ગ્રાહકની હોય છે એમ હું માનું છું. ખિસ્સામાં રૂપિયાના સિક્કા છુટ્ટા રાખું છું અને 'છુટ્ટા નથી' કહીને કોઈનો એક રૂપિયો પણ હરામનો લેતો નથી. જરૂરથી થોડું વધારે કમાઈ લઈને સાંજે બનતા પ્રયત્ને સાડા છ વાગ્યે રિક્ષા બંધ કરું છું. પછી રિક્ષાને ભૂલીને બૈરી-છોકરાં અને અમારી બેઠી ચાલીના પાડોશીઓ સાથે આનંદ કરું છું. કહો, આમાં મને લીંબુ-મરચાંની જરૂર પડે ખરી ?''

શું કહું ? કહેવાનું બધું તો એણે જ કહી દીધું અને તે પણ વગર કહ્યે, કે નૈતિકતા અને પ્રમાણિકતા હોય ત્યાં ધાર્મિકતાની કોઈ જરૂર નથી.

જો ધ્યાનથી વાંચ્યું હોય તો વાચક મિત્રો, મારે તમને પૂછવું છે. આવું રેશનલ જીવન જીવનારાઓને કોઈ લેબલની જરૂર ખરી ?

આવા લેબલવિહોણા રેશનાલીસ્ટો અસંખ્ય હશે, . . . તેઓ જીવે છે તે જ રેશનલ જીવન છે.

***(વિવેકપંથી , મે-૨૦૧૦માંથી સાભાર)***

# ઇશ્વર ક્યાં છે?

પ્રોફેસર : તું આસ્તિક વૃત્તિ ધરાવે છે. બરાબરને દીકરા?

વિદ્યાર્થી : હા, સર.

પ્રોફેસર : તો તું ઈશ્વરના અસ્તિત્વમાં માનતો જ હશે.

વિદ્યાર્થી : ચોક્કસ સર.

પ્રોફેસર : શું ઇશ્વર સારો છે?

વિદ્યાર્થી : હા. ચોક્કસ.

પ્રોફેસર : શું ઇશ્વર સર્વશક્તિમાન છે?

વિદ્યાર્થી : હા. . .

પ્રોફેસર : મારા ભાઇએ ઇશ્વરને તેને કેન્સરની વ્યાધિમાંથી ઉગારી લેવા માટે ખૂબ પ્રાર્થના કરી. છતાં તે મૃત્યુ પામ્યો. આપણામાંના મોટા ભાગના અન્ય બીમારોને મદદ કરવા પ્રયત્ન કરે છે, પરંતુ ઇશ્વર તો આવું કરતો નથી. તો પછી ઇશ્વર સારો છે એમ કેવી રીતે કહી શકાય ?

(વિદ્યાર્થી શાંત રહ્યો)

પ્રોફેસર : તેં જવાબ ન આપ્યો? શું કહેવું છે? ચાલ ફરીથી શરૂ કરીએ, મિત્ર. શું ઇશ્વર સારો છે?

વિદ્યાર્થી : હા.

પ્રોફેસર : શું શેતાન સારો છે?

વિદ્યાર્થી : ના.

પ્રોફેસર : શેતાન ક્યાંથી આવે છે?

વિદ્યાર્થી : ઇશ્વર પાસેથી.

પ્રોફેસર : બરાબર. હવે મને કહે દીકરા કે દુનિયામાં કશું ખરાબ કે અનિષ્ટ છે?

વિદ્યાર્થી : હા.. .

પ્રોફેસર : અનિષ્ટ બધે જ છે, ખરું ને? અને ઈશ્વરે જ બધું નિર્માણ કર્યું છે, ખરું ને?

વિદ્યાર્થી : હા.

પ્રોફેસર : તો પછી અનિષ્ટનું સર્જન કોણે કર્યું?

(વિદ્યાર્થી જવાબ આપતો નથી.)

પ્રોફેસર : શું માંદગી, અનૈતિકતા, ધિક્કાર, ભય વગેરે ભયંકર બાબતો પણ જગતમાં અસ્તિત્વ ધરાવે છે, બરાબરને?

વિદ્યાર્થી : હા સર.

પ્રોફેસર : આ બધાનું સર્જન કોણે કર્યું ?

(વિદ્યાર્થી પાસે ઉત્તર નહોતો)

પ્રોફેસર : વિજ્ઞાન કહે છે કે આપણે પંચેન્દ્રિયોની સહાયથી આપણી આસપાસના જગતના પરિચયમાં આવીએ છીએ અને તેને ઓળખીએ છીએ. મને કહે . . .તેં કદી ઇશ્વરને જોયો છે?

વિદ્યાર્થી : ના સર.

પ્રોફેસર : તેં કદી ઇશ્વરને સાંભળ્યો છે?

વિદ્યાર્થી : ના સર.

પ્રોફેસર : તેં કયારેય ઇશ્વરને અનુભવ્યો છે? તેનો સ્વાદ માણ્યો છે કે તેની સુગંધ અનુભવી છે? તેં ક્યારેય ઇન્દ્રિયજન્ય સંવેદનોથી ઇશ્વરની કલ્પનાને સાકાર થતી અનુભવી છે?

વિદ્યાર્થી : મને દ્વિધા છે કે મેં આવું કંઇ અનુભવ્યું નથી.

પ્રોફેસર : અને છતાંય, હજુ સુધી ઇશ્વરમાં આસ્થા ધરાવે છે?

વિદ્યાર્થી : હા.

પ્રોફેસર : અનુભવજન્ય, સાબિતીજન્ય, નિર્ણય આધારિત, પ્રયોગોના આધારે વિજ્ઞાન કહે છે કે ઇશ્વર અસ્તિત્વ ધરાવતો નથી. આ અંગે તારે શું કહેવું છે?

વિદ્યાથી : કશું નહીં. મારી પાસે માત્ર મારી શ્રદ્ધા છે.

પ્રોફેસર : હા, શ્રદ્ધા.. . અને આ જ વિજ્ઞાનની સમસ્યા છે.

(થોડી સ્તબ્ધ, શાંત ક્ષણો પસાર થાય છે.)

વિદ્યાર્થી : પ્રોફેસર, ઉષ્મા જેવી કોઇ વસ્તુ છે ખરી?

પ્રોફેસર : હા.

વિદ્યાર્થી : અને ઠંડી જેવી પણ કોઇ વસ્તુ છે?

પ્રોફેસર : હા.

વિદ્યાર્થી : ના સર, એવું નથી.

(આખો વર્ગ ઘટનાના આવા પરિવર્તનીય વળાંકથી અવાક્ થઇ ગયો.)

વિદ્યાર્થી : સર, તમારી પાસે ઘણી બધી ઉષ્મા હોઇ શકે, વધુ ઉષ્મા, સુપરહીટ, મેગાહીટ, વ્હાઇટ હીટ, સાવ ઓછી ઉષ્મા અથવા તો બિલકુલ ઉષ્મા ન હોય. પરંતુ ઠંડી જેવું કંઇ તમારી પાસે ન હોય. આપણે શૂન્યથી નીચે ૪૫૮ ડિગ્રી સુધી જઇએ તો ત્યાં ગરમી નથી, પરંતુ આપણે તેથી વધારે નીચે ન

જઇ શકીએ. ત્યાં 'ઠંડી' એવી કોઇ વસ્તુ નથી. ઠંડી એ માત્ર એવો શબ્દ છે જેને આપણે ઉષ્માની ગેરહાજરી વર્ણવવા ઉપયોગમાં લઇએ છીએ. આપણે ઠંડીને માપી શકતા નથી. ઉષ્મા એ શક્તિ છે. ઠંડી એ ગરમીનો વિરોધી નથી, પરંતુ તેની ગેરહાજરી છે.

(વર્ગમાં પીનડ્રોપ શાંતિ છવાઇ ગઇ.)

વિદ્યાર્થી : 'અંધકાર' વિશે તમારું શું માનવું છે, પ્રોફેસર? અંધકાર જેવી કોઇ વસ્તુ છે?

પ્રોફેસર : હા, જો અંધકાર ન હોય તો રાત્રિ શું છે?

વિદ્યાર્થી : તમે ફરીથી ભૂલ કરો છો. સર, અંધકાર એ કશાકની ગેરહાજરી છે. તમારી પાસે ઓછો પ્રકાશ, સામાન્ય પ્રકાશ, તેજસ્વી પ્રકાશ, ચમકતો પ્રકાશ હોઇ શકે. . .પરંતુ જો તમારી પાસે સતત પ્રકાશ ન હોય તો, તમારી પાસે કશું જ ન હોય તેને અંધારું કહેવાય. બરાબર? વાસ્તવિક રીતે અંધકારનું અસ્તિત્વ નથી. જો તે હોત તો તમે અંધકારને વધુ ગાઢ અંધકાર બનાવવા સમર્થ હોત, એવું ન થઇ શક્યું હોત?

પ્રોફેસર : યંગમેન, તું શું મુદ્દો ઊભો કરી રહ્યો છે ?

વિદ્યાર્થી : મારો મુદ્દો તમારા તાત્ત્વિક તર્કને પડકારવાનો છે.

પ્રોફેસર : મારા તર્કમાં ક્ષતિ શોધવાનો ? કેવી રીતે ?

વિદ્યાર્થી : સર, તમે દ્વૈતના તર્ક પર દલીલ કરી રહ્યા છો. તમે દલીલ કરો છો કે જીવન અને મરણ પણ છે. સારો ઇશ્વર અને ખરાબ ઇશ્વર.. તમે ઇશ્વરની સંકલ્પનાને કશાક સીમિતમાંથી જોઇ શકાય તેવા દૃષ્ટિકોણથી પ્રદર્શિત કરો છો. સર, વિજ્ઞાન વિચારને પણ સમજાવી શકતું નથી. તે વિદ્યુત અને ચુંબકત્વનો ઉપયોગ કરે છે, પણ કદી તેને જોયું નથી. મૃત્યુ કોઇ પદાર્થ સંબંધી કે અસ્તિત્વસૂચક વસ્તુ નથી.

મૃત્યુ એ જીવનનું વિરોધી નથી, પરંતુ માત્ર તેની ગેરહાજરી છે. હવે મને કહો, પ્રોફેસર, તમે વિદ્યાર્થીઓને મનુષ્યની ઉત્ક્રાંતિ વાનરમાંથી થઇ હોવાનું શીખવો છો?

પ્રોફેસર : જો ડાર્વિનના ઉત્ક્રાંતિવાદના સિદ્ધાંતનો સંદર્ભ હોય તો હું ચોક્કસ એવું શીખવું છું.

વિદ્યાર્થી : હજુ સુધી કોઇએ ઉત્ક્રાંતિની પ્રક્રિયાનું નિરીક્ષણ કર્યું નથી, અને તેને હજુ કાર્યરત પ્રક્રિયા તરીકે કોઇ સાબિત કરી શકે નહીં. તો, પ્રોફેસર તમે માત્ર તમારો અભિપ્રાય શીખવતા નથી? તમે વિજ્ઞાની નહીં પરંતુ ધર્મોપદેશક છો, એવું નથી લાગતું?

(વર્ગમાં કોલાહલ થવા લાગ્યો.)

વિદ્યાર્થી : વર્ગમાં એવો કોઇ વિદ્યાર્થી છે જેણે પ્રોફેસર સાહેબનું મગજ જોયું હોય?

(વર્ગમાં હાસ્યનું મોજું ફરી વળ્યું.)

વિદ્યાર્થી : પ્રોફેસરના મગજને સાંભળ્યું હોય તેવા કોઇ વિદ્યાર્થી છે? એમના મગજને સ્પર્શ કર્યો હોય? સૂંઘ્યું હોય કે અનુભવ્યું હોય?

સર, તમારા પ્રત્યે સંપૂર્ણ સન્માન સહ પૂછું કે અમે તમારા લેક્ચર્સ પર કઇ રીતે વિશ્વાસ કરીએ?

(વર્ગમાં શાંતિ છવાઇ ગઇ. પ્રોફેસર વિદ્યાર્થી સામે તાકી રહ્યા. તેમનો ચહેરો ગંભીર થઇ ગયો.)

પ્રોફેસર : મને લાગે છે દીકરા, તું આ બધાને આધારે શ્રદ્ધા તરફ ઝૂકી રહ્યો છે.

વિદ્યાર્થી : હા. એ જ સર. માનવ અને ઇશ્વર વચ્ચેની સાંકળ શ્રદ્ધા જ છે. ■

***(સંવાદ કરનાર વિદ્યાર્થી આલ્બર્ટ આઈન્સ્ટાઈન હતાં.(ઈ-મેઈલ પરથી સારાનુવાદઃ નીપા ભરૂચા, 'સંદર્ભ'અંક ૧૪માંથી સાભાર)***

---

***પાન - ૪૨ પરથી ચાલુ***

પણ સ્મશાનભૂમિનો ચહેરો બદલાઈ રહ્યો હતો. વાતાવરણ રમ્ય-હળવું બનાવવાની કોશિશ થઈ રહી હતી. લોકો સ્મશાનભૂમિને જીવનના અંગ તરીકે જુએ એવો સીનારીઓ સર્જવાનો કસબ લઈ નિષ્ણાતો અને ટ્રસ્ટીઓ મંડી પડયા હતા અને રૂખી સમજતી થઈ હતી કે માતા-પિતા ગોપુને બોલાવી અહીં ગોઠવી દેવા માંગતા હતા. ટ્રસ્ટીઓ નીતિમત્તાના આગ્રહી હતા. રૂખીનો જીવનસંઘર્ષ, એની વર સાથેની મથામણ, માતા-પિતા જેવી જ જીવનશૈલી એમને કોઈપણ અકળ કારણસર સ્વીકૃત ન રહી.

અને એક દિવસ રૂખીને કહી દેવાયું કે તે અહીં ન રહી શકે. રૂખીએ ખીંટીએથી થેલી ઉતારી, મા-બાપ તરફ જોયું યે નહીં, શહીદની ખાંભી અને મહાદેવના દહેરા તરફ પળવાર નજર નાખી એણે સ્મશાનની બહાર પગ મૂક્યો - પોતાનું જીવન પોતાની રીતે જીવવાના મક્કમ નિર્ધાર સાથે. એને થયું કે મુક્તિની ખોજ માટે કઈ શહીદી સારી -આ? ■

***(જલારામ મંદિર પાછળ, જલારામ રોડ ક્રોસ લેન, શિવમ સોસાયટીની બાજુમાં, વલસાડ. ફોન નં. ૦૨૬૩૨-૨૫૧૫૪૬)***

# મુક્તિની ખોજ

## બકુલા ઘાસવાલા

મહાદેવનું દહેરું અને શહીદની ખાંભી આગળ પળવાર ઊભા રહી રૂખીએ ઘરમાં પ્રવેશ કર્યો ત્યારે મા રોટલા ઘડતી હતી, સાંજ પડી ચૂકી હતી. માએ એના તરફ નવાઈથી જોઈ પૂછ્યું, 'હમણાં'? રૂખીએ જવાબ આપ્યો, દર વખતની જેમ જ, 'બાપા કાં છે ?' માએ કહ્યું, 'પેલી' મેર જ છે, આજે તો કામ જ બો ઉ'તુ, ઉં હો અમણાં જ આવી રોટલા ઘડવા બેઠી'.

રૂખીએ થેલી ખીંટી પર ટીંગાડી ને પછી એ બાપાની બાજુમાં જઈ ઊભી રહી ત્યારે અગ્નિની જવાળાઓ ભક ભક થતી હતી, થોડા લોકો ત્યાં ઊભા હતા અને કદાચ રૂખીને જાણતા પણ હશે તેથી જરાતરા ચહલપહલ થઈ પણ ખાસ કોઈ બોલ્યું નહીં. રૂખીએ ચૂપચાપ પિતાને મદદ કરવાની શરૂ કરી. એણે પિતાના મોઢા પર રાહતની લાગણી જોઈ. બાળપણથી જ એ આ કામથી ટેવાયેલી હતી. હમેશાં બાપુને મદદ કરવાનું એને ગમતું. એને એમ લાગતું કે એકલા પડી જતા બાપુ એને બાજુમાં જોઈ રાહત અનુભવતા. કામ પણ તો એવું જ હતું, મૃતદેહોને બાળવાનું, કોઈ કોઈ વાર તો એકી સાથ બે-ત્રણ-ચાર મૃતદેહો સામટા પણ આવી જતા. અને તે દિવસે તો બાપા અચૂક નશામાં ચકચૂર થઈ જતા, રૂખી પણ મા સાથે બાપાની બાજુમાં બેસી જતી અને બીડીનો અને દારૂનો ચહકો કરી લેતી, કદાચ આખી દિનચર્યા ભૂલવાનો એ એમનો ઉપાય હતો. અને પછી પણ કામ આવી પડે તો એમણે કરવું પડતું.

આજે પણ એવું જ હતું. બધું કામ પૂરું કરી પરવારી બાપ-દીકરી ઘર તરફ વળ્યાં. માને તો ખ્યાલ આવી જ ગયો હતો કે રૂખીના વરનું કોઈ પાછું પરાક્રમ હશે એટલે એણે વાત ન ઉખેળી પણ પછી બાપાએ પૂછ્યું એટલે રૂખીએ કહ્યું કે કમાવાની દાનત ની મલે ને ઉપરથી મારવા લે એટલે કેટલું વેઠે ? મા-બાપ પણ જાણતાં કે મહાણમાં મોટી થયેલી રૂખી મજબૂત મનની અને કોઈનો પણ તુંકાર ખમે તેવી ન હતી તો પછી માર તો ખમે જ કયાંથી ? અને દર વખતની જેમ જ રૂખી મા-બાપ સાથે મહાણના જીવનમાં ગોઠવાઈ ગઈ. રૂખી હોય એટલે માને ઘરની અને બાપાને મહાણના કામની અડધી ચિંતા ઓછી થઈ જતી. આમ પણ ગોપાલને તો તેના મામાને ત્યાં ભણવા મૂકયો હતો. એમ તો રૂખી પણ 'ફાઈનલ પાસ' હતી, બાપા વતી બધું જ કામ કરતી અને પૈસો પણ ઓછોપાછો થવા દેતી નહીં એટલે બધાંના રૂખી પર ચાર હાથ રહેતા. વળી નનામી સાથે જે કાંઈ ચાપુચપટી 'છાબડી' કે એવું કાંઈ પણ આવતું તે રૂખી ને એની મા વાપરી નાખતા.

રૂખીને મહાણનું જીવન લે'રથી જીવવા જેવું લાગતું. એનું અને એના ભાઈનું તો આ જન્મસ્થળ હતું. જ્યાં જીવન સમાપ્ત થતું ત્યાં એમનું જીવન પાંગરતું હતું. લગન પણ અહીં જ થયાં હતાં અને વરથી કંટાળતી ત્યારે અહીં જ આવતી અને પેલો કાલાવાલા કરે, કરગરે ત્યારે જ પાછી પણ જતી. શરૂઆતમાં તો કોઈપણ કારણસર એ પડયું પાનું નીભાવવા પર હતી. પણ હવે કંટાળી હતી. એ જો સામી થાય તો પેલો નરમ થઈ જાય એમ એ જાણતી છતાં એ વરને 'મરદ' થવા દેતી. આમ ને આમ ત્રણ ચાર વરસ થયા હતાં. આ વખતે વરને છોડી જ દેવાનું નક્કી કરીને એ આવી હતી એટલે એણે પેલાને મચક ન જ આપી. થોડા થોડા વખતે એ રૂખીને લેવા આવી પહોંચતો અને તમાશો થઈ જતો. રૂખી પણ એને સીધો કરી નાખતી. મા-બાપને એ પોતાની વાતમાં પડવા ન દેતી. એ કામગરી હતી અને પહોંચી વળે એવી હતી એટલે કોઈ એને છેડતું નહીં. પરંતુ જ્યારે જ્યારે 'તમાશો' થઈ જતો ત્યારે એ પણ બાપાની જેમ જ બધું ભૂલવા પ્રયત્ન કરતી. કોઈવાર એ રાતના 'શો'માં ફિલમ જોવા ચાલી જતી. એને બીક તો કયારેય સ્પર્શતી નહીં ને એને કોઈ છેડી પણ ન શકતું. પોતાની મરજીથી કોઈના તરફ 'અહવું' હોય તો એ 'અહી' લેતી પણ બીજાની તો મજાલ જ નહીં કે એની સામું નજર પણ મેળવે. મોટાભાગે એને પુરુષો સાથે જ કામનો પનારો પડે. સ્મશાનમાં સ્ત્રીઓ તો આવે જ નહીં. સ્મશાનમાં પહેલી જ વાર આવેલા કે કયારેક લાગણી ભીના થઈ જતા પુરુષોને એ જોતી ત્યારે એને નવાઈ લાગતી. અને એને કામ કરતી જોઈ પેલા લોકોને પણ.

એક વાર તો એને પણ હચમચાવી કાઢે એવી ઘટના બની. વરનું કાસળ કાઢી નાખનારી એક સ્ત્રીને લઈને પોલીસો પેલી સ્ત્રીના વરના મૃતદેહને બાળવા લાવેલા. પેલી સ્ત્રીની બાજુમાં ઊભા રહી રૂખીએ એને અગ્નિસંસ્કાર અપાવવા મદદ કરી ત્યારે રૂખીને કોણ જાણે કેમ પેલી સ્ત્રી પર એકદમ સહાનુભૂતિ થઈ આવી. ભાવવિહીન ચહેરાવાળી એ સ્ત્રીની સ્થિતિ એવી તે કેવી થઈ હશે ! રૂખીએ વિચાર્યા કર્યું. આટલી હદે જવું પડે એ જીવનની વાસ્તવિકતા શું હશે ? પણ પછી સત્ય શું હતું અને એ સ્ત્રીનું જીવન કેવી રીતે જિવાયું હશે તે ખબર ન જ પડી. આમ પણ અહીં સમાપ્ત થતા જીવન વિશે કયારે કોને ખબર પડતી હતી !

સમય આમ જ પસાર થતો હતો અને થઈ જશે એવું જ એ માનતી.

*અનુસંધાન પાન - ૪૧ પર*

*Life, Liberty, Property - that is what Man is. Of these three things one may say, without any demagogic quibbling, that they are anterior and superior to all human legislation.*
*It is not because men have passed laws that life, liberty and property exist. On the contrary, it is because life, liberty and property already exist that men make laws.*

*Frederic Bastiat, The Law, 1850*


*…(T)he conception of the Rule of the Law is sometimes confused with the requirement of mere legality in all government action. The Rule of the Law, of course, presupposes complete legality, but this is not enough: if a law gave the government unlimited power to act as it pleased, all its actions would be legal, but it would certainly not be under the Rule of the Law. The Rule of the Law …requires that all laws conform to certain principles.*

*F. A. Hayek, The Constitution of Liberty, 1960*

*The future is very open and depends upon us, on all of us. It depends on what you and I and many other people do, today, tomorrow and the day after tomorrow. And what we do depends in turn on our ideas and wishes, on our hopes and fears. It depends on how we see the world, and how we assess the open possibilities of the future.*
*This means we have a great responsibility, which becomes even greater when we realize the following truth: we know nothing, or rather, we know so little that we can safely define that little as 'nothing', because it is nothing in comparison with what we would need to know to make the right decisions.*

*Karl Popper, The Lesson of this Century, 1997*

RNI No. GUJMUL/2007/21517






Khoj - Jeevan Ek Avirat Khoj September-October 2010 Volume 4 Issues 5
Editor : Ambrish Mehta
Published and Printed by Ambrish Mehta on behalf of Action Research in Community Health and Development, E-702, Samrajya Complex, Vadodara - 390002. Printed at Vishal Offset, Sardar Estate, Vadodara